પાના -૮, કિંમત રૂ.૨, તા. ૦૮-૦૭-૨૦૨૫- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૮૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# આવતી કાલે ટ્રેડ યુનિયનોની રાષ્ટ્રવ્યાપી હડતાળ

## કેન્દ્ર સરકારની મજૂર - ખેડૂત અને દેશ વિરોધી કોર્પોરેટ નીતિ સામે કેન્દ્રીય ટ્રેડ યુનિયનોની લડત : હડતાળમાં ૨૫ કરોડ કામદારો જોડાશે

**નવી દિલ્હી,તા.૦૮**

કેન્દ્ર સરકારની મજૂર-ખેડૂત વિરોધી અને દેશ વિરોધી કોર્પોરેટ નીતિ સામે આવતીકાલે તા.૯ ને બુધવારના કેન્દ્રીય ટ્રેડ યુનિયનોએ બાયો ચડાવી રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન આપેલ છે. જેમાં બેંકિંગ, વીમા, કોલસા ખાણકામ, હાઈવે અને બાંધકામ ક્ષેત્ર સહિતના વિવિધ ઉદ્યોગોના ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ જોડાશે. આ હડતાળને કારણે સમગ્ર દેશમાં આવશ્યક સેવાઓ મોટા પાયે પ્રભાવિત થઈ શકે છે.

દસ કેન્દ્રીય મજૂર સંગઠનો અને તેમના સંલગ્ન એકમોના એક મંચ દ્વારા 'સરકારની મજૂર વિરોધી, ખેડૂત વિરોધી અને દેશ વિરોધી કોર્પોરેટ નીતિઓનો વિરોધમાં 'ભારત બંધ'નું એલાન કરવામાં આવ્યું છે.

ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસના અમરજીત કૌરે આ અંગે જણાવ્યું હતું કે, "૨૫ કરોડથી વધુ કર્મચારીઓ આ હડતાળમાં ભાગ લેશે.'' તેમણે વધુમાં જણાવ્યું કે, "દેશભરમાં ખેડૂતો અને ગ્રામીણ કામદારો પણ આ વિરોધ પ્રદર્શનનો ભાગ બનશે.''આ બાબતે હિંદ મઝદૂર સભાના હરભજન સિંહ સિદ્ધુએ પણ જણાવ્યું હતું કે, આ હડતાળને કારણે બેંકિંગ સેવાઓ, ટપાલ સેવાઓ, કોલસા ખાણકામ, કારખાનાઓ, અને રાજ્ય પરિવહન સેવાઓ જેવી મહત્વપૂર્ણ જાહેર સેવાઓ પ્રભાવિત થશે.

મજૂર સંગઠનોએ આરોપ લગાવ્યો છે કે. સરકારે છેલ્લા ૧૦ વર્ષથી વાર્ષિક શ્રમ પરિષદનું આયોજન કર્યું નથી અને કાર્યબળના હિત વિરુદ્ધ નિર્ણયો લઈ રહી છે. તેમણે 'વ્યવસાય કરવાની સરળતા'ના નામે સામૂહિક સોદાબાજીને નબળી પાડવા, મજૂર સંગઠનોની પ્રવૃત્તિઓને લકવાગ્રસ્ત કરવા અને નોકરીદાતાઓને લાભ આપવા માટે ચાર શ્રમ સંહિતા લાગુ કરવાનો પ્રયાસ કરી રહી છે.

દેશમાં બેરોજગારી વધી રહી છે. આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે. વેતન ઘટી રહ્યું છે. શિક્ષણ, આરોગ્ય અને મૂળભૂત નાગરિક સુવિધાઓમાં સામાજિક ક્ષેત્રના ખર્ચમાં ઘટાડો થઈ રહ્યો છે. આ બધા પરિબળો ગરીબો, ઓછી આવક ધરાવતા જૂથો તેમજ મધ્યમ વર્ગ માટે વધુ અસમાનતા અને વંચિતતા પેદા કરી રહ્યા છે.

ફોરમે જણાવ્યું કે સરકારે 'કલ્યાણ રાજ્ય'નો દરજ્જો છોડી દીધો છે અને વિદેશી તેમજ ભારતીય કંપનીઓના હિતમાં કામ કરી રહી છે. કામદાર સંગઠનો જાહેર ક્ષેત્રના સાહસો અને જાહેર સેવાઓના ખાનગીકરણ, આઉટર્સોસિંગ, કરાર અને કામચલાઉ કાર્યબળ નીતિઓ' સામે પણ લડી રહ્યા છે.તેમના મતે, સંસદ દ્વારા પસાર કરાયેલા ચાર શ્રમ સંહિતાનો હેતુ કામદાર સંગઠનોના આંદોલનને દબાવવા, કામના કલાકો વધારવા, સામૂહિક સોદાબાજી અને હડતાળના અધિકારને છીનવી લેવા તેમજ નોકરીદાતાઓ દ્વારા શ્રમ કાયદાના ઉલ્લંઘનને ગુનાહિત જાહેર ન કરવા માટે છે.



અમેરિકાનાં પ્રવાસે પહોંચેલા ઈઝરાયેલનાં વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુએ નોબેલ પીસ માટે ટ્રમ્પને યોગ્ય ઉમેદવાર બતાવતા કહયું હતું કે તેમને આ પુરસ્કાર મળવો જોઈએ. ઈઝરાયેલી પીએમએ એ પત્ર પણ ડોનાલ્ડ ટ્રમ્પને સોંપ્યો હતો.

# ગુજરાતમાં વરસાદનો વિરામ બે દિવસ હળવા ઝાપટા પડશે

## દક્ષિણ ગુજરાતમાં મધ્યમ વરસાદ પડવાની આગાહી

**અમદાવાદ,તા.૦૮**

ગુજરાતમાં ચોમાસાની શરૂઆતની સાથે જ મેઘ મહેર જોવા મળી રહી છે. જોકે, આજે બપોર સુધી મેઘરાજા થોડા ખમૈયા કરી શકે તેવી સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બપોરે ૧ વાગ્યા સુધી સૌરાષ્ટ્રના બે જિલ્લામાં ઓરેન્જ એલર્ટ છે અને બાકીના જિલ્લાઓમાં યલો એલર્ટ છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બપોરે ૧ વાગ્યા સુધી ભાવનગર અને અમરેલીમાં ઓરેન્જ એલર્ટ રહેશે. જ્યાં તેજ પવન સાથે ભારે વરસાદ જોવા મળશે. આ સિવાય રાજ્યભરમાં બાકીના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યાં હળવાથી મધ્યમ સ્તરે છૂટોછવાયેલો વરસાદ જોવા મળશે. નોંધનીય છે કે, આવનારા બે દિવસમાં વરસાદમાં રાહત મળી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ, બુધવાર અને ગુરૂવાર (૯-૧૦ તારીખ) દક્ષિણ ગુજરાતના તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં યલો એલર્ટ છે, જેથી ત્યાં મધ્યમ સ્તરે વરસાદ જોવા મળી શકે છે. આ સિવાય રાજ્યના અન્ય વિસ્તારોમાં વરસાદમાં રાહત મળશે.

# ભારત-અમેરિકા વચ્ચે બહુ જલ્દી ટ્રેડ ડીલ થઈ જશે : ડોનાલ્ડ ટ્રમ્પ

## તા.૯ જુલાઈની ડેડ લાઈનમાં વધારો કરવાનો વ્હાઈટ હાઉસનો સંકેત

**વોશિંગ્ટન, તા. ૮**

અમેરિકામાં ફરી એક વખત સત્તા સંભાળ્યા બાદ હાથમાં ટેરીફ બોમ્બ લઈને સૌ કોઈને ધમકાવી રહેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે તેના ખાસ સાથીદાર જાપાન અને દક્ષિણ કોરીયા સહિતના ૧૪ દેશોએ અમેરિકા સાથે વ્યાપાર સમજુતી નહી કરતા તેમના પર ૪૦ થી ૫૦ ટકાના ટેરીફ લગાવવાની જાહેરાત કરી છે અને ૧ ઓગષ્ટથી અમલી બની જશે.

તો બીજી તરફ ભારત સાથેના બહુ જલ્દી ટ્રેડ ડીલ થઈ જશે તેવી જાહેરાત કરીને ટ્રમ્પે જણાવ્યું હતું કે બંને દેશો આ પ્રકારના કરાર કરવાની અત્યંત નજીક છે. અમેરિકા તા. ૯ જુલાઈની ડેડલાઈન પણ વધારી શકે છે. તેવો સંકેત વ્હાઈટ હાઉસના પ્રવકતા કેરોલીયન લેવીડે આપ્યો હતો જેના કારણે બંને દેશો વચ્ચે વાટાઘાટ માટે વધુ સમય મળી રહે તેવી શકયતા છે.

અમેરિકી રાષ્ટ્રપતિએ ગઈકાલે ૧૪ દેશો પર ટેરીફ અંગેના ટ્રેડ લેટર સહી કરી હતી અને તે જે તે દેશોને મોકલી દેવાયા છે જેમાં આર્થિક અને ટેકનોલોજીની દ્રષ્ટિએ સમૃધ્ધ જાપાન અને દક્ષિણ કોરીયાનો સમાવેશ થાય છે. ટ્રમ્પના આ પગલામાં તેઓએ જોકે હજુ પણ વાટઘાટની જોગવાઈ રાખી છે.

વ્હાઈટ હાઉસમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે અમે બ્રિટન અને ચીન સાથે વ્યાપાર સમજુતી કરી લીધી છે અને ભારત સાથે તે કરવાની અત્યંત નજીક છીએ અત્રે એ ઉલ્લેખનીય છે કે અગાઉ તા.૯ જુલાઈ પૂર્વે વ્યાપાર કરારની ડેડલાઈન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આપી છે અને હવે તેમાં બંને દેશો વચ્ચે હાલ મીની ટ્રેડ ડીલ થાય છે કે પછી એકંદરે પુરેપુરી વ્યાપાર સમજુતી થઈ જશે તેના પર સૌની નજર છે.

ટ્રમ્પે જે રીતે તેના મિત્ર દેશોને પણ ટેરીફમાં કોઈ ઘટાડો કર્યો નથી તેથી ભારત માટે હવે તેઓ કેવું વલણ અપનાવે છે તેના પર નજર છે. બંને દેશો વચ્ચે કૃષિ અને ડેરી એક ક્ષેત્રમાં મડાગાંઠ હોવાનું માનવામાં આવે છે.

અમેરિકા તેના ડેરી અને કૃષિ ક્ષેત્ર માટે ભારત તેના દરવાજા ખોલી નાખે તેવી માંગણી કરી છે અને સાથોસાથ એ પણ દબાણ લાવી રહી

અનુસંધાન પાના ૭ પર

# મરાઠી વિવાદ મુદ્દે મહારાષ્ટ્રની ફડણવીસ સરકાર ચિંતાગ્રસ્ત

## ઠાકરે બંધુઓ એક થતા મહાયુતિ સરકારની મુશ્કેલી વધી



**મુંબઈ,તા.૦૮**

મરાઠી ભાષા પર ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેની એકતા મહારાષ્ટ્રની સરકાર માટે જોખમી બની છે. ઠાકરે બંધુ એકજૂટ થતાં શિવસેનાના નેતા અને ઉપ મુખ્યમંત્રી એકનાથ શિંદે પોતાનો જનાધાર ગુમાવી રહ્યા હોવાનું અનુભવી રહ્યા છે. રાજ્યમાં હવે મરાઠા પર રાજનીતિ કરતાં ત્રણ પક્ષ એક્ટિવ થયા છે. તમને જણાવી દઈએ કે, શિંદે પણ મરાઠા કાર્ડ પર ચૂંટણી લડે છે. હવે મનસે અને શિવસેના (યુબીટી) પણ મરાઠા કાર્ડ પર જોર-શોરથી રાજનીતિ રમી રહી છે. બીજી તરફ મરાઠી ભાષા પર રાજ-ઉદ્ધવ ઠાકરેના સમર્થકોની અટકાયતનો સરકારના જ મંત્રીએ વિરોધ કર્યો છે. જેથી મહાયુતિનું ટેન્શન વધ્યું છે.

શિવસેનાએ મરાઠી ભાષા મુદ્દે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના લોકોનો આકરો વિરોધ નોંધાવ્યો છે. મીરા ભાયંદર પોલીસે આજે સવારે મોટી સંખ્યામાં મનસેના

અનુસંધાન પાના ૭ પર

# ટેક્સાસમાં અતિભારે વરસાદ બાદ પુરમાં મૃત્યુઆંક ૧૦૦ને પાર

## પુરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે ટ્રમ્પ

**ટેક્સાસ (અમેરિકા),તા.૮**

અમેરિકાના ટેક્સાસમાં ભારે વરસાદને કારણે આવેલા પૂરમાં ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા છે અને ઘણા લોકો હજુ પણ ગુમ છે, જેમાં કેમ્પમાં ગયેલી છોકરીઓનો પણ સમાવેશ થાય છે. વહીવટીતંત્ર લોકોને બચાવવા માટે મોટા પાયે બચાવ કામગીરી ચલાવી રહ્યું છે.

કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પ આ અઠવાડિયાના અંતમાં પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ શકે છે. જોકે, ટ્રમ્પની મુલાકાત અંગે હજુસુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

કેર કાઉન્ટીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ખરાબ રીતે પ્રભાવિત કેર કાઉન્ટીમાં જ્યાં કેમ્પ મિસ્ટિક અને અન્ય ઘણા સમર કેમ્પ આવેલા છે, શોધકર્તાઓને ૨૮ બાળકો સહિત ૮૪ લોકોના મૃતદેહ મળ્યા છે. મધ્ય ટેક્સાસમાં મૃત્યુઆંક અત્યાર સુધીમાં ઓછામાં ઓછો ૧૦૪ થઈ ગયો છે.સીબીએસ ન્યૂઝના અહેવાલ મુજબ, કટોકટી ટીમો ગુમ થયેલા લોકોને શોધવા અને અનેક કાઉન્ટીઓમાં નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ૨૪ કલાક કામ કરી રહી છે. અધિકારીઓએ સોમવારે ચેતવણી આપી હતી કે જેમ જેમ વધુ વિસ્તારોમાં પહોંચવામાં આવશે અને શોધખોળ ચાલુ રહેશે, તેમ તેમ મૃત્યુઆંક વધવાની શક્યતા છે.

આ ઉપરાંત વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે સ્થાનિક અને ફેડરલ હવામાન સેવાઓએ પૂર પહેલા કેર કાઉન્ટી સમુદાયને પૂરતી ચેતવણી આપી હતી.તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ અઠવાડિયાના અંતમાં ટેક્સાસમાં પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે. તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ શુક્રવારે મુલાકાત લઈ જઈ શકે છે, પરંતુ આ સંદર્ભમાં હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

# ફ્યુચર - ઓપ્શનના વેપારમાં ૯૧ ટકા ઇન્વેસ્ટરોને ખોટ

## ફ્યુચર એન્ડ ઓપ્શન ટ્રેડિંગ અંગે સેબીનો ખુલાસો

**નવી દિલ્હી,તા.૮**

શેરબજારના ફ્યુચર્સ અને ઓપ્શન્સ સેગમેન્ટમાં, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં લગભગ ૯૧ ટકા વ્યક્તિગત વેપારીઓએ નુકસાન સહન કર્યું હતું. સોમવારે સેબી દ્વારા બહાર પાડવામાં આવેલ એક માહિતીમાં આ વાત જણાવવામાં આવી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં પણ આવો જ ટ્રેન્ડ જોવા મળ્યો હતો.

માહિતી મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં વ્યક્તિગત વેપારીઓનું ચોખ્ખું નુકસાન ૪૧ ટકા વધીને રૂ. ૧,૦૫,૬૦૩ કરોડ થયું હતું જે એક વર્ષ પહેલા રૂ. ૭૪,૮૧૨ કરોડ હતું. માહિતીમાં જણાવાયું છે કે, ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ સેગમેન્ટમાં વ્યક્તિગત વેપારીઓના નફા અને નુકસાનનું વિશ્લેષણ દર્શાવે છે કે એકંદરે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં લગભગ ૯૧ ટકા વ્યક્તિગત વેપારીઓએ ચોખ્ખું નુકસાન સહન કર્યું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં પણ આવો જ ટ્રેન્ડ જોવા મળ્યો હતો. સેબીએ આ વિશ્લેષણ ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ સેગમેન્ટમાં ટ્રેડિંગ પ્રવૃત્તિઓની સમીક્ષાના ભાગ રૂપે કર્યું છે. તેનો હેતુ ૧ ઓક્ટોબર, ૨૦૨૪ થી લાગુ કરાયેલા નવા

અનુસંધાન પાના ૭ પર

# ઈન્કમટેક્સ ભરવા માટે 'ટેક્સ અસીસ્ટ' નવુ સુવિધા ટુલ શરૂ

## આવકવેરા પ્રક્રિયા વધુ સરળ અને પારદર્શક બનશે

**નવી દિલ્હી,તા.૮**

આવકવેરા વિભાગે કરદાતાઓને રાહત આપવા માટે 'ટેક્સ અસીસ્ટ' નામથી નવી સુવિધા ટુલ શરૂ કરવામાં આવ્યું છે. તેની મદદથી કરદાતા પોતાના કોઈપણ સવાલનો સરળતાથી સમાધાન મેળવી રિટર્ન દાખલ કરી શકે છે.

આ નવા ટુલનાં બારામાં આવકવેરા વિભાગે કહ્યું છે કે, 'ટેક્સ આસીસ્ટંટ'ની શરૂઆત બધા પ્રકારની કર સંબંધી ચિંતાઓને દુર કરવા માટે કરવામાં આવી છે. વિભાગ એક ઉદાહરણના માધ્યમથી જણાવ્યું છે કે, ધારા-૮૦ જીજીસી અંતર્ગત કર છુટની દાવો કરનારા કરદાતાઓને કઈ કઈ પરિસ્થિતિઓમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

આ ધારા એ દાતાઓને કરમાં છૂટ દે છે જે કોઈ રાજનીતિક દળ કે ચૂંટણી ન્યાસ એટલે કે ટ્રસ્ટને રકમ દાન કરે છે વિભાગે ત્રણ અલગ અલગ દ્રશ્યોને શેર કરીને એ સમજાવવામાં આવ્યું છે કે નવુ ટુલ કેવી રીતે કરદાતાઓને આ દાવાના દસ્તાવેજી કરણ સ્પષ્ટીકરણ અને નોટીસનો ઉતર દેવામાં મદદ કરે છે. આ પહેલ પારદર્શિતા અને કર દાવાની પ્રક્રિયાને સરળ બનાવવાનાં ઉદેશથી શરૂ કરવામાં આવી છે.

જો કરદાતાઓ ભુલથી ૮૦ SSS અંતર્ગત છૂટનો દાવો કર્યો છે તો ટેકસ અસિસ્ટ તેને સલાહ આપશે કે તે પોતાનું રિટર્ન સંશોધીત કરે કે આઈટીઆર-યુ ફાઈલ કરીને કર અને વ્યાજ જમા કરે અને વધારાનું રિફંડ પાછુ આપે આમ ન કરવા પર તપાસ કે પેનલ્ટીનો સામનો કરવો પડી શકે છે.

જો કોઈએ બોગસ કે ગેરકાયદે રાજનીતિક દાન

અનુસંધાન પાના ૭ પર

# કર્ણાટકમાં અચાનક મોતના કિસ્સામાં ઓટોપ્સી ફરજિયાત

## એકાએક મોત અંગે હોસ્પિટલોએ સરકારને જાણ કરવી પડશે

**બેંગ્લોર,તા.૮**

કોરોનાકાળ બાદ ગુજરાત સહિત દેશનાં વિવિધ રાજયોમાં યુવા વર્ગમાં હાર્ટફેઈલ તથા અચાનક મોતનાં પ્રમાણમાં વધારાથી લોકોમાં ચિંતા છે.સરકારે કોરોના રસી તથા અચાનક મોત વચ્ચે કોઈ કનેકશન ન હોવાનું જાહેર કર્યું છે. તેવા સમયે કર્ણાટક સરકારે એક મહત્વનો નિર્ણય લઈને અચાનક મોતના કિસ્સાને સરકાર સમક્ષ જાહેર કરવાનું તથા ફરજીયાત ઓટોપ્સી કરવાનું જાહેર કર્યું છે.

કર્ણાટકનાં આરોગ્ય વિભાગે અચાનક મોતના કેસોને 'સુચિત બિમારી'ની વ્યાખ્યામાં મુકવાનું નકકી કર્યું છે. રાજયમાં યુવા વર્ગમાં હાર્ટએટેકનાં સંખ્યાબંધ કેસોને પગલે આ નિર્ણય લેવાયો છે.

આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતુંકે હોસ્પીટલોની બહાર થતા અચાનક મોતનાં કેસોની સરકારને જાણ કરવાનું અને તેનું ઓટોપ્સી કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું છે.

તેમણે કહ્યુ કે, છેલ્લા કેટલાંક મહિનાઓમાં અચાનક મોતનાં સંખ્યાબંધ કિસ્સા બન્યા છે. લોકો

અનુસંધાન પાના ૭ પર

# ઉતરાખંડમાં નેલાંગ ખીણમાં વધુ એક બર્ફાની બાબા મળ્યા

## એસડીઆરએફની ટીમે પર્વતારોહણ દરમ્યાન અમરનાથ જેવા શિવલિંગની ખોજ કરી

**દહેરાદુન,તા.૮**

ઉતરાખંડમાં ચીન સીમા પાસે અમરનાથ જેવી બરફથી બનેલ શિવલીંગની આકૃતિ મળી છે. ઉતરકાશીની નેલાંગ ખીણ ક્ષેત્રમાં પર્વતારોહણ અભિયાન દરમ્યાન એસડીઆરએફનાં દળે આ અનોખા શિવલીંગની શોધ કરી છે.શિવલીગની પાસે નંદી જેવી આકૃતિ પણ છે.



એસડીઆરએફએ તેનો રિપોર્ટ રાજ્ય સરકારને મોકલ્યો છે. સરકારે તેને ગંભીરતા દેખાડી તો ઉતરાખંડમાં પણ અમરનાથ જેવી આધ્યાત્મિક યાત્રા શરૂ થઈ શકે છે.

ઉતરાખંડમાં ટ્રેકીગની નવી સંભાવનાઓ શોધવા માટે એપ્રિલમાં એસડીઆરએફના ૨૦ સભ્યોનું દળ ખીણમાં દુર્ગમ નેલાંગ નિખેરામાં ફતેહ કરવા નીકળ્યુ હતું. દળે નેલાંગમાં નીલાયાની ક્ષેત્રમાં ૬૦૫૪ મીટરના એક આવા અનામ

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પને શાંતિ નોબલ પ્રાઈઝ માટે નેતન્યાહુની ભલામણ

## ઈઝરાયેલના વડા પ્રધાન અમેરિકાની મુલાકાતે

**વોશીંગ્ટન ,તા.૮**

પાકિસ્તાનનાં આર્મી ચીફ મુનીર બાદ હવે ઈઝરાયેલનાં વડાપ્રધાન નેતન્યાહુએ પણ અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને શાંતિનું નોબેલ પ્રાઈઝ મળે તે માટે ભલામણ કરી છે.

અમેરિકાનાં પ્રવાસે પહોંચેલા ઈઝરાયેલનાં વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુએ નોબેલ પીસ માટે ટ્રમ્પને યોગ્ય ઉમેદવાર બતાવતા કહયું હતું કે તેમને આ પુરસ્કાર મળવો જોઈએ. ઈઝરાયેલી પીએમએ એ પત્ર પણ ડોનાલ્ડ ટ્રમ્પને સોંપ્યો છે.

જે તેમની સરકાર તરફથી નોબેલ પુરસ્કાર સમિતિને મોકલવામાં આવ્યો છે. આ પત્રમાં ડોનાલ્ડ ટ્રમ્પના શાંતિનાં પ્રયાસોને બતાવતા તેમને નોબેલ પીસ પ્રાઈઝ આપવાની ભલામણ કરાઈ છે.

વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પને પત્ર સોંપતા નેતાન્યાહુએ ટ્રમ્પને કહ્યું હતું કે, તેમને આ શાંતિનું નોબેલ પ્રાઈઝ મળવુ જોઈએ તમે આ સન્માન માટે યોગ્ય છે. આ વર્ષે જાન્યુઆરીમાં ટ્રમ્પનાં રાષ્ટ્રપતિ બન્યા બાદ

અનુસંધાન પાના ૭ પર

# શાળા, આંગણ વાડીઓમાં મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢવા સર્વે હાથ ધરાયો

## ખુલ્લા પ્લોટમાં પાણી ભરાતા ૧૫૪ માલિકોને નોટીસો ફટકારાઈ



સુરત, તા.૮

મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે ઘરે ઘરે ફરી ફેમીલી સર્વે તથા મેલેરિયા સર્વેલન્સ, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કેરબા, પીપડા તેમજ નકામા બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમજ જનજાગૃતિ અભિયાન, પ્રિમાયસીસ સર્વે, શાળા સર્વે, આંગણવાડી સર્વે, ખુલ્લા પ્લોટ સર્વે જેવી વિવિધ કામગીરીની ઝુંબેશ સુરત મહાનગરપાલિકાનાં વીબીડીસી વિભાગ ધ્વારા મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે ઝુંબેશનાં ભાગરૂપે જુન માસ દરમ્યાન ૭૦૦ થી વધુ સર્વે વર્કરો દ્વારા ૧૯,૦૩,૦૧૨ ઘરોનો સર્વે કરતા ૫૮,૭૪,૨૧૯ સ્પોટ ચેક કરવામાં આવેલ છેજેમા કુલ ૨૬૮૯૪ બ્રીડીંગ મળી આવેલ છે તાવના તથા અન્ય માંદગીના લક્ષણ ધરાવતા વ્યકિતઓમાંથી ૧,૩૧,૭૫૩ લોહીના નમુના લેવામાં આવેલ હતા. ૮૨૮૭ બાંધકામ સર્વે કરાતાં ૪,૧૦,૩૧૨ પેરા ડોમેસ્ટીક સ્પોટ ચેક દરમ્યાન કુલ ૭૦૦૬ બ્રીડીંગ મળી આવેલ છે. ૧૪,૭૮,૧૦૬ સંભવિત બ્રીડીંગ સ્પોટ પર અબેટ ટ્રીટમેન્ટની કામગીરી કરવામાં આવેલ છે. ૨,૯૬,૨૦૦ ઘરોમાં ધુમ્રશેરની કામગીરી કરવામાં આવેલ. ૨૯૮ સરકારી શાળાઓમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ તથા ૧૦૪૯ આંગણવાડીમાં આઈઆરએસની કામગીરી કરવામાં આવેલ સોર્સરિડકશની કામગીરીના ભાગરૂપે ૧૬,૧૧૯ ટાયરો, કેરબા, તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ કરવામાં આવેલ, સર્વે દરમિયાન ૯૬૨૦ ઈસમને નોટીસ અને રુપિયા ૧૫,૪૬,૫૫૫/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.વરસાદી પાણી ભરાયેલા ૧૮૮૫ ખુલ્લા પ્લોટ સર્વે કરાતા ૨૬૬ પ્લોટ માં ફીશ રીલીઝની કામગીરી કરવામાં આવેલ, ૧૩૮ પ્લોટમાં માટી પુરાણ કરવામાં આવેલ, ૨૨૩ પ્લોટમાં જેસીબીથી નીક પાડવામાં આવેલ ,૧૫૭ પ્લોટમાં મેન્યુઅલી નીક પાડવામાં આવેલ તથા ૧૦૧૮ પ્લોટમાં એન્ટીલાર્વલ કામગીરી કરવામાં આવતા ૧૫૪ ઈસમને નોટીસ આપવામાં આવી અને ૧૬,૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ૩૮૯ સરકારી શાળા કોલેજોમાં સર્વે કરાતા ૫૧ સંસ્થાઓમાં ખામી જોવા મળેલ. ૧૬ જગ્યાઓ પર મચ્છરના બ્રીડીંગ જોવા મળેલ કુલ ૨૬૦ જગ્યાઓ પર એન્ટીલાર્વલ કામગીરી કરી સ્પોટને નાબુદ કરવામાં આવેલ, ૮૯૩ ખાનગી શાળાઓમાં સર્વે કરતા કુલ ૨૩ જગ્યાઓ પર બ્રીડીંગ મળી આવેલ. ૫૨૯ જગ્યાઓ પર સોર્સરીડક્શનની કામગીરી કરેલ છે. ૫૩ ઈસમ ને નોટીસ આપવામાં આવેલ અને ૪૫૦૦ રૂપિયા વહીવટી વસુલાત કરવામાં આવેલ, ૧૯૪૩ હોસ્પિટલો, લેબોરેટરીઓ, કલીનીકો, ડીસ્પેન્સરીઓ માં સર્વે કરતા કુલ ૨૪ જગ્યા ઓ પર બ્રીડીંગ મળી આવેલ. ૫૯૫ જગ્યા ઓ પર સોર્સરીક્શન ની કામગીરી કરેલ છે, ૨૫ ઈસમને નોટીસ આપવામા આવેલ અને ૧૦૬૦૦ રુપિયા વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે., હાલ સરકારી અને ખાનગી શાળાઓ માં ૧૨૦૫ જેટલા નોડલ અને ૧૧૯૭ જેટલા નોડલ બાંધકામ ની જગ્યાઓ પર મચ્છરજન્ય પરિસ્થિતિ ન ઉદ્ભવે તેની તકેદારી રાખશે, સાથે સાથે દર ૧૫ દિવસે સુરત મહાનગર પાલિકા ને સેલ્ફ સર્ટીફાઇડ પણ કરશે. વીબીડીસી વિભાગ માં હાલ પૂરતા પ્રમાણ માં જંતુનાશક દવા નો જથ્થો ઉપલબ્ધ છે

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઇને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.



આજે અષાઢ સુદ તેરસથી જયા-પાર્વતી વ્રતનો આરંભ થયો છે. જયા-પાર્વતી વ્રત રાખનાર છોકરીઓ તથા મહિલાઓએ સવારે શિવાલયમાં પરંપરાગત રીતે શિવલીંગની પૂજા-અર્ચના કરી હોવાનું આ તસ્વીરમાં જણાય છે.

# મહારાષ્ટ્રની ચોરીના ચાર આરોપીઓ માલ સાથે અંકલેશ્વરમાંથી ઝડપાયા

## ચોરીનો રૂા.૫.૩૦ લાખનો માલ જપ્ત કરતી ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ

અંકલેશ્વર, તા.૮

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે મહારાષ્ટ્રમાં આવેલ ખોપોલી પો.સ્ટે. વિસ્તારમાં કેબલ ચોરી થઇ હતી જેમાં જુબેર તથા આલમ મનીયાર તથા દિપક કપિલદેવ તિવારી તથા રામવિલાસ ચીકનું યાદવ સંડોવાયેલ છે જે પૈકી આલમ તથા દિપક તિવારી તથા રામ વિલાસ યાદવ અંકલેશ્વર ખાતે આવેલ નોબલ માર્કેટમાં ગુનામા વપરાયેલ સાધનો સાથે ગોવિંદ અવધરામ યાદવને ત્યા ગોડાઉન પર રોકાયા છે જે બાતમીના આધારે નોબેલ માર્કેટમાં ગોવિંદ યાદવના ગોડાઉનના પર જઇ તપાસ કરતા ગોડાઉન પર ચાર ઈસમ એમ.એચ. પાસીગની એક બાઇક તથા બોલેરો પીક અપ સાથે ઝડપાય ગયા હતા.આરોપીઓ પોલીસથી બચવા અંકલેશ્વર આવ્યા હોવાનું બહાર આવ્યું હતું.પોલીસે આરોપીઓ પાસેથી કુલ રૂ.૫.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ઝડપાયેલ આરોપીઓમાં (૧)મોહંમદ આલમ મોહંમદ યુસુફ મનીયાર ઉ.વ.૩૪ હાલ રહે, પુનોલે ગાયકવાડનગર પુના જી.પુના (મહારાષ્ટ્ર) મુળ રહે, દલમઉ થાના-દલમઉ તા.જી. રાયબરેલી (ઉત્તરપ્રદેશ), (૨) દિપક કપિલદેવ તિવારી ઉ.વ.૨૨ હાલ રહે, ચીખલી કુંતલવાડી રામવિલાસની ભંગારની દુકાન પર તા. નહેરૂનગર જી.પુના (મહારાષ્ટ્ર) મુળ રહે. મનકાપુર તા. તુલસીપુર દેવીપાટણ જી. બલરામપુર (ઉત્તરપ્રદેશ), (૩) રામવિલાસ ચીકનું યાદવ ઉ.વ. ૩૨ રહે, પુનોલે ગાયકવાડનગર જી-પુના (મહારાષ્ટ્ર) મુળ રહે. ત્રિલોકપુર તા-ઈટવા જી-સિધ્ધાર્થનગર (ઉત્તરપ્રદેશ), (૪) ગોવિંદ અવધરામ યાદવ ઉ.વ.૪૮ હાલ રહે, પ્લોટ નં.૭૧ ન્યુ ઈન્ડીયા નોબલ માર્કેટ ભડકોદ્રા તા. અંકલેશ્વર જી.ભરૂચ મુળ રહે. રામાપુર ઉર્ફે બિસુનપુર તા. ઈટવા જી. સિધાર્થનગર (ઉત્તરપ્રદેશ)નો સમાવેશ થાય છે.



# કૃભકો ટાઉનશીપ ખાતે રાજ્ય કક્ષાની બેડમિન્ટન ચેમ્પિયનશિપનું સમાપન

## વિજેતા રમતવીરોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા

સુરત, તા.૮

કૃભકોસ્થાનિક ઉદ્યોગો, નજીકના ગામડાઓ અને સમુદાયોમાં રમતગમત અને મનોરંજન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે સતત વિવિધ કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણી પ્રસંગે, કૃભકો સુરતે યોનેક્સ સનરાઈઝ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ૨૦૨૫ નું આયોજન કરવામાં આગેવાની લીધી હતી, જે ૨ જુલાઈથી ૬ જુલાઈ ૨૦૨૫ દરમિયાન સુરતના હજીરામાં કૃભકોટાઉનશીપ ખાતે યોજાઈ હતી.

આ ઈવેન્ટમાં સિંગલ્સ, ડબલ્સ અને મિક્સ ડબલ્સ સહિત વિવિધ કેટેગરીમાં પુરુષ અને મહિલા ખેલાડીઓ બંને માટે સ્પર્ધાઓ યોજાઈ હતી. ચેમ્પિયનશિપ ૦૬ જુલાઈ, ૨૦૨૫ ના રોજ સફળતાપૂર્વક પૂર્ણ થઈ. ટુર્નામેન્ટ દરમિયાન ગુજરાતભરમાંથી કુલ ૨૧૬ સ્પર્ધકોએ પાંચ અલગ અલગ ઈવેન્ટમાં ભાગ લીધો હતો, જેમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓનો સમાવેશ થાય છે, જે કૃભકોમાટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. ૦૬ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ટુર્નામેન્ટના અંતિમ દિવસે, નીચેના ખેલાડીઓને વિવિધ કેટેગરીમાં વિજેતા જાહેર કરવામાં

અનુસંધાન પાના ૭ પર

# આવતી કાલે ટ્રેડ યુનિયનો દ્વારા રાષ્ટ્રવ્યાપી હડતાળ

## કલેક્ટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કાર્યક્રમ

સુરત, તા.૮

સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલ દ્વારા ૯મી જુલાઈ ૨૦૨૫ ના રોજ ટ્રેડ યુનિયનોની રાષ્ટ્રવ્યાપી હડતાલનું સમર્થન કરવામાં આવ્યું છે. સુરતના તમામ ટ્રેડ યુનિયનોના આગેવાનોને અપીલ કરવામાં આવે છે કે દેશના ૧૦ સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો તથા ફેડરેશનોએ કેન્દ્રની એનડીએ સરકાર તથા રાજ્ય સરકારોની જનતા તથા કામદાર વિરોધી નીતિઓના વિરુદ્ધમાં તા. ૯મી જુલાઈના રોજ રાષ્ટ્રવ્યાપી હડતાળની ઘોષણા કરી છે.

તા. ૯મી જુલાઈ બુધવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુરત જિલ્લા કલેકટર કચેરી, અઠવાલાઈન્સ, સુરત ખાતે શહેરના ટ્રેડ યુનિયનોના આગેવાનો, કામદાર-કર્મચારીઓ ભેગા થઈ દેખાવ, સુત્રોચ્ચાર કરી સુરત જિલ્લાના કલેક્ટરશ્રીને આવેદનપત્ર સુપરત કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા તમામ યુનિયનોના આગેવાનોને વિજય શેણમારે - પ્રમુખ,જૈમીન દેસાઈ-મહામંત્રી, નૈષધ દેસાઈ- ઉપપ્રમુખ, અનિલ દુબે- ઉપપ્રમુખ દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.



# ખાસોડીયા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને યુનિફોર્મનું વિતરણ

## આંગણવાડી તથા બાલવાટિકામાં પ્રવેશ ઉત્સવ યોજાયો

સુરત, તા.૮

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાનાં કાંઠા વિસ્તાર સ્થિત ખોસાડીયા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવી. તાલુકા પંચાયતનાં દંડક કિશોરભાઈ રાઠોડનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં ગામનાં સરપંચ પ્રમોદ પટેલ, કરંજનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર વિજય પટેલ, એસ.એમ.સી. અધ્યક્ષ પારૂલ પટેલ, ગ્રામ પંચાયતનાં સભ્યો, આંગણવાડી વર્કર બહેનો, આરોગ્ય કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં વાલીજનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. શાળાનાં આચાર્ય ભારતીબેન પટેલે ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરી શાળાનો ચિતાર રજૂ કર્યો હતો. કાર્યક્રમનાં ભાગરૂપે આંગણવાડી તથા બાલવાટિકામાં પ્રવેશપાત્ર બાળકોને શાળામાં વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જયેશભાઈ ડાયાભાઈ પટેલ તરફથી શાળાનાં તમામ બાળકોને યુનિફોર્મનું દાન પ્રાપ્ત થયું હતું. અંતમાં ઈનામ વિતરણ તથા વૃક્ષારોપણ જેવાં કાર્યક્રમ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# ઓલપાડ તાલુકામાં બીએલઓની નિમણૂંકમાં વિસંગતતાની ફરિયાદ

## પ્રાથમિક શિક્ષક સંઘની પ્રાંત અધિકારી સમક્ષ રજૂઆત



સુરત, તા.૮

ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા બુથ લેવલ ઓફિસર (BLO) ની નિમણૂંક બાબતે પ્રાંત અધિકારીને આવેદનપત્રમાં જણાવાયું હતું કે, રાજયનાં ચૂંટણી અધિકારીનાં તારીખ ૦૯/૦૬/૨૦૨૫ નાં પત્ર અન્વયે પ્રાથમિક શિક્ષકોનાં બુથ લેવલ ઓફિસર (BLO) તરીકે હુકમો થયેલ છે. જેમાંની કેટલીક વિસંગતતા સંદર્ભે આજરોજ પ્રાંત અધિકારી તથા મામલતદારને ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવાયું હતું કે પત્રની સૂચના નંબર ૧.૧ ને ધ્યાને લઈ વધુમાં વધુ પ્રાથમિક શિક્ષકોનાં હુકમો થયેલ છે. અત્યાર સુધી પ્રાથમિક શિક્ષકોની ફરજનાં સ્થળે હુકમો થયેલ હતાં, જેમાં શિક્ષકોનો શાળા સમય ૧૦:૩૦ થી ૫:૦૦ સુધીનો છે. જેમાં તે શાળા સમય પહેલા કે શાળા સમય બાદ થોડો સમય રોકાઈને અથવા તો રિશેષનાં સમયે પણ આ કામગીરી કરતાં આવેલ છે. હવે તેનાં રહેઠાણનાં સ્થળે કામગીરી કરવાની થાય તો તે ફરજ ઉપરથી મોટાભાગે અપડાઉન કરતા હોય સાંજે મોડા પહોંચે અને સવારે વહેલાં નીકળે તો કામગીરી યોગ્ય રીતે થઈ શકે એમ જ નથી અને બીજીતરફ શિક્ષિકા બહેનો માટે તો આ કામગીરી કરવી અશકય જ છે. જેથી અમારી માંગણી છે કે માત્ર ૧.૧ ની સૂચનાઓને જ ધ્યાને લેવાય તેનાં બદલે ૧.૨ અને ૧.૩ ની સૂચના મુજબ અન્ય કેડરનાં કર્મચારીઓને બુથ લેવલ ઓફિસર (BLO) તરીકે નિમણૂંક આપવામાં આવે. બીજું કે એક જ શાળામાંથી

અનુસંધાન પાના ૭ પર

# મહુવાના વાંક ખાતે ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ કેમ્પ યોજાયો

## ૬૦૦થી વધુ વિવિધ યોજનાઓ હેઠળ જરૂરીયાતમંદોએ લાભ લીધો



સુરત, તા.૮

ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન અંતર્ગત આદિજાતિ વસ્તી ધરાવતા ગામોમાં પાયાની માળખાકીય તથા વ્યકિતલક્ષી યોજનાઓના લાભો ઘર આંગણે મળી રહે તે માટે સુરત જિલ્લાના મહુવા તાલુકાના પ્રાથમિક શાળા વાંક ખાતે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાના અધ્યક્ષસ્થાને સેવા સેતુનો કેમ્પ યોજાયો હતો.કેમ્પમાં ૩૩ જાતિના દાખલાઓ, ૧૬ વૃધ્ધ સહાય, પ્રધાનમંત્રી સન્માન યોજના હેઠળ ૩૪ તથા ખેતીવાડી હેઠળ ૩૪, આધારકાર્ડની ૮૮, હેલ્થ ચેકઅપ કેમ્પ હેઠળ ૧૦૦થી વધુ મળી ૬૦૦થી વધુ લાભાર્થીઓએ વિવિધ યોજનાઓના લાભો મેળવ્યા

અનુસંધાન પાના ૭ પર

# નર્મદા એસપી વિરુદ્ધ કન્ટેમ્પ્ટની કાર્યવાહી માટે હાઈકોર્ટના એડવોકેટ જનરલને અરજી

## પોલીસે કોર્ટના દરવાજા બંધ કરી ન્યાયતંત્રના કાર્યમાં અડચણ ઉભી કરી : પુનિત જૂનેજા



રાજપીપળા, તા.૮

એડવોકેટ પુનિત બી જૂનેજાએ ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી સમક્ષ અરજ કરી છે કે નર્મદા જિલ્લાના પોલીસ અધિક્ષક પ્રશાંત સુમ્બે વિરુદ્ધ ગુનો દાખલ કરવા માટે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ્સ એક્ટની સ્વીકૃતિ આપવામાં આવે. એડવોકેટ પુનિત જૂનેજાએ જણાવ્યું છે કે રાજ્યની રાજપીપળા જિલ્લામાં આવેલ નર્મદા જિલ્લા અને સત્ર ન્યાયાલયમાં પોલીસ દ્વારા એડવોકેટ્સને કોર્ટ બિલ્ડિંગમાં પ્રવેશતા રોકવામાં આવ્યા હતા, જેમાં ચૂંટાયેલા ધારાસભ્ય અને એડવોકેટ ગોપાલ ઈટાલિયા અને દાહોદના એડવોકેટ આકાશ મોદી સહિતના અનેક વકીલોને કોર્ટમાં દાખલ થવામાં અવરોધ થયો હતો. પોલીસની આ કામગીરીથી ન્યાયતંત્રના કાર્યમાં સીધી અડચણ ઊભી થઈ છે અને જાહેરમાં, અદાલતના દરવાજા પર બનેલા આ બનાવને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ ગણવામાં આવે છે.

એડવોકેટ પુનિત બી જૂનેજાએ જણાવ્યું હતું કે આ ઘટનાથી વકીલો અને તેમના ક્લાઈન્ટોના બંધારણીય અને કાયદેસર અધિકારોનો ભંગ થયો છે, જે ભારતના બંધારણના કલમ ૧૯(૧)(જી) અને કલમ ૨૨(૧) તેમજ એડવોકેટ્સ એક્ટની કલમ ૩૦ તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ના સ્પષ્ટ પ્રાવધાનોનું

અનુસંધાન પાના ૭ પર



કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટિલના હસ્તે SMC સંચાલિત સ્મીમેર હોસ્પિટલ ખાતે ૧૨૮ સ્લાઈસ સીટી સ્કેન મશીન અને ૧.૫ ટેસ્લા એમ.આર.આઈ. મશીન ટર્ન કીનું લોકાર્પણ કરાયું હતું.

## અમરોલીથી આદિત્ય ખાતરા ગુમ

સુરત, તા.૭

અમરોલીપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૯/૦૬/૨૦૨૫ના રોજ ઘરનં.ઈ/૭૦૭, રાધેરેસીડેન્સી, છાપરાભાઠા,અમરોલી (મૂળ રહે.ઘરનં.જે/૦૧૧૦૨, ઓપેરાક્રિષ્ટલવરીયાવ, છાપરાભાઠા, અમરોલી), ખાતે રહતા૨૯ વર્ષીય આદિત્યખાતરાગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ગૌરવર્ણ અને ઊંચાઈ ૫.૩ ફૂટ છે.તેમણેકાળી શર્ટઅને કાળી પેન્ટ પહેર્યાછે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાઅમરોલીપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ભેસ્તાનથી જુહી મો. હલીમ ગુમ

સુરત, તા.૭

ભેસ્તાન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર,તા.૦૬/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૧૭, રેહમતનગર, ભીડીબજાર, ઉનભેસ્તાન, ખાતે રહેતામો.હલીમના૨૦ વર્ષીય પત્ની જુહીમો.હલીમગુમ થયા છે.તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણેલીલું ડ્રેસપહેર્યોછે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાભેસ્તાન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



શ્રી સૂ.મો.વ અડાજણ રાંદેર રોડ મહિલા મંડળ દ્વારા તા.૦૫/૦૭/૨૦૨૫ શનિવાર મોઢ વણિક ભવન પાલવાડી ખાતે મહેંદી હરીફાઈ યોજવામાં આવી હતી સ્પર્ધામાં ૫૦ થી વધુ બહેનો એ ભાગ લીધો હતો જેમાં નિર્ણાયક દ્વારા પ્રથમ ક્રમે ફાલ્ગુની ગોળવાલા દ્વિતીય ક્રમે નમ્રતા પાનવાલા તૃતીય ક્રમે અંકિતા લાઈન્સવાલા ની કૃતિ પસંદ કરી ઇનામ આપવામાં આવ્યાં હતા.

# મોબાઈલ ટેકનોલોજીનો અતિરેક બાળકોને બગાડી રહ્યો છે



**બેથી બાર વર્ષનાં સંતાનોના આવા કિસ્સા કહીને પોરસાતાં વાલીને એ નવી ખબર કે ટેકનોલોજી સાથે શ્વાસ લેતી આ પેઢી શારીરિક અને માનસિક વિનાશની દિશામાં ધકેલાઈ રહી છે. આજની સરેરાશ કિશોરપેઢી દિવસના ચારથી પાંચ કલાક મોબાઈલ ફોન કે લેપટોપમાં બિઝી રહે છે. વિડિયો ગેમ્સ અને જાતજાતના એપ્લિકેશન્સ તેમના રસના વિષય બની ગયા છે.**

જવાહરલાલ નહેરુએ બાળકો પ્રિય હોવાથી આપણે તેમનો જન્મદિન ૧૪ નવેમ્બર બાળદિન તરીકે ઉજવણી કરીએ છીએ. પરંતુ આજે ૨૦ નવેમ્બરે સાર્વત્રિક (યુનિર્સલ) બાળદિન છે. આ નિમિત્તે વિશ્વભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે જેમાં મોટે ભાગે તો બાળકોનું થતું શોષણ, કુપોષણ અને તસ્કરી વિશે જ ચર્ચા કરવામાં આવશે. કેટલાંક ગરીબ દેશોનાં બાળકોને મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવાની યોજનાઓ પણ શરૂ કરાશે. સરકારી અને બિનસરકારી સંસ્થાઓ પીડિત, તરછોડાયેલા, ગરીબ કે નિરાધાર બાવકોના ઉત્કર્ષ માટેની કામગીરીની રૂપરેખા તૈયાર બાળકો સ્વવિનાશની દિશામાં ઝડપભેર આગળ વધી રહ્યા છે ? અને તેમની આ સ્થિતિ માટે સ્વયં તેમના વાલી જ જવાબદાર છે ? બે વર્ષનો મોક્ષ એટલો સ્માર્ટ છે કે તેના ડેડીના મોબાઇલમાં રહેલી નંબર લોકની સિસ્ટમ ખોલી શકે છે. સાત વર્ષની માહીએ તેની મમ્મીને ગૂગલ ડ્યુઓ વાપરતાં શીખવ્યું. ૧૨ વર્ષના પર્જન્યએ પિતાને ગૂગલ પે ડાઉનલોડ કરીને તે કેવી રીતે વપરાય તેની ટિપ્સ આપી હતી. જ્યારે દસ વર્ષના પરાગે તો તેના ટીચરને મોબાઈલ ફોનમાં એડલ્ટ વિડિયો જોતાં પકડી પાડ્યાં હતાં. બેથી બાર વર્ષનાં સંતાનોના આવા કિસ્સા કહીને પોરસાતાં વાલીને એ નવી ખબર કે ટેકનોલોજી સાથે શ્વાસ લેતી આ પેઢી શારીરિક અને માનસિક વિનાશની દિશામાં ધકેલાઈ રહી છે. આજની સરેરાશ કિશોરપેઢી દિવસના ચારથી પાંચ કલાક મોબાઈલ ફોન કે લેપટોપમાં બિઝી રહે છે. વિડિયો ગેમ્સ અને જાતજાતના એપ્લિકેશન્સ તેમના રસના વિષય બની ગયા છે. ઈન્ટરનેટને લીધે નાની વયે તેમના વાળમાં સમગ્ર વિશ્વ પીરસાઈ ગયું છે અને તેઓ તેનો મનફાવે એમ અને એટલો ઉપયોગ (એક્ચ્યુઅલી તો દુરુપયોગ) કરતા થઇ ગયા છે. સગીરાવસ્થામાં સ્કિનન ટાઈમ અને તેની માનસિક અસર વિશે અમેરિકામાં થયેલા પ્રિવેટિવ મેડિકલ સ્ટડીમાં જાણવા મળ્યું છે કે ૧૭ વર્ષની અંદરના સગીરો જેટલો વધુ સમય સ્કિનની સામે કરશે એટલું વધુ તેમનું માનસિક સ્વાસ્થ્ય ડામાડોળ થશે. ૯૫ ટકા અમેરિકન ટીનેજર્સ સ્માર્ટફોન ધરાવે છે અથવા તો સ્માર્ટફોન તેમને હાથવગા હોય છે. આમાંના ૪૫ ટકા તો મોટા ભાગના સમય ઓનલાઈન હોય છે. ભારતમાં ૭૫ ટકા ટીનેજર્સ સ્માર્ટફોનના હેવાયાં બની ગયા છે. મધ્યમ તથા શ્રીમંત વર્ગના મોટાભાગના ટીનોજર્સ સ્માર્ટફોન દ્વારા વર્ચ્યુઅલ વર્લ્ડમાં જ વ્યસ્ત રહે છે. કેટલાક તો શાળામાં પણ તેને લઇ જાય છે. પ્રિવેન્ટિવ મેડિકલ સ્ટડીમાં જણાવવામાં આવ્યું છે કે દિવસના સાતથી આઠ કલાક ઓનલાઈન વિતાવનાર ડિપ્રેશન અને એન્ઝાઈટીનો શિકાર બને છે. વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય અનેઓનલાઈન સ્કિન ટાઇમ વચ્ચે ગાઢ સંબંધ છે. આ જ પ્રમાણે યુવા કરતાં કિશોરપેઢી આ આધુનિક ટેકનોલોજીની આદી બની જવાને લીધે તેના પર ગંભીર વિપરીત અસર થઇ રહી છે. અમને ખબર છે પરંતુ છોકરાં માનતાં જ નથી. મમ્મી, પપ્પા તમને ન ખબર પડે એમ કહીને ચૂપ કરી દે છે. એવી લાચારી ઘણા વાલી વ્યક્ત કરે છે. જો કે આ તો ટેકનોલોજીકલ ડિસીઝનો આરંભિક તબક્કો છે. જો સમયસર ચેતીશું નહીં તો થોડા વખતમાં આ મોબાઈલ ટેકનોલોજીની આડઅસર રોગચાળારૂપે પ્રસરી જશે. વાસ્તવમાં આજના ટીનેજર્સમાં જે મોબાઈલનું વળગણ જોવા મળે છે તેનાં મૂળ તેમનાં બાળપણમાં જ નખાયાં હતાં. છેલ્લા એક દાયકાથી મોબાઈલ ફોન સર્વવ્યાપી બન્યા અને મમ્મીઓ પોતાનાં નાનાં બાળકોને શાંત રાખવા, જમાડતી વખતે કે ટાઈમપાસ માટે મોબાઈલ ફોન પકડાવતી થઇ ગઇ. ઘરના કે બહારના કામ પતાવવાં હોય ત્યારે છ-બાર મહિનાના બાળકના હાથમાં મોબાઈલ ફોન પકડાવીને તેમાં કાર્ટૂન સિરિઝ કે ગીતો ચાલુ કરી દેવામાં આવે છે. બસ, બાળકની કનડગત વગરના કલાકો પસાર થઇ જાય છે, મમ્મીનું કામ પતી જાય છે અને બાળકને રમાડવાની કડાકૂટ પણ રહેતી નથી. કેટલીક માતાઓ તો આ માટે ખાસ અલાયદા ફોન લેતી હોવાનું પણ જોવા મળે છે. આ ફોનમાં કાર્ટૂન ફિલ્મો, સિરિઝ, નર્સરી રાઈમ્સ, બાળવાર્તાઓનો સંગ્રહ કરવામાં આવે છે. હવે તો જિયોને લીધે ઈન્ટરનેટ ડેટા પેક સસ્તો થઇ ગયો હોવાથી યુ ટ્યુબ ચાલુ કરીને બાળકોને ચૂપ કરી દેવામાં આવે છે. નાનપણથી આ રીતે મોબાઈલસેવી બનેલાં બાળકો આપમેળે જ વિડિયો ડાઉનલોડ કરતાં તથા અન્ય ફિચર્સ વાપરતાં શીખી જાય છે. વાલીને જયારે બાળકોના આ મોબાઈલ જ્ઞાનનો સાક્ષાત્કાર થાય ત્યારે છાતી ગજગજ ફૂલી જાય છે. સગાં-વહાલામાં તેનો પ્રચાર કરવામાં આવે છે. આનાથી સંતાનને પ્રોત્સાહન મળે છે અને તેઓ વધુને વધુ સમય મોબાઈલમાં મથતાં રહે છે. આનું પરિણામ સગીરાવસ્થામાં જયારે આ પેઢી મોબાઈલ એડિકટ બની જાય છે ત્યારે જોવા મળે છે. નાના બાળકના હાથમાં મોબાઈલ પકડાવીને ઘમી મમ્મીઓ જમાડતી હોય છે. પરંતુ એ બાળકો જ થોડા મોટા થયા બાદ મોબાઈલ ફોનમાં ખુંપેલા રહેવાને કારણે જમવા આવતા નથી ત્યારે મમ્મીઓ કકળાટ કરવા લાગે છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે મોબાઈલસેવી બાળકોમાં ખોટી આદતો પડે છે. તેઓ રમકડાં કે અન્ય બાળકો સાથે રમવાને બદલે વર્ચ્યુઅલ વર્લ્ડમાં રમતો રમે છે અને રિયલ વર્લ્ડમાં એકાંક બની જાય છે. આ રમતો મુખ્યત્વે મારધાડવાળી અને હિંસક દશ્યો ધરાવતી હોય છે. આની વિપરીત અસર બાળમાનસ પર થાય છે અને તે ચીડિયા તથા ગુસ્સાવાળા બની જાય છે. અન્યો સાથે હળવાભળવાને બદલે મોબાઈલમાં જ ચોંટેલા રહે છે. વાસ્તવિક જીવનમાં વાલી સાથે પણ વાત કરતા કતરાય છે. આજના ટેકનોસેવી યુવાવાલીએ ચેતવાનું છે. બાળક રડે કે કજિયો કરે ત્યારે તેમને મોબાઈલ કે લેપટોપ સામે બેસાડવાને બદલે તેની સાથે બેસવાની આદત પાડો. આમ પણ આજકાલ મોટા ભાગનાં ઘરોમાં એક જ બાળક હોય છે. આથી તેની પાસે ઘરમાં સમવયસ્ક કોઇ હોતું નથી.એક સમયે સંયુક્ત કુટુંબમાં પોતાનાં ભાઈ બહેન અને પિતરાઇઓ સાથે રમવામાં બાળકનો સમય પસાર થઇ જતો હતો. ભૂખ લાગતી ત્યારે જ મમ્મી યાદ આવતી હતી. પરંતુ આજે બાળક એકલું પડી ગયું હોવાથી જાતજાતના નખરાં કરે છે. આવા સમયે તેને ટેકનોલોજીનો હાથ પકડાવી દેવો તેના ભવિષ્યને હાનિપ હોંચાડવા સમાન છે. આમ પણ આધુનિક પેરેન્ટ્સના શિશુ પ્રથમ શબ્દ મમ્મા કે પપ્પા બોલવાને બદલે હેલો ગૂગલ બોલતા થયાં છે. જો સાવધ નહીં થઈએ તો કદાચ ભવિષ્યનાં બાળકો ગૂગલને જ સંસાર માનતા થઇ જશે. આવું ન થાય તે માટે વાલીએ બાળકો સાથે બાળક બનીને રમવાની જરૂર છે. બાળકો રડે અનેક કજિયા કરે તેમાં કશું નવી નથી. આપણે પણ એ જ રીતે મોટા થયા છીએ અને તે વખતે આવી કોઈ ટેકનોલોજી નહોતી. હા, આપણે રડતા ત્યારે મ્મી દોડીને આપણને છાતીએ વળગાડીને શાંત કરવાનો પ્રયાસ કરતી. દરેક બાળકને આ જ હૂંફની ઝંખના હોય છે. આના બદલે તેને યુ ટ્યુબ પર વાર્તા કે ગીતો દેખાડીને ચૂપ કરવામાં આવે ત્યારે તેની પ્રેમ મેળવવાની ઝંખના અધૂરી રહે છે અને ભવિષ્યમાં આ અધૂરી ઝંખનાનું રૂપાંતર હિંસક વલણમાં થઇ શકે છે એમ મનોચિકિત્સકોનું કહેવું છે. ટેકનોલોજી આપણને આધુનિક યુગમાં લઇ ગઇ છે તે ખરું પરંતુ તેની વિપરીત અસર આપણા વાસ્તવિક જીવનને ડામાડોળ કરી નાંખે ત્યારે સાવધ બની જવું. આજે ઇન્ટરનેટ અને સ્માર્ટફોનનું કોમ્બિનેશન ઘેર બેઠા વર્લ્ડ ટુર કરાવે છે, તમામ માહિતી ચપટી વગાડતાં ઉપલબ્ધ કરાવી આપે છે તથા સંદેશાવ્યવહારને પણ સરળ અને સસ્તો બનાવી દીધો છએ. આથી આનો ઉપયોગ કરવો જોઈએ. પરંતુ તેનો્ તિરેક વિનાશ નોતરે તે પહેલાં મર્યાદા નક્કી કરી લેવી. બાળકોને મોબાઈલ ફોન આપવા તથા તેના ફિચર્સને વાપરવાની કળા પણ શીખવવી. પરંતુ આ સાથે જ તેના ઉપયોગની સમયમર્યાદા સુધ્ધાં નક્કી કરી આપવી. ટેકનોલોજીના ઉપયોગ સાથે આવતી જવાબદારીની સમજ બાળકોને આપવી. આ ટેકનોલોજીના વપરાશની સમયમર્યાદા નક્કી કરી આપવી. બાળકો પર થતી મોબાઈલ ટેકનોલોજીની આડઅસરને ધ્યાનમાં રાખીને તેને અટકાવવા ડિજિટલ વેલ બીઈંગ એપ ડેશબોર્ડ, ટાઈમ પર કામ મૂકવા યુસેજ એપ ઉપરાંત ડુ નાટે ડિસ્ટર્બ અને વિન્ડો ડાઉન જેવા ફિચર્સ પણ હોય છે. ઉપરાંત એન્ડ્રોઈડમાં પણ ડિવાઈસ કંટ્રોલ કરી શકાય એવી ટેકનોલોજીનો ઉમેરો કરવામાં આવશે.

---



# કેળાં : સ્વાસ્થ્ય સુધારે, સૌંદર્ય નિખારે

કેલ્શિયમથી સભર કેળાં એ સ્વાસ્થ્ય માટે તો ઉત્તમ છે જે પણ તે સૌંદર્યની માવજત માટે પણ અનેક રીતે ઉપયોગી છે. લગભગ આખું વર્ષ મળી રહેતા કેળાં સ્કીન અને હેર માટે ઉત્તમ બ્યુટી ટોનિક છે. આવો, જાણીએ તેના લાભ... - કેળાં વિટામીન સી અને વિટામીન બી- ૬નો ઉત્તમ સ્ત્રોત છે. જે તમારી સ્કીનને સપલ અને ઈલાસ્ટીક રાખે છે. વળી તે તમારી સ્કીનને અકાળે પડતી કરચલીઓથી પણ બચાવે છે.

- કેળાં એ ઉત્તમ મોઈશ્ચરાઈઝર છે. પાકેલાં કેળાંનો છૂંદો કરી તેને તમારા ચહેરા પર લગાવો અને હળવા હાથે મસાજ કરી વીસ મિનિટ સુધી રહેવા દો. ત્યાર બાદ ચહેરો ઠંડા પાણીથી ધોઈ નાંખો. તમારા ચહેરાની ત્વચા રેશમ જેવી સુંવાળી બની જશે.- જો તડકાંને કારણે સ્કીન પર પિગમેન્ટેશન થઈ ગયું હોય તો કેળાંના પલ્પમાં એક ચમચી દહીં ઉમેરીને ચહેરા પર લગાવો. થોડા દિવસ નિયમિતપણે આ પ્રયોગ કરવાથી પિગમેન્ટેશન દૂર થશે. ત્વચા પરના દાગ-ધબ્બા પણ દૂર થશે. - કેળાંએ ઉત્તમ સ્ક્રબ પણ છે. પાકેલા કેળાંની પેસ્ટ કરી તેમાં થોડી ખાંડ ભેળવો અને પછી હળવા હાથે, જ્યાં સુધી ખાંડ ઓગળી ન જાય ત્યાં સુધી, ચહેરા પર સ્ક્રબ કરો. આનાથી તમારા ચહેરા પરની ત્વચાના મૃત કોષો દૂર થશે અને ત્વચા તાજગીભરી, ચમકીલી બની જશે. - શું તમારા હાથ અને પગની ત્વચા રૂક્ષ બની ગઈ છે ?તો કેળાંના પલ્પમાં થોડું ગુલાબજળ ભેળવી તેને હાથ અને પગ પર લગાવો. પંદર મિનિટ પછી પાણીથી ધોઈ નાંખો. ત્વચા મુલાયમ બની જશે. - પાકેલાં કેળાંનો માવો કરી તેમાં થોડું દહીં, અડધી ચમચી મધ અને એક ચમચી બદામનો ભૂકો ઉમેરો. આ ફેસ પેકને ચહેરા પર લગાવી વીસ મિનિટ રહેવા દો અને ત્યારબાદ ઠંડા પાણીથી ચહેરો ધોઈ નાંખો. તમારી ત્વચા પર સુંદર ગ્લો આવી જશે. આ પેક એન્ટી એજિંગ છે, મધ ઉત્તમ મોઈશ્ચરાઈઝર છે, બદામમાં આવેલ વિટામિન ઈ ત્વચા પરની કરચલીઓ દૂર કરે છે, દહીં ત્વચા પરના દાગ-ધબ્બા દૂર કરી તેને સુંવાળી બનાવે છે તો કેળાં સ્કીનને સપલ રાખે છે.-

કેળાં એ ઉત્તમ હેર પેક છે. એક પાકાં કેળાનો છુંદો કરી તેમાં એક ચમચો ઓલિવ ઓઈલ અને એક ચમચી મધ ઉમેરી બરાબર મિક્સ કરો. આ પેકને વાળ ઉપર લગાવી અડધો કલાક રહેવા દો. ત્યારબાદ શેમ્પૂથી વાળને ધોઈ નાંખો. વાળ સુંદર, ચમકતાં, સુંવાળા બની જશે.

**તમારી ત્વચા પર સુંદર ગ્લો આવી જશે. આ પેક એન્ટી એજિંગ છે, મધ ઉત્તમ મોઈશ્ચરાઈઝર છે, બદામમાં આવેલ વિટામિન ઈ ત્વચા પરની કરચલીઓ દૂર કરે છે**

---

# જરૂર કરતાં વધારે પરસેવાનો આ રીતે લાવો નીવેડો

ગરમી તેમજ ઉનાળામાં શરીરમાંથી પરસેવો નીકળવો સ્વાભાવિક છે. પણ જો વધારે પડતો પરસેવો આવે, તમારા કપડાં પરસેવાથી ભીના થઈ જાય તેમજ કોઈ સાથે હાથ મિલાવતા પહેલાં તમારે તમારા હાથ હાથ રૂમાલથી કે ટિશ્યૂ પેપરથી લુછવા પડે ત્યારે આપણે ક્ષોભ અનુભવીએ છીએ. સામાન્ય રીતે લોકો તેને ગંભીરતાથી લેતા નથી તેમજ તેઓ કોઈ નિષ્ણાતની સલાહ લેવાનું પણ જરૂરી સમજતા નથી. હકીકતમાં આ એક તબીબી સમસ્યા છે અને તેનો ઉપચાર પણ થઈ શકે તેમ છે. જો કે હવે તમારે તેનાથી શરમાવાની જરૂર નથી, કારણ કે આજે તમને જણાવીશું વધારે પડતો પરસેવો થવાના કારણો અને તેના ઉપાયો. હાઈપરિડ્રોસિસ અથવા અતિ પરસેવો શરીરમાંથી પરસેવો નીકળવો અને વધારે પડતો પરસેવો નીકળવો બંને પરિસ્થિતિ અલગઅલગ છે. વધારે પડતો પરસેવો નીકળે તેને હાઈ પરિડ્રોસિસ કહે છે પરસેવો નીકળવો તે શરીરની સામાન્ય પ્રક્રિયા છે. જયારે તમે વધારે પડતો શારીરિક શ્રમ કરો છો. ત્યારે પરસેવો નીકળવો સ્વાભાવિક છે. શરીરમાંથી વધારે પડતો પરસેવો નીકળવો કોઈ ગંભીર બાબતો નથી, પણ ક્યારેક તેના કારણે ક્ષોભ અનુભવવું પડે છે. વધારે પડતો પરસેવો થવાનું કારણ કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે, વધારે પડતો પરસેવો થવો એ ક્યારેક નબળા સ્નાયુઓને કારણે પણ થઈ શકે છે. એવા ઘણા લોકો હોય છે જેમની હથેળીઓ તેમજ પગના પંજામાં વધારે પડતો પરસેવો થાય છે. આમ થવા પાછળનું કારણ પાચનતંત્રની ખરાબી પણ હોઈ શકે છે. આ સમસ્યાને નાબૂદ કરવા માટે શસ્ત્રક્રિયા દ્વારા પરસેવાની ગ્રંથિને દૂર કરવામાં આવે છે. જેનાથી વ્યક્તિને ભવિષ્યમાં ફરી વધુ પડતો પરસેવો આવવાની ફરિયાદ રહેતી નથી. આ ઉપરાંત તબીબી પરિસ્થિતિને કારણે પણ વધુ પડતો પરસેવો થઈ શકે છે. ઢીલા સ્નાયુ, માસિક, ગર્ભાવસ્થા, થાઈરોઈડ, ડાયાબિટીસ, હદયની બીમારીઓ, લ્યુકેમિયા તેમજ લિમ્ફોમા જેવા કેન્સર, વધુ પડતી ચિંતા અને દવાના સેવનથી પણ વધારે પડતો પરસેવો થાય છે. ડોકટર સાથે કરો મુલાકાત સામાન્ય રીતે પરસેવાથી છુટકારો મેળવવા ઘરગથ્થુ ઉપચાર પણ થઈ શકે છે. પરતુ કેટલાક લક્ષણો એવા હોય છે જે જણાવે છે કે તમારે નિષ્ણાતની સલાહ લેવી જોઈએ જેવા કે- રાત્રે સુવાના સમયે પરસેવો આવવો.



- શરીરના ફકત એકબાજુના ભાગમાં જ પરસેવો થવો
- શરીરના દરેક ભાગમાં વધારે પડતો પરસેવો થતો હોય
- કોઈ દવાના સેવન પછી જરૂર કરતાં વધારે પરસેવો થવો. અસરકારક ઉપચારો વધારે પડતા પરસેવાની સમસ્યાથી છૂટકારો મેળવવા માટે તબીબી ઉપચાર તો ઉપલબ્ધ છે જ, પરંતુ હાઈપરિડ્રોસિસના લક્ષણોને નિયંત્રણ કરવા માટે બીજા પણ કેટલાક અસરકારક ઉપાયો છે જેમ કે કેટલાક સ્પ્રે. લોશન, રોલ-ઓન વગેરેનો ઉપયોગ કરી શકાય. અલબત્ત, આ ઈલાજ અજમાવતા પહેલાં ડોકટરની સલાહ લેવી સારી. આ ઉપરાંત શસ્ત્રક્રિયા દ્વારા પરસેવાની ગ્રંથ્ની ઓછી કરી શકાય છે. જોકે આ ઉપાય થોડા સમય માટે જ અસરકારક રહે છે. આ ઉપરાંત કેટલીક દવાઓ તેમજ બોટોક્સના ઈન્જેકશન પરસેવાની આ ગ્રંથિને રોકે છે, જે શરીરમાં વધુ પડતો પરસેવો ઉત્પન્ન કરે છે.

---

## સ્તન-પ્રદર્શન ‘આઉટ’ પગ- પ્રદર્શનની ‘ઈન’

આ સિઝનમાં સેલિબ્રિટી માનુનીઓએ પુરુષોની નજર ઉપર નહીં પણ નીચે રાખવાનો નિર્ધાર કર્યો હોય એમ લાગે છે. કહેવાનો અર્થ એ છે કે આ સિઝનમાં ફેશનેબલ પામેલાઓ ઉરોજ-દર્શન કરાવતાં નહીં, પણ ચરણ-દર્શન કરાવતાં ડ્રેસ પહેરવા લાગી છે. તેમના ખૂબસુરત પગ ફેશન રેમ્પથી લઈને બોલીવૂડ સેટ, બોલરૂમ, બોર્ડરૂમ,ટ્રેડમિલ અને જિમમાં પુરુષોને નજર નીચે

રાખવા મજબૂર કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સેલિબ્રિટીઓ પણ હવે ઊંધા ગળાના પણ આકર્ષક પગનું દર્શન કરાવતાં ડ્રેસ પહેરવાં લાગી છે. આવામાં આપણી બોલીવૂડ અભિનેત્રીઓ તેમને ન અનુસરે એવું બને ખરું ? અભિનેત્રી મિનિષા લાંબા કહે છે કે હવે નેકલાઈન થોડી ઊંચે ગઇ છે. તેવી જ રીતે હેમલાઈન પણ ઉપર ગઇ છે જે રમણીઓના સુંદર પગના દર્શન કરાવે છે. માત્ર મિનિષા લાંબા જ નહીં, કરીના કપૂર, પ્રિયંકા ચોપરા, કેટરીના કૈફ પણ તેમના આકર્ષક પગ દર્શાવવામાં ગર્વ અનુભવી રહી છે. મિસ વર્લ્ડની ફર્સ્ટ રનર અપ પાર્વતી ઓમકારનાથ માને છે કે ઊંચા ગળાના ટૂંકા ડ્રેસ વધુ આરામદાયક લાગે છે. ફેશન ડિઝાઈનરો પણ કહે છે કે થોડી ઊંચી નેકલાઈન અને આકર્ષક ચરણ-દર્શન ગ્લેમ ફેક્ટરને જાળવી રાખે છે. તેઓ વધુમાં જણાવે છે કે આધુનિક રમણીઓ બીજા લોકોને ખુશ કરવા નહીં પણ પોતાના મનને ગમે એવા પરિધાન પર પસંદગી ઉતારે છે.



## તંત્રી લેખ...

સોમવાર, તા.૦૭ જુલાઈ ૨૦૨૫

# પાંખા કામકાજો પાછળ તાંબામાં સ્થિર વલણ

તાંબુ હવે વૈશ્વિક અર્થવ્યવસ્થાના માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયું છે. વીજવહન,ડેટા સેન્ટરો, વીજળીની લાઈનો, પાણીની પાઈપો, નવીન ઉર્જા સાધનો, સોલાર પેનલ અને ઈલેક્ટ્રિક વાહનોમાં તેનો ઉપયોગ વધતો જાય છે. આજના યુગમાં જ્યારે દુનિયા સ્વચ્છ ઊર્જા તરફ વળી રહી છે ત્યારે તાંબુ જરૂરી ધાતુ બની ગયું છે.પરંતુ તાંબાનું ખાણકામ એટલું સહેલું નથી!તાંબાની નવી ખાણ શરૂ કરવા માટે મોટી મૂડી, લાંબો સમય અને મોટા રિસ્ક લેવાં પડે છે. ખાણ શોધાય ત્યારથી લઈને તેને ઉત્પાદન માટે તૈયાર કરવામાં ઘણીવાર ૨૦ થી ૨૫ વર્ષ સુધીનો સમય લાગી જાય છે.યુનાઈટેડ નેશન્સ કૉન્ફરન્સ ઑન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (અંકટાડ)ના અંદાજ મુજબ ૨૦૩૦ સુધી વધતી માગને પહોંચી વળવા માટે લગભગ ૨૫૦ અબજ ડોલરનું રોકાણ જરૂરી થશે અને વિશ્વભરમાં ઓછામાં ઓછી૮૦ નવી ખાણો શરૂ કરવી પડશે.

સમગ્ર વિશ્વના અડધા કરતાં વધુ તાંબાના ભંડારો પાંચ દેશોમાં જ સીમિત છે:ચિલી, પેરુ, ઑસ્ટ્રેલિયા, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કૉન્ગો અને રશિયા. જો કે ખનિજથી સમૃદ્ધ દેશો હોવા છતાં, એમને તાંબામાંથી પૂરો નફો મળતો નથી કારણ કે મોટાભાગનું વિતરણ અને શુદ્ધીકરણ ચીન જેવા દેશો કરે છે. ચીન વિશ્વના લગભગ ૬૦% તાંબાના કાચા માલની આયાત કરે છે અને ૪૫% કરતાં વધુ તાંબું શુદ્ધ કરે છે. આથી તાંબાનો કાચો માલ ચીન જાય છે અને ત્યાંથી શુદ્ધ અને તૈયારી થયેલા તાંબાના ઉત્પાદનો આખી દુનિયામાં વિતરીત થાય છે.અંકટાડે એવું જણાવી દીધું છે કે હવે ઉત્પાદન કરનારા દેશોએ ખનિજ શુદ્ધીકરણ, પ્રોસેસિંગ અને મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રે સઘન પગલાં લેવાં જોઈશે.આ દેશોએ ઔદ્યોગિક પાર્કો વિકસાવવાનું તથા ટેક્સ ઇન્સેન્ટિવ આપવાનું શરૂ કરવું જોઈએ, વેપાર માટેસારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું જોઈએ અને એવી નીતિઓ બનાવવી જોઈએ જેનાથી દેશની અંદર જ વધારે ઉત્પાદન થાય. આમ નહી થાય તો આ દેશો ફક્ત કાચા માલના સપ્લાયર તરીકે જ રહી જશે. અંકટાડના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં આયાત પર લાદવામાં આવતી ટેરિફનો પ્રશ્ન ઘણો ગંભીર બની ગયો છે.શુદ્ધ તાંબા પર ટેરિફ માત્ર બે ટકા હોય છે, જ્યારે એમાંથી બનેલા તૈયાર માલ પરની ટેરિફ આઠ ટકા જેટલી થઈ જાય છે. આમ, જે દેશો તાંબામાંથી મૂલ્યવધત ઉત્પાદનો કરવા ઈચ્છે છે એમની સમસ્યા વધી જાય છે.

અગાઉ જોયું એમ, તાંબાની નવી ખાણો કાર્યરત કરવામાં લાંબો સમય લાગી શકે છે. આવામાં આ ધાતુનું રિસાયકલિંગ કરવામાં આવે એ અગત્યનું છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૩માં વિશ્વના તાંબાના કુલ ઉપયોગમાંથી ૪.૫ મિલ્યન ટન એટલે કે ૨૦ટકા તાંબુ રિસાયકલિંગ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. હાલ અમેરિકા, જર્મની અને જાપાન તાંબાના ભંગારના સૌથી મોટા નિકાસકાર દેશો છે. બીજી બાજુ, ચીન, કેનેડા અને દક્ષિણ કોરિયા મોટા આયાતકાર છે. વિકસનશીલ દેશો માટે તાંબાનો ભંગાર એક મહત્ત્વપૂર્ણ જણસ બની શકે છે અને તેઓ એમાંથી પૈસા બચાવી પણ શકે છે અને કમાઈ પણ શકે છે. તાંબાના બજારની વાત કરીએ તો, હાલ ભાવ સ્થિર છે અને ટ્રેડિંગ સાધારણ છે. તાંબામાં ઓપન ઇન્ટરેસ્ટ અને ટ્રેડિંગ વોલ્યુમ સ્થિર છે. તાંબાના ભાવ પણ દૈનિક ધોરણે સાંકડી વધઘટ પામે છે. આમ, હાલમાં બજારના સહભાગીઓ સાવધાનીપૂર્વક કામકાજ કરી રહ્યા છે. ટેક્નિકલ સંકેતો પણ બજાર સંતુલિત હોવાનું દર્શાવે છે. જો કે, મધ્યમ ગાળા માટે રોકાણકારોને તાંબામાંથી કમાઈ લેવાની શક્યતા દેખાઈ રહી છે. નોંધનીય છે કે છેલ્લા થોડા વખતથી અમેરિકન ડોલર નબળો ચાલી રહ્યો હોઈ તાંબાના ભાવને ટેકો મળેલો છે. તાંબાનો ભાવ ડોલરમાં ચાલે છે અને તેથી બીજાં ચલણ વાપરનારને આવી વસ્તુનો ભાવ સસ્તો પડે છે. અમેરિકન ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે એ સ્થિતિમાં ડોલરનું મૂલ્ય હજી ઘટી શકે છે. આથી તાંબા જેવી ધાતુની માગ વધી શકે છે.

# એરંડાને પણ લઘુત્તમ ટેકાના ભાવનું રક્ષણ આપવા માંગ

ભારત પૂર્વમા બંગાળની ખાડી, પશ્ચિમમાં અરબ સાગર અને દક્ષિણમાં હિન્દ મહાસાગરથી ઘેરાયેલો હોવાથી આજકાલ પૂર્વથી પશ્ચિમ દિશાઓમાંથી ચોમાસુ વ્યાપક પ્રમાણમાં સક્રિય થતા નિયત સમય કરતા પહેલા વરસાદે રફતાર પકડી છે જેના લીધે જળાશયોમાં પાણીની આપુર્તિ થવાની સાથે સાથે ખરીફ પાકોનું પણ મોટે પાયે રેકોર્ડ સ્તરે ઉત્પાદન થવાની અપેક્ષા છે ખાસ કરીને ગુજરાત તથા રાજસ્થાનમાં ખરીફ પાકોની વાવણીનું કામકાજ પૂરજોશમાં જોવા મળી રહ્યું છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે જુન સુધીમાં ગુજરાતમાં વાવેતર ૨૪ લાખ હેક્ટરથી વધીને લગભગ ૩૪ લાખ હેક્ટર અને રાજસ્થાનમાં ૧૫ લાખ હેક્ટરથી વધીને ૭૦ લાખ હેક્ટર સુધીનો નોંધપાત્ર ઉછાળો થયો હોવાના અહેવાલો છે. મહારાષ્ટ્રમાં પણ ૮૪ લાખ હેક્ટર અને કર્ણાટકમાં ૪૩ લાખ હેક્ટરની સપાટીએ રહ્યું છે. ગુજરાતમાં કપાસ, મગફળી અને એરંડાનું વાવેતર ખરીફ સીઝનમાં થાય છે. જ્યારે રાજસ્થાનમાં બાજરા, મગ તથા ગવારનું અને મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં તુવેરનું સૌથી વધુ ઉત્પાદન રહે છે, મધ્યપ્રદેશમાં સોયાબીનનું ઉત્પાદન સૌથી વધુ થાય છે.

આ વર્ષે દેશના સાત રાજ્યો ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ, કર્ણાટક, મણિપુર તથા ત્રિપુરામાં તુવેર તથા અડદ ઉત્પાદન વધારવા માટે કેન્દ્ર સરકારે વિશેષ કવાયત હાથ ધરીને સાત રાજ્યોના એક ડઝન જિલ્લાઓની પસંદગી કરી કઠોળના બિયારણથી માંડીને માવજત કરવા સુધી તમામ તૈયારીઓ સાથે અમલીકરણ કર્યું છે. ખેડૂતોને દાળોના ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવા માટે દાળોના ટેકાના ભાવે ખરીદી કરવા સુધીની તૈયારી દર્શાવી અભિયાન છેડયું છે. ગત વર્ષે ઝારખંડના રાજ્યના બે જિલ્લાઓમાં ઉપરોક્ત પ્રમાણે પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો અને જેમાં સફળતા મળતા આ વર્ષે સાત રાજ્યોના એક ડઝન જેટલા જિલ્લાઓમાં દાળોની ખેતી વધારવા કમર કસી છે.

દાળોની સાથે સાથે તેલીબીયામાં સ્વનિર્ભર બનવા માટે સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દેશમાં ખાદ્ય તેલોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે બહારથી ૫૦ ટકા ઉપરાંત ખાદ્ય તેલ આયાત કરવું પડે છે. ખાદ્ય તેલોમાં મગફળી, એરંડા, તેલ, સોયાબીન તથા રાયડાનો મુખ્ય પાકમાં ઉત્પાદન વધારો થાય તે જરૂરી બન્યું છે. રાયડામાં છેલ્લા એક મહિનામાં પ્રતિ ક્વિન્ટલે ૪૦૦ રૂપિયાની તેજી સાથે ભાવો ૬૨૦૦થી ૬૫૦૦ની રેન્જમાં ચાલી રહ્યા છે. આ ઉપરાંત કાળા તથા સફેદ તલની બજારો પણ મજબૂત રહી છે. કાળા તલમાં તેજીનો પ્રભાવ યથાવત્ રહીને પ્રતિ કિલોએ રૂા. ૮થી ૧૦ રૂપિયાના વધારા સાથે ભાવો ૨૦૦ રૂપિયાની સપાટી પાર કરી છે. સારી ક્વોલિટીના માલની અછત હોવાથી બજારો મક્કમ રહે તેવી વકી છે.

તેલીબિયામાં આ વર્ષે મગફળીના વાવેતરમાં ૨૫ ટકાના વધારા સાથે એરંડામાં પણ ભાવો ૧૩૫૦ની ઉચ્ચ સપાટીએ સારા મળતા ૧૫થી ૨૦ ટકા વાવેતર વધવાના અંદાજ છે. ગુજરાતમાં એરંડાની ખેતી સવિશેષ થાય છે. દેશમાં એરંડાના ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૭૦ ટકા ઉપરાંતનો છે. એરંડાના તેલની વિદેશોમાં મોટે ભાગે નિકાસ થાય છે. જેમાં દેશને સારા પ્રમાણમાં હુંડિયામણ પણ મળે છે. જો કે, છેલ્લા ત્રણેક વર્ષથી એરંડાની બજારો તળિયે રહેતા ખેડૂતોમાં નારાજગી છવાઈ ગઈ હતી પરંતુ છેલ્લા ત્રણેક માસથી માલની અછત સામે ડિમાન્ડ નોંધપાત્ર રહેતા એરંડા બજારમાં કરંટ લાગતા પ્રતિ મણે ભાવો ૧૩૫૦ સુધી ઉંચા રહેતા ખેડૂતોમાં ફરી એરંડાની ખેતીનું આકર્ષણ વધી રહ્યું છે. એરંડાની ખેતી સૌથી વધુ ઉત્તર ગુજરાતમાં થાય છે. જો કે, આ વર્ષે સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ મગફળીની સાથે સાથે એરંડાનું વાવેતર વધે તેમ છે. એરંડો અઢળક વિદેશી હુંડિયામણ કમાવી આપતી જણસી હોવાથી અત્યારે એરંડાને પણ લઘુત્તમ ટેકાના ભાવનું રક્ષણ આપવું જોઈએ તેવી ખેડૂતોની વ્યાપક માંગ ઉઠી છે.

## વિદેશમાં સ્થાઈ થવાનો ભારતીયોનો ક્રેઝ દાયકાઓ જૂનો છે

# એક દશકામાં પહેલી વખત કરોડપતિ ભારતીયોનું વિદેશગમન ઘટયું

વિદેશમાં સ્થાઈ થવાનો ભારતીયોનો ક્રેઝ દાયકાઓ જૂનો છે. એમાંય ગુજરાતીઓ તો દાયકાઓથી દરિયાઈ માર્ગે વિદેશોમાં વેપાર કરતા આવ્યા છે. ભારતમાં અંગ્રેજોનું રાજ હતું ત્યારે ભણવા માટે ભારતીય વિદ્યાર્થીઓ બ્રિટન જતા હતા. એ ટ્રેન્ડ પછીથી પૂરજોશમાં વધ્યો. આઝાદી પછીય તેજસ્વી યુવક-યુવતીઓ બ્રિટન-અમેરિકા ભણીને ત્યાં સ્થાઈ થવાનું પસંદ કરતાં હતાં.

ભારતની સરખામણીએ વિદેશમાં નોકરી-ધંધાની તકો વધુ હોવાથી ૨૦મી સદીના છેલ્લાં બે દશકામાં પણ ભારતીય સ્ટૂડન્ટ્સ અને પ્રોફેશનલ્સમાં વિદેશમાં વસવાટ કરવાનું વલણ ઉત્તરોત્તર વધતું જોવા મળ્યું. એમાંય વળી કરોડપતિઓ-અબજોપતિઓ પણ તક મળ્યે વિદેશમાં રોકાણ કરીને સ્થળાંતર કરવા માંડયા. દેશમાં બદલાતી આર્થિક-રાજકીય-સામાજિક પરિસ્થિતિને જોઈને ધનવાનો ૨૧મી સદીમાં પણ વિદેશમાં વસવાટને પ્રાયોરિટી આપે છે. ભારતમાં અમેરિકા-ચીનની સરખામણીએ ધનવાનો ઝડપભેર વધી રહ્યાં છે. લખપતિઓમાંથી વર્ષે હજારો નાગરિકો કરોડપતિઓ બને છે, પરંતુ તેમને કરોડપતિ બન્યાં પછી દેશમાં રહેવાનું ગમતું નથી.

ભારતમાં આમ તો વર્ષોથી નાગરિકો ઉજ્જવળ ભવિષ્ય માટે વિદેશમાં વસવાનું પસંદ કરતા આવ્યાં છે, પરંતુ છેલ્લાં એક દશકામાં ધનપતિઓ વિદેશગમન કરતા હોય એ ટ્રેન્ડ ૭૨ ટકા વધ્યો. ૨૧મી સદીના ભારતમાં અનેક તકો સર્જાતા અનેક લખપતિઓ કરોડપતિઓ બન્યા, પરંતુ તેમને ભારત કરતાં અમેરિકા-બ્રિટન-કેનેડા-ઓસ્ટ્રેલિયા-યુએઈ જેવા દેશોમાં રોકાણ કરીને વસવાનું વધારે પસંદ પડયું. ૨૦૧૪થી ૨૦૨૪ના દશકામાં આ ટ્રેન્ડ ખૂબ ખીલ્યો.

અલગ અલગ અહેવાલોનું માનીએ તો દેશમાં કરોડપતિઓની સંખ્યા ૧૦લાખથી વધુ છે. દેશની કુલ વસતિમાંથી ૧૦ લાખ લોકોની વ્યક્તિગત સંપત્તિ એક કરોડ કે તેથી વધુ છે. એમાંય વળી પાંચ કરોડથી વધુ સંપત્તિ હોય એવા નાગરિકોની સંખ્યા ૩.૧૦ લાખથી વધુ છે. ૧૦ વર્ષ પહેલાં ૨૦૧૫માં હાઈ નેટ વર્થ ઈન્ડિવિઝ્યુઅલ્સ એટલે કે ૫-૧૦ કરોડથી વધુ સંપત્તિ ધરાવતા નાગરિકોની સંખ્યા ૨,૩૪,૦૦૦ હતી. કરોડપતિઓની સંખ્યાના મામલે ભારત અમેરિકા-ચીનથી ઘણું પાછળ છે. અમેરિકા પાસે ૨.૨ કરોડથી વધુ કરોડપતિઓ છે, તો ચીનમાં ૬૦ લાખ કરોડપતિઓ રહે છે.

અમેરિકા-ચીનમાં ભારતની સરખામણીએ ભલે કરોડપતિઓ વધારે હોય, પરંતુ કરોડપતિઓના સર્જનમાં અત્યારે ભારતનો ગ્રોથ આ બંનેથી ઘણો વધારે છે. ભારત વિશ્વનું સૌથી ઝડપથી ઉભરતું અર્થતંત્ર હોવાથી દેશમાં સાયન્સ-ટેકનોલોજી-ઉર્જા-સ્પેસ સાયન્સ-સર્વિસ સેક્ટર-મેન્યુફેક્ચરિંગ સહિતના અનેક ક્ષેત્રોમાં તકો સર્જાઈ છે. પરિણામે રોકાણકારોની સંપત્તિ ઝડપભેર વધી રહી છે. ભારતમાં કરોડપતિ-અબજોપતિઓના સર્જનમાં ૫.૬ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. એનાથી સારું ચિત્ર એ છે કે આ ધનપતિઓની સંપત્તિમાં ૮.૮ ટકાના દરે વૃદ્ધિ થઈ રહી છે. જોકે, ભારત માટે કરોડપતિઓને દેશમાં રોકી રાખવાનું અત્યાર સુધી સૌથી મુશ્કેલ કામ રહ્યું છે.

ભારતમાં પરિસ્થિતિ થોડી સુધરી છે, તેની સામે સોને કી ચિડિયા ભારતને એક સમયે બેફામ લૂંટનારા બ્રિટનની સ્થિતિ કફોડી થઈ રહી છે. બ્રિટનનું અર્થતંત્ર અગાઉ ક્યારેય ન હતું એટલું મંદ છે. છેલ્લાં પાંચ વડાપ્રધાનો તેને પાટા પર લાવી શક્યા નથી. બ્રિટનમાં ધનવાનો પર વધુ ટેક્સ ઝીકવાનું શરૂ થયું છે. બ્રિટનના અર્થતંત્રની નૌકા ડૂબતી જોઈને ધનપતિઓનો વિશ્વાસ ડગમગી ગયો છે. બ્રિટનમાંથી જ એક વર્ષમાં ૧૬,૫૦૦ કરોડપતિઓ વિદેશમાં સ્થાઈ થયા છે. બ્રિટનના નાગરિકો અમેરિકા જવાનું પસંદ કરી રહ્યાં છે. આ ક્રમમાં બીજા ક્રમે ચીન છે. ચીનમાં પારદર્શક વ્યવસ્થા નથી.



ગમે તે ઉદ્યોગપતિ પર ગમે ત્યારે તવાઈ આવી શકે છે. ચીનમાં રહેવામાં પારાવાર જોખમ છે એ સમજી ચૂકેલા કરોડપતિઓ સદ્ધર થાય કે તુરંત જ દેશ છોડવાનું પસંદ કરે છે. તેના કારણે ચીનના ૭૮૦૦ કરોડપતિઓએ એક વર્ષમાં દેશ છોડી દીધો છે.

દુનિયામાં દર વર્ષે સરેરાશ દોઢેક લાખ કરોડપતિઓ પોતાનો દેશ છોડે છે. એ પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. ભારત જેવા વિકાસશીલ દેશોના કરોડપતિઓ અમેરિકા-કેનેડા-બ્રિટન જેવા દેશોમાં જવાનું પસંદ કરે છે. તો અમેરિકા જેવા દેશના ધનપતિઓ પણ સરકારની પૉલિસી, વિદેશમાં તકો, સુખાકારી, હેપીનેસ ઈન્ડેક્ષ વગેરે જોઈને યુરોપના નાના દેશોમાં જઈને શાંતિથી જીવન વિતાવવાનું પસંદ કરે છે. ૨૦૨૪-૨૫ના વર્ષમાં ૧.૪૨ કરોડપતિઓએ પોતાનો દેશ છોડયો હતો. ૨૦૨૬માં તો આ આંકડો વધીને ૧.૬૬ લાખે પહોંચી જાય એવો અંદાજ બાંધવામાં આવ્યો છે.

હેનલે પ્રાઈવેટ વેલ્થ માઈગ્રેશનના રિપોર્ટનું માનીએ તો ૨૦૨૩માં ૫૧૦૦ કરોડપતિ ભારતીયો વિદેશ જઈને વસ્યા હતા. ૨૦૨૪માં ૪૩૦૦ ભારતીય કરોડપતિઓએ વિદેશમાં જઈને રહેવાનું પસંદ કર્યું હતું. ગયા વર્ષે એમાં ૮૦૦ ધનપતિઓનો ઘટાડો થયો હતો. ૨૦૨૫ના વર્ષમાં પણ આ ઘટાડો શરૂ રહ્યો હતો. ૨૦૨૫ના વર્ષમાં ૩૫૦૦ કરોડપતિઓએ દેશ છોડયો હતો. આ આંકડો ઘણો મોટો છે, છતાં ગત વર્ષની સરખામણીએ ૮૦૦ કરોડપતિઓ ઓછા છે. જો બે વર્ષના આંકડાં જોઈએ તો ૧૬૦૦ કરોડપતિએ વિદેશમાં જવાને બદલે દેશમાં રહી જવાનું પસંદ કર્યું હતું.દુનિયાના જે દેશો પર ધનપતિઓને વિશ્વાસ હતો એ દેશમાં ભારતીયો વિરૂદ્ધ હેટક્રાઈમમાં છેલ્લાં એક જ દશકામાં ૨૫ ટકાનો ઉછાળો આવ્યો છે. અમેરિકામાં ૨૦૧૬માં ટ્રમ્પ સત્તામાં આવ્યા તે પછીથી ચાર વર્ષમાં વિદેશી વિદ્યાર્થીઓ, વિદેશી પ્રોફેશનલ્સને નિશાન બનાવવાનું વધ્યું હતું. એની સીધી અસર દુનિયા આખીમાં પડી હતી. યુરોપમાં પણ ભારતીયો સહિત એશિયન્સ પર હુમલા વધ્યા છે. યુરોપ આખામાં જમણેરી યાને કટ્ટર રાષ્ટ્રવાદી પાર્ટીઓનો ઉદય થયો હોવાથી સરકારી પૉલિસીમાં પરિવર્તન આવ્યું છે. વળી, યુદ્ધોની પરિસ્થિતિ સર્જાઈ હોવાથી ૨૦૨૨ પછી ધનપતિઓનું વલણ બદલાયું છે. બીજી તરફ ભારતનું વિકસતું અર્થતંત્ર અનેક તકો સર્જી રહ્યું છે. વિજ્ઞાન-ટેકનોલોજીના ક્ષેત્રમાં રોકાણ-નોકરીની તકો વધી છે. આ કારણે કરોડપતિઓનો વિશ્વાસ થોડો દૃઢ બન્યો છે.૧૦ વર્ષ પહેલાંનું ઉદાહરણ જોઈએ તો સમજાય કે ધનકુબેરોનું વિદેશગમન ધીમે ધીમે ઘટી રહ્યું છે. ૨૦૧૬ પહેલાં તો દર વર્ષે ૬૦૦૦થી વધુ કરોડપતિઓ વિદેશ ચાલ્યા જતા હતા. ૨૧મી સદીના ૧૫ વર્ષમાં ૬૧,૦૦૦ કરોડપતિઓએ ભારત છોડીને વિદેશમાં વસવાનું પસંદ કર્યું હતું. એ સરેરાશ ૪૦૦૦થી વધુ હતી. એની તુલનામાં પહેલી વખત કરોડપતિઓના વિદેશગમનનો આંકડો સરેરાશથી પણ નીચો ગયો છે. તેમ છતાં એક જ વર્ષમાં જે ૩૫૦૦ કરોડપતિઓ વિદેશમાં જઈ વસ્યા છે તેમની કુલ સંપત્તિ ૨૬.૨ અબજ ડોલર (અંદાજે ૨૨,૧૮,૫૮,૦૦,૦૦,૦૦૦ રૂપિયા)થી વધુ છે. આ આંકડો ઘણો મોટો કહેવાય. જો આ ધનવાનો ભારતમાં રહે તો તેમના માતબર રોકાણનો લાભ દેશને મળી શકે. ભારતે પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનવાનો લક્ષ્યાંક સેટ કર્યો છે. આ પરિસ્થિતિમાં દેશમાં કમાઈને વિદેશમાં રોકાણ કરીને સ્થાઈ થતાં કરોડપતિઓને દેશમાં જ યોગ્ય વાતાવરણ આપવું પડશે. તેમનો વિશ્વાસ ભારતના અર્થતંત્ર પર જેટલો વધશે એટલો દેશને લાંબાગાળે ફાયદો થશે.દુનિયાભરના દેશોમાંથી વર્ષે દોઢેક લાખ કરોડપતિઓ સ્થળાંતર કરે છે. આ ધનકુબેરો જે દેશમાં જવાને પ્રાથમિકતા આપે છે એ દેસ છે યુનાઈટેડ આરબ એમિરેટ્સ-યુએઈ. જગતના ૯૮,૦૦૦ ધનપતિઓએ યુએઈમાં રોકાણ કરીને વસવાટ કરવાનું પસંદ કર્યું છે. યુએઈમાં ટૂરિઝમ, ટેક્નોલોજી, પેટ્રોલિયમ જેવા ક્ષેત્રોમાં રોકાણની ખૂબ તકો છે. આ ક્ષેત્રોમાં રોકાણ કરીને ધનપતિઓ સંપત્તિમાં ઝડપભેર વૃદ્ધિ કરી શકે છે. તે કારણે દેશ છોડી દેતા દુનિયાના દોઢ લાખ કરોડપતિઓમાંથી એક લાખ જેટલાં તો યુએઈ આવી જાય છે. અમેરિકા ૧૦,૦૦૦ કરોડપતિઓ માટે લાલજાજમ બિછાવે છે. ધનકુબેરોને ટેક્સમાંથી મુક્તિ આપતા મોનાકો, માલ્ટા, ઈટાલી, સ્વિટ્ઝર્લેન્ડ, પોર્ટુગલ જેવા દેશો પણ વર્ષે હજારોની સંખ્યામાં કરોડપતિઓને આવકારે છે અને તેમનું રોકાણ મેળવે છે.

## સાઈબર સિક્યોરિટી એક્સપર્ટ્સે દાવો કર્યો છે

# ૧૬૦૦ કરોડ પાસવર્ડ ચોરી કોમન પાસવર્ડ સેટ કરતાં પહેલાં સાવધાન!

### ગૂગલ સહિતના એકાઉન્ટ્સનો સમાવેશ થતો હોવાની શક્યતા છે. અમેરિકન મીડિયા સાઈબર ન્યૂઝમાં કહેવાયું છે કે ૧૫૦-૨૦૦ કરોડ યુઝર્સ આ પાસવર્ડ ચોરીમાં પ્રભાવિત થયા છે.

સાઈબર સિક્યોરિટી એક્સપર્ટ્સે દાવો કર્યો છે કે કરોડો યુઝર્સના ૧૬૦૦ કરોડ પાસવર્ડ્સ લીક થઈ ગયા છે. એમાં ફેસબુક, એપલ, ગૂગલ સહિતના એકાઉન્ટ્સનો સમાવેશ થતો હોવાની શક્યતા છે. અમેરિકન મીડિયા સાઈબર ન્યૂઝમાં કહેવાયું છે કે ૧૫૦-૨૦૦ કરોડ યુઝર્સ આ પાસવર્ડ ચોરીમાં પ્રભાવિત થયા છે. જુદા જુદા ૩૦ ડેટાબેઝ હેકર્સના હાથમાં આવી ગયા છે. કંપનીઓએ આ બાબતે કોઈ સ્પષ્ટતા કરી નથી, છતાં કરોડો યુઝર્સને પોતાનો પાસવર્ડ સુરક્ષાના કારણથી તુરંત બદલવાની સલાહ આપવામાં આવી છે.

- પાસવર્ડ આધારિત દુનિયામાં સ્માર્ટ પાસવર્ડ પસંદ કરો!

- રસપ્રદ બાબત એ છે કે અંગ્રેજીનો 'પાસવર્ડ' શબ્દ જ પાસવર્ડ રાખવા માટે સૌથી કોમન છે : ૧૨૩૪૫૬ બીજા ક્રમનો સૌથી કોમન પાસવર્ડ

- ૩૧% યુઝર્સે આંકડાના ક્રમને પાસવર્ડ બનાવ્યો છે : ૧૨૩૪૫૬૭૮૯, ૧૨૩૪૫, ૦૦૦૦૦૦, આગળ દેશનું નામ એ પછી જ કે ઈની નિશાની ને દેશનું નામ કે પોતાનું નામ - આ સૌથી કોમન ટ્રેન્ડ

પાસવર્ડ એટલે સિક્રેટ સંકેત. દુનિયાભરમાં ખજાનો છુપાવવા માટે વિવિધ પ્રકારની પાસવર્ડ સિસ્ટમ ઉપયોગમાં લેવાતી. પ્રાચીન સમયથી તેનું ચલણ છે. દીવાલમાં કે ભોંય પર કોઈ ચોક્કસ જગ્યાએ ચોક્કસ ગતિવિધિ કરવાથી સિક્રેટ રસ્તો ખુલતો, જે ખજાના સુધી દોરી જતો કે નવા માર્ગ સુધી લઈ જતો. એ પણ એક રીતે પાસવર્ડનું જ સ્વરૂપ થયું.

જૂના સમયે દુશ્મનો મહેલને ઘેરી લેતા ત્યારે સંકટ સમયે સિક્રેટ રસ્તાઓ અને તેના સંકેતોનો ઉપયોગ કરીને રાજા-રાણી, રાજકુમાર-રાજકુમારી વગેરેનો જીવ બચાવાતો. જૂની ઈમારતોમાં મહત્વની ચીજ-વસ્તુઓ સાચવી રાખવા હજુય એવાં પાસવર્ડથી ખુલતા ખાનાઓ નજરે ચડે છે. નવી ઈમારતોમાં પણ પહેલી નજરે ખબર ન પડે એવાં પાસવર્ડથી ઓપન થતાં સિક્રેટ પેસેજ હોય છે. પાસવર્ડના આવાં કેટલાય સ્વરૂપો પહેલાં ય હતાં, હજુય છે.

મિલિટરી ઉપયોગમાં અનેકાનેક શબ્દોનો ઉપયોગ થતો હોય છે, જે ખરું જોતાં એના જાણકારો માટે પાસવર્ડ જ હોય છે. કોઈ લશ્કરી ઓપરેશન હાથ ધરાતું હોય ત્યારે તેનું નામ આપવામાં આવે, એ ઓપરેશનમાં મહત્વની ભૂમિકા ભજવનારા સિવાય તેની જાણકારી એ વખતે અન્ય કોઈ પાસે હોતી નથી. એ પણ પાસવર્ડ સિસ્ટમ જ છે.

સદીઓ જૂની આ પાસવર્ડ પદ્ધતિને ડિજિટલ બનાવવાનો યશ અમેરિકાના કમ્પ્યુટર સાયન્ટિસ્ટ ફર્નાન્ડો કોર્બાટોને મળે છે.

ડિજિટલ પાસવર્ડની શોધ કરનારા કમ્પ્યુટર સાયન્ટિસ્ટ

ફર્નાન્ડો કોર્બાટો નામના અમેરિકન કમ્પ્યુટર સાયન્ટિસ્ટે ૭૦ના દશકામાં ડિજિટલ પાસવર્ડની શોધ કરી હતી. આમ તો ફર્નાન્ડો કમ્પ્યુટરમાં શેરિંગ સિસ્ટમ પર કામ કરતા હતા ને તેમનું સમગ્ર ધ્યાન એ તરફ હતું. એક જ કમ્પ્યુટર્સ સોર્સનો ઉપયોગ એકથી વધુ યુઝર્સ કરતા હતા એટલે કેટલીક ફાઈલ્સને સુરક્ષિત રાખવા માટે શેરિંગ સિસ્ટમની આડપેદાશ સ્વરૂપે ફર્નાન્ડોએ ડિજિટલ પાસવર્ડની પદ્ધતિ અજમાવી હતી. કમ્પ્યુટર ઓપરેટિંગ સિસ્ટમ, ફાઈલ શેરિંગ સિસ્ટમ વગેરે પર તેમનું વિશેષ ધ્યાન હતું એટલે તેમણે ડિજિટલ પાસવર્ડની પોતાની શોધને નકામી ગણી હતી. ફર્નાન્ડોના પગલે પગલે રોબર્ટ મોરિસ, જોન ધ રિપેર જેવા સંશોધકોએ ડિજિટલ પાસવર્ડના નવા નવા સ્વરૂપો શોધ્યા ને પાસવર્ડની સિસ્ટમને બહેતર બનાવી.

ડિજિટલ યુગમાં પાસવર્ડનું પ્રભુત્વ

શરૂઆતમાં માત્ર કમ્પ્યુટર્સ, લેપટોપ માટે જ કામની ગણાતી આ પાસવર્ડ સિસ્ટમ સ્માર્ટફોનની દુનિયામાં યુઝર્સ માટે જાણે પ્રાઈવસીનો પર્યાય બની ગઈ. આજે ડિજિટલ પાસવર્ડ વગરની દુનિયાની કલ્પના થઈ શકે તેમ નથી. સ્માર્ટફોનમાં પાસવર્ડ, મેઈલમાં પાસવર્ડ, વોટ્સએપમાં પાસવર્ડ, ફોટો-વિડીયો ગેલેરીમાં પાસવર્ડ, પેમેન્ટ એપમાં પાસવર્ડ, ઓટીટીમાં પાસવર્ડ, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સમાં પાસવર્ડ, એપ સ્ટોરમાં પાસવર્ડ, કંપનીની સિસ્ટમમાં પાસવર્ડ... ટેકનોલોજીના યુગમાં જ્યાં જુઓ ત્યાં બસ પાસવર્ડ જ પાસવર્ડ. ક્યાંક ડિજિટલ પીનથી કામ ચાલે તો ક્યાંક પેટર્નલોક હોય, ક્યાંક ફેસલોક હોય. પાસવર્ડ ડિજિટલ ક્રાંતિની કરોડરજ્જુ છે. પાસવર્ડ ન હોય તો ડિજિટલ વર્લ્ડ એક પળ માટેય સુરક્ષિત નથી. એમાંય આથક છેતરપિંડીના જે બનાવો વધી રહ્યા છે તે જોતાં જો પાસવર્ડ



ન હોય તો ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ ધરાશાયી થઈ જાય.

પાસવર્ડ સેટ કરવામાં યુઝર્સ બેદરકાર

પાસવર્ડ અંગેના સર્વેક્ષણોમાં જણાયું છે કે સેંકડો યુઝર્સ તેમના પાસવર્ડને લઈને ગંભીર નથી. માત્ર સેટ કરવા ખાતર પાસવર્ડ સેટ કરી નાખે છે. પાસવર્ડ સેટ કરવામાં યુઝર્સ એટલા ઉદાસીન છે કે કરોડો લોકો જે પાસવર્ડ સેટ કરે છે એ જ પાસવર્ડ પોતાના પ્રોફાઈલમાં પણ મૂકી દે છે ને તેના પરિણામે હેકર્સનું કામ ખૂબ સરળ બની જાય છે. વિખ્યાત પાસવર્ડ મેનેજર કંપની નોર્ડપાસના અહેવાલ પ્રમાણે દુનિયાભરના કરોડો યુઝર્સ એક સરખો પાસવર્ડ સેટ કરે છે. તેથી હેકર્સ સેકન્ડોમાં એ પાસવર્ડ ક્રેક કરી નાખે છે. પાસવર્ડ શબ્દ ખુદ પાસવર્ડ રાખવા માટે સૌથી કોમન છે. ૨૦૦ પાસવર્ડનું એક લિસ્ટ જાહેર થયું હતું અને યુઝર્સને એવા પાસવર્ડ ન રાખવાની સલાહ અપાઈ હતી. એમાં પાસવર્ડ શબ્દ ઉપરાંત ૧૨૩૪૫૬ બીજા ક્રમનો સૌથી કોમન પાસવર્ડ હતો. લોકો પાસવર્ડ સેટ કરતી વખતે બહુ વિચારતા નથી એટલે આ યાદ રહે એવો આસાન પાસવર્ડ સેટ કરી નાખે છે. દુનિયાના કુલ યુઝર્સમાંથી ૩૧ ટકાએ આંકડાના ક્રમને પાસવર્ડ બનાવ્યો છે. એમાં ૧૨૩૪૫૬૭૮૯, ૧૨૩૪૫, ૦૦૦૦૦૦, આગળ દેશનું નામ એ પછી જ કે ઈની નિશાની ને દેશનું નામ કે પોતાનું નામ. આ ટ્રેન્ડ સૌથી કોમન જોવા મળે છે.

ભારતમાં કોમન પાસવર્ડ

એડમિન, પાસજ૧૨૩, એડમિનજ૧૨૩, એબીસીડી૧૨૩૪, એબીસીડીજ૧૨૩૪, વેલકમ૧૨૩, વેલકમજ૧૨૩૪ જેવા પાસવર્ડ ભારત સહિત આખી દુનિયામાં કોમન છે. ભારતના યુઝર્સમાં આ પાસવર્ડ ઉપરાંત ઈન્ડિયાજ૧૨૩, અનમોલ૧૨૩, જયશ્રીકૃષ્ણ, હરહરમહાદેવ જેવા પાસવર્ડ સેટ કરે છે. હજારો-લાખો યુઝર્સમાં કોમન થઈ પડતાં આ પાસવર્ડને હેક કરવાનો હેકર્સ માટે સેકન્ડોનો ખેલ છે. આવા યુઝર્સ પર હેકિંગનું જોખમ સૌથી વધુ છે.

સાવધાન રહેવા આટલું કરો!

નોર્ડપાસની સલાહ પ્રમાણે કોમન પાસવર્ડથી ડેટા ચોરીનો ખતરો વધે છે ને પેમેન્ટ એપ્સમાં છેતરપિંડીની શક્યતા પણ અનેકગણી વધી જાય છે. સોશિયલ મીડિયા એકાઉન્ટ્સના હેકિંગનો ભોગ બનતા યુઝર્સમાંથી મોટાભાગના યુઝર્સમાં બે બાબતો કોમન હતી. એક, લાંબાં સમયથી એકનો એક પાસવર્ડ. બીજું, કોમન પાસવર્ડ. એક્સપર્ટ્સ યુઝર્સને સલાહ આપે છે કે પાસવર્ડ સેટ કરતી વખતે બે-ત્રણ બાબતોનું ખાસ ધ્યાન આપવું જોઈએ.

સાવ કોમન હોય એવો પાસવર્ડ ન સેટ કરવો.

બધા આંકડાંનો કે બધા અક્ષરોનો પાસવર્ડ સેટ કરવાને બદલે યુનિક આંકડા કે અક્ષરોનો મેળ બેસાડીને પાસવર્ડ સેટ કરો.

શક્ય હોય ત્યાં સુધી યુઝર્સ પોતાની જન્મતારીખ અને નામને અવગણે તો વધારે સારું.

સોશિયલ મીડિયામાં જન્મતારીખ દેખાતી હોવાથી હેકર્સ માટે અંદાજ લગાવવાનું આસાન બને છે.

પેરેન્ટ્સ, બાળકોના નામના અક્ષરો કે જન્મતારીખ, મેરેજ એનિવર્સરી, કાર-બાઈકના નંબર, મકાન નંબર, વતનનું નામ, સોસાયટીના નામના અક્ષરો વગેરે વધારે સલામત છે. તેને તરત પ્રેડિક્ટ કરવાનું મુશ્કેલ છે અને એનાથી પાસવર્ડ યુનિક બને છે.

પાસવર્ડ રાખવા એક્સપર્ટ્સની વિચિત્ર ટિપ્સ

તમારી ભાવતી વાનગીને પાસવર્ડમાં સ્થાન આપો. તેનાથી યાદ રાખવામાં સરળતા રહેશે ને પાસવર્ડ યુનિક બનશે.

તમને ભાવતો ફ્લેવર પણ પાસવર્ડ બની શકે.

ગમતા કલરનું નામ પાસવર્ડમાં સ્થાન મેળવી શકે.

ગમતી બ્રાન્ડને પાસવર્ડ બનાવી શકાય.

રોલમોડેલના નામના અક્ષરો પણ પાસવર્ડમાં જગ્યા બનાવી શકે.

કોઈ ચોક્કસ તારીખ-વર્ષ કે જેનું લાઈફમાં મહત્ત્વ હોય એને પાસવર્ડમાં સ્થાન આપો. જેમ કે પોસ્ટગ્રેજ્યુએશનનું વર્ષ, નોકરી શરૂ કરી હોય એનું વર્ષ, એ તારીખ, બાળકનો જન્મ થયો હોય એ વર્ષ - એ બધા નંબર્સ તમને યાદ પણ રહેશે અને તેનાથી સેંકડો યુઝર્સ કરતાં જુદો પાસવર્ડ ક્રિએટ થશે.

પીન સેટ કરવામાં પણ કોમન આંકડાંને પસંદ ન કરો. એવા આંકડાં પસંદ કરો, જે તમને યાદ રહે છતાં કોમન ન હોય

ચાર આંકડાંનો પીન સેટ કરવાનો હોય તો ઘણાં પતિ-પત્ની બંનેના મોબાઈલ નંબરના પહેલા કે છેલ્લાં આંકડાં પસંદ કરે છે. તો ઘણાં એબીસીડી પ્રમાણે નામને નંબર બનાવીને સેટ કરે છે. એ જ રીતે પેટર્ન લોકમાં પણ નવીનતા રાખવી જોઈએ. એમાં વિકલ્પો ઓછા હોય છે, છતાં બધા જે પેટર્ન રાખતા હોય એવી પેટર્ન ટાળવી જોઈએ.

છેલ્લાં ચાર-છ મહિનાથી કે વર્ષથી પાસવર્ડ ચેન્જ કર્યો નથી તો તુંરત પાસવર્ડ બદલી નાખો. પાસવર્ડ સેટ કરતી વખતે ઉપરની બાબતો ધ્યાનમાં રાખો. કોમન નહી યુનિક બનો તો પાસવર્ડ પણ આપોઆપ યુનિક બની જશે.





# એકતાની 'ક્યું કી સાસ ભી કભી બહુ થી'ની બીજી સીઝન પોસ્ટપોન થઈ

એકતા કપૂરની લોકપ્રિય સિરીયલ 'ક્યુંકી સાસ ભી કબી બહુ થી'ની બીજી સીઝન આવી રહી છે, તે અંગે લાંબા સમયથી ચર્ચાઓ ચાલે છે. આ શો માટે સ્મૃતિ ઈરાની અને અમર ઉપાધ્યાય સહિતના કલાકારોએ શૂટિંગ પણ શરૂ કરી દીધું હતું. સિરીયલ ફરી ક્યારે શરૂ થશે તેની તારીખ અંગે પણ અહેવાલો આવતા થયા હતા. ત્યારે હવે કેટલાક સુત્રોના આધારે એવી માહિતી મળી છે કે, હમણા આ શોની તારીખ પાછી ઠેલાઈ છે.

સુત્રએ કહ્યું કે, ‘‘ક્યુંકી ૩ જુલાઈથી ઓન એર થવાની હતી પરંતુ હવે તેની લોંચ ડેટ પાછી ઠેલાઈ છે. આ શોના પ્રોડ્યુસર એકતા કપૂરને સેટ પર કેટલાક ફેરફાર જોઈતા હતા. તેમની ટીમ આ અંગે ફરી કામ કરી રહી છે તેથી થોડી વધુ રાહ જોવી પડશે.’’

આ અંગે લીડ એક્ટર અમર ઉપાધ્યાયે જણાવ્યું કે સેટને પરફેક્ટ બનાવવામાં વાર લાગી રહી છે. તેણે જણાવ્યું, ‘‘હા આ સાચી વાત છે. સેટમાં થોડું ફરી કામ કરવાની જરૂર હતી. ખરેખર એવું હતું કે સેટ પરના કલર કોમ્બિનેશન સ્ક્રીન પર ધાર્યું હતું એટલાં સારા લાગાતાં નહોતાં. એકતાને ખ્યાલ છે કે તેને ખરેખર શું અને કેવું જોઈએ છે. એ એક પરફેક્શનિસ્ટ છે. આ કોઈ સામાન્ય શો નથી આ ક્યુંકી છે. આ તો એક વારસો છે અને એ ઈચ્છે છે કે શોમાં બધું શ્રેષ્ઠ જ હોય.’’આ શો જ્યારે પહેલી વખત ટીવી પર આવ્યો એ પણ ૩ જુલાઈ હતી. તેથી તેના ૨૫ વર્ષ નિમિત્તે આ શો આ જ તારીખે ફરી શરૂ કરવાનો હતો. પરંતુ હવે આ તારીખે શૂટ શરૂ થશે. અમરે કહ્યું, ‘‘૨૫મી સાલગિરા નિમિત્તે જ હવે મુહુર્ત શોટ લેવાશે. આ સાંકેતિક વાત છે. આ જ તારીખે ફરી શો શરૂ થશે, જાણે એક ચક્કર પૂરું થયું હોય એવું લાગે છે. જુની યાદો ફરી તાજી થઈ ગઈ છે.’’ જોકે, કેટલાંક જુના પાત્રો નહીં હોય, એ બાબતે અમરે કહ્યું, ‘‘હું સૌથી વધુ બાને યાદ કરું છું.’’ સુધા શિવપુરી આ સિરીયલમાં બાનો રોલ કરતાં હતાં. ‘‘આ શોની જાન હતાં તેઓ. હવે તેઓ આપણી વચ્ચે રહ્યાં નથી.’’




# રામાયણની પહેલી ઝલક VFXથી ભરપૂર

જ્યારથી 'રામાયણ' ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી આ ફિલ્મની દરેક બાબત ચર્ચામાં રહી છે. આ ફિલ્મ એ ભારતના ભવ્ય વારસા અને સમૃદ્ધ ઈતિહાસને એક શ્રદ્ધાંજલિ છે, જેમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા અને યશ રાવણના રોલમાં જોવા મળશે, તે વાત પણ જાહેર છે. આ ફિલ્મમાં પૌરાણિક વાર્તાને વિશ્વ કક્ષાની સ્ટોરી ટેલિંગ અને વિઝ્યુલ એક્સપિરીયન્સ સાથે બનાવવામાં આવી રહી છે.હજુ તો આ ફિલ્મ રિલીઝ થવાને ૨૦૨૬ની દિવાળી સુધીનો સમય છે. ત્યારે આ ફિલ્મની પહેલી ઝલક આપવામાં આવી છે. આ એક ત્રણ મિનિટનો વીડિયો છે, જે ઓનલાઈન સોશિયલ મીડિયામાં તેમજ થિએટરમાં પણ દર્શાવાયો હતો. આ વિડિયો ત્રિદેવના પરિચયથી શરૂ થાય છે, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, જેઓ બ્રાહ્માંડમાં સંતુલન જાળવી રાખવાનું કામ કરે છે. વીડિયોમાં જણાવાયું છે કે જ્યારે બ્રહ્માંડનું પતન થવા લાગે છે, અંધાધુંધી છવાય છે અને ભગવાન રામમાં એક આશાનું કિરણ દેખાય છે,



ધર્મ રક્ષમક રામ.ત્યાર પછી આ વીડિયોમાં એક કવિતાનું પઠન થાય છે, જેમાં રામના મુલ્યો દર્શાવાયા છે, તેમની કરુણા, શક્તિ અને ન્યાયપ્રિયતા. એઆઈ અને વીએફએક્સ દ્વારા આ વિષયો જીવંત કરાયા છે. આગળ જઈને આ વીડિયોમાં રામ અને રાવણ વચ્ચેનાં યુદ્ધની પણ વાત આવે છે.

જેમાં ભગવાન રામ તરીકે રામ કપૂર અને શક્તિશાળી અને ભયાવહ રાવણ તરીકે યશને જોઈ શકાય છે.આ વીડિયો સંપુર્ણપણે આઈમેક્સ એક્સિપરીયન્સ સાથે બનાવાયો છે. આ ફિલ્મમાં રવિ દુબે લક્ષ્મણના રોલમાં, સની દેઓલ હનુમાનજીના રોલમાં જોવા મળશે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ શ્રીધર રાઘવન દ્વારા લખવામાં આવી છે. જ્યારે એ.આર. રહેમાન અને હંસ ઝીમર દ્વારા સંયુક્ત રીતે આ ફિલ્મનું સંગીત આપવામાં આવ્યું છે. આ ફિલ્મ બે ભાગમાં બની છે, પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે.

# બહેન અંશુલાની પ્રોપોઝલ પર અર્જૂન કપૂર ભાવુક થયો

કોઈ પણ ડિઝની ફેન છોકરીની એવી ઈચ્છા હોય કે ડિઝની કેસલ જેવી કોઈ જગ્યા હોય અને ત્યાં એનો પ્રિન્સ ચાર્મિંગ એને પ્રપોઝ કરે. અંશુલા કપૂરનું પણ જાણે આવું જ કોઈ સપનું ગુરુવારે સાચું થયું. બોની કપૂરની દિકરી અને અર્જૂન કપૂરની અંશુલા કપૂરને તેના બોયફ્રેન્ડ રોહન ઠક્કરે ન્યૂયોર્કના સેન્ટ્રલ પાર્કમાં પ્રપોઝ કર્યું હતું. ગુરુવારથી જ આ બંનેની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ બાબતે તેની બહેનો જહાન્વી અને ખુશીએ પણ સોશિયલ મીડિયા પર ખુશી વ્યક્ત કરી હતી.

અંશુલાએ લખ્યું હતું કે એટલી ખુશી છે કે હું શબ્દોમાં વ્યક્ત કરી શકું એમ નથી. તેણે પોતાની પોસ્ટમાં લખ્યું, ‘‘અમે એક એપ પર મળ્યાં હતાં. એક સામાન્ય મંગળવારે અમે રાત્રે ૧.૧૫ વાગ્યે વાત કરવાની શરૂ કરી. અમે સવારે ૬ વાગ્યા સુધી વાત કરી. કોઈ રીતે, એ વખતે પણ લાગેલું કે કશુંક એવું શરૂ થઈ ગયું છે, જે ઘણું મહત્વનું બની જશે. ૩ વર્ષ પછી મારા મનપસંદ શહેરમાં , સેન્ટ્ર પાર્કમાં કિલ્લાની સામે, એણે પ્રપોઝ કર્યું. બિલકુલ ભારતના રાતના ૧.૧૫ વાગ્યે. અને જાણે દુનિયા પણ થંભી ગઈ હું એ જાદુને સમજુ અને અનુભવી શકું ત્યાં સુધી.’’ ‘‘જાણે એવો પ્રેમ કે ઘર જેવું લાગે. હું એવી છોકરી નથી કે જે પરિકથાઓમાં માનતી હોય...પણ રોહન ઠક્કરે મને એ દિવસે જે આપ્યું એ વધુ સારું હતું. વાસ્તવિક. અમે. મેં હા પાડી દીધી. ગંદા આંસુ દ્વારા, ખુલીને હસીને અને એવી ખુશી જેને હું શબ્દોમાં ન મુકી શકું. ૨૦૨૨થી તું જ રહ્યો છે. હું મારા બેસ્ટ ફ્રેન્ડ સાથે જોડાઈ ગઈ છું. મારું સુરક્ષિત સ્થાન. મારો વ્યક્તિ. સૌથી મનપસંદ છોકરો, મનપસંદ શહેર..અને હવે મારી મનપસંદ હા.’’

અંશુલા કપૂરે ઈન્સ્ટાગ્રામ પર પોતાની જીવનભરની યાદગીરી બનેલી આ તસવીરો શેર કરી હતી. પાછળ બેલ્વેડેર કેસલ દેખાય છે, એવા હરીયાળીભર્યા ગાર્ડનમાં રોહન ઘૂંટણભર બેસીને અંશુલાને પ્રપોઝ કરતો દેખાય છે, જેમાં અંશુલાએ ફ્લોરલ પ્રિન્ટનો ડ્રેસ પહેર્યો હતો. સાથે જ અંશુલાએ તેની ડાયમંડ રિંગના ફોટો પણ શેર કર્યા હતા. તેમાં માત્ર પ્રપોઝલ ખુશીનું કારણ નહોતી પરંતુ અંશુલાની આ ખબર પર તેના ભાઈ-બહેનોએ જે પ્રેમ વરસાવ્યો તેણે દરેકનું ધ્યાન ખેંચ્યું હતું. અર્જૂન કપૂર હંમેશા બહેનનું ધ્યાન રાખતો મોટો ભાઈ રહ્યો છે, ત્યારે તેણે પણ પોતાની બહેન માટે એક લાગણીસભર પોસ્ટ કરી હતી, તેણે લખ્યું, ‘‘મારી જિંદગીને એની આજીવન જિંદગી મળી ગઈ...બંને સદા ખુશ રહો અંશુલા અને રોહન.(આજે મોમની થોડી વધુ યાદ આવી ગઈ). લવ યુ ગાય્ઝ.’’

આ તસવીરો સામે આવતા જાહ્નવીએ પોસ્ટ કર્યું, ‘‘મારી બહેનને એનો સાથી મળી ગયો. બેસ્ટ માટે બેસ્ટ.’’ ખુશીએ લખ્યું, ‘‘તમને બંનેને હું પ્રેમ કરું છું. મારી બહેનના હવે લગ્ન થશે.’’

# 'અજેય : ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ યોગી'નું ટીઝર રિલીઝ

## એક નીડર યોગી જે તૂટી રહેલી વ્યવસ્થાને પડકારીને નેતૃત્વની ભૂમિકાને નવી વ્યાખ્યા આપે છે

યોગી આદિત્યનાથના જીવનથી પ્રેરિતઅનેશાંતનુ ગુપ્તાનાં બેસ્ટ સેલર પુસ્તક બેસ્ટસેલર ધ મોન્ક હુ બીકેમ ચીફ મિનિસ્ટર'પર આધારિતફિલ્મ 'અજેય:ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ યોગી'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મરિતુ મેંગી દ્વારા નિર્મિત અને રવિન્દ્ર ગૌતમ દ્વારા નિર્દેશિત કરવામાં આવી છે.

આ ટીઝરમાં એક એવા માણસની અજાણી યાત્રાની પ્રથમ ઝલક મળે છે જેણે તમામ અવરોધોનો સામનો કરીને એક દંભી સિસ્ટમને પડકારી, માફિયા રાજની કમર તોડીઅને પરિવર્તનની દીવાદાંડી તરીકે ઉભરી આવ્યા, યોગી જે સિસ્ટમને અંદરથી સાફ કરવાના મિશન પર છે.અભિનેતા અનંત વિજય જોશી યોગીનું મુખ્ય પાત્ર ભજવે છે. ટીઝરમાં તેમના અભિનયે ઘણા લોકોને પ્રભાવિત કર્યા છે અને લોકોની ફિલ્મની પ્રોડક્શન વેલ્યુ પણ ગમી છે. આ એક પોલિટિકલ બાયોપિક છે. ટીઝરમાં યોગી આદિત્યનાથ દ્વારા કરાતા 'જનતા દરબાર' નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ફિલ્મમાં પરેશ રાવલ, દિનેશલાલ યાદવ નિરહુઆ, અજય મેંગી, રાજેશ ખટ્ટર, પવન મલ્હોત્રા અને ગરિમા વિક્રાંત સિંહ પણ મહત્વના રોલમાં જોવા મળશે. ફિલ્મનું સંગીત મીત બ્રધર્સે આપ્યું છે અને ફિલ્મનાં સિનેમેટોગ્રાફર વિષ્ણુ રાવ છે.આ ફિલ્મ ૧ ઓગસ્ટે થિએટરમાં રિલીઝ થવાની છે.




# 'ઈન્ડસ્ટ્રીમાં અંદર અને બહારવાળાની વાતો પંચાત જેવી'

## વિક્રાંત મેસ્સીના મતે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો સોશિયલ મીડિયા પર ધ્યાન નથી આપતા

વિક્રાંત મેસ્સીની ગણતરી ઈડસ્ટ્રીનાં ઘણા ટેલેન્ટેડ કલાકારોમાં થાય છે, તેણે ઘણા યાદગાર પાત્રો કર્યા છે. હવે તેની શનાયા કપૂર સાથેની ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં' આવી રહી છે, ત્યારે એક ઈન્ટરવ્યુમાં વિક્રાંતે ઈન્ડસ્ટ્રીમાં હંમેશા ચર્ચાતા કેટલાંક વિષયોમાંથી અંદરના લોકો અને બહારના લોકો મુદ્દે પોતાના વિચારો જણાવ્યા હતા. આ બધી વાતોને ફગાવી દેતા વિક્રાંતે કહ્યું હતું કે આ આવી બધી ચર્ચાઓ સોશિયલ મીડિયા પરની પંચાતની વાતો છે.વિક્રાંતે કહ્યું કે મોટા ભાગે ઈન્ડસ્ટ્રીની બહારના લોકો જ આવી ચર્ચાઓને વેગ આપતાં હોય છે. વિક્રાંતે કહ્યું, ‘‘આ બધી સોશિયલ મીડિયાની વાતો છે. આવી વાતો એ લોકો જ કરે છે, જે બહાર બેઠાં છે.’’વિક્રાંતે ટીવી સિરીયલથી પોતાની કૅરિઅર શરૂ કરી હતી. ધીરે ધીરે તેણે ફિલ્મની દુનિયામાં પોતાની જગ્યા બનાવી છે. તેણે 'એ ડેથ ઈન અ ગંજ', 'છપાક', '૧૨ ફેઈલ' અને 'ગેસલાઈટ' જેવી ફિલ્મ કરી છે. તે કોઈ ફિલ્મી પરિવારમાંથી ન આવતો હોવા છતાં તેણે પોતાના માટે એક સુરક્ષિત સ્થાન બનાવી લીધું છે. વિક્રાંતે કહ્યું, ‘‘જો તમે પણ અમારી ફ્રેટરનિટીનો જ ભાગ હોય તો, અહીં કોઈ એ દૃષ્ટિએ જોતું નથી. મોટા ભાગના, હું કમ સે કમ મારા વિશે વાત કરું તો, મારી વાત તમે માનો તો, હું તમારી દૃષ્ટિએ આઉટસાઈડર છું, તો એવું કશું નથી, આ બધી સોશિયલ મીડિયાની વાતો છે. તો અમે આવી વાતોમાં ધ્યાન આપતા નથી કારણ કે આમાં કોઈ સચ્ચાઈ નથી.’’વિક્રાંત અને શનાયા કપૂરની ફિલ્મ આંખો કી ગુસ્તાખિયાં ૧૧ જુલાઈએ થિએટરમાં રિલીઝ થવાની છે. મંગળવારે આ ફિલ્મનું ટ્રેલર લોંચ થયું છે, જેમાં વિક્રાંત એક પ્રજ્ઞાચક્ષુ થિએટર આર્ટિસ્ટનો રોલ કરે છે, જે શનાયાના પ્રેમમાં પડે છે, જે પણ એક થિએટર આર્ટિસ્ટ છે, અને તેઓ આંખે પાટા બાંધીને દુનિયાના અનુભવ કરવાનું નક્કી કરે છે.

# ક્લેપ એન્ડ કટ..! રણવીર ભૂત બનશે?

'મેડોક ફિલ્મ્સ'ના દિનેશ વિજન કદાચ બહુ જલદી એક મોટો ધડાકો કરશે. મેડોકનું લોકપ્રિય હોરર-કોમેડી યુનિવર્સ હવે વધુ વજનદાર બનવા જઈ રહ્યું છે. બહુ જલદીથી દીપિકા પતિ રણવીર સિંહ આ યુનિવર્સમાં જોડાશે. 'સ્ત્રી' અને 'ભેડિયા' જેવી ફિલ્મોથી આ યુનિવર્સ ઊભું કરનાર મેડોક હજી બીજી એક હોરર-કોમેડી ફિલ્મ લાવી રહ્યું છે. એ ફિલ્મનું નામ છે 'થામા' અને તેમાં આયુષ્માન ખુરાના ચામાચીડિયાનો રોલ કરવાનો છે, પરંતુ આ ફિલ્મના પ્રોડ્યુસર્સ હવે પોતાના યુનિવર્સને

વિકસિત કરવા માગે છે. જાણકારી મળ્યા અનુસાર ગયા અઠવાડિયે રણવીર સિંહ જાતે પોતે મેડોકની ઓફિસમાં ગયો હતો, પરંતુ, જેમ કાયમ બને છે એમ મેડોક કે રણવીર બંનેમાંથી કોઈએ પણ કોઈ જ ફોડ પાડ્યો નથી.મેડોક અલગ પ્રકારની વાર્તાઓ લાવવા માટે જાણીતું છે.

**મેડોકની રણવીર માટે કોઈ અલગ સ્ક્રિપ્ટ છે?**

આમ પણ ૨૦૨૩ પછી રણવીરની કોઈ ફિલ્મ આવી નથી એટલે એ ફરીથી સ્ક્રિન પર ક્યારે દેખાશે તેની ઉત્કંઠા એના ચાહકોમાં હોય જ. હાલમાં રણવીરની બે ફિલ્મ સેટ ઉપર છે : આદિત્ય ધરની 'ધુરંધર' અને ફરહાન અખ્તરની 'ડોન થ્રી'. જોઈએ મેડોક સાથે રણવીર કોઈ મેડનેસ કરશે કે પછી આ મુલાકાત ફક્ત ચા-નાસ્તા સુધી જ સીમિત રહી જશે?!

**'વોર ટુ' માટે યશરાજની જબરી રણનીતિ**

'યશરાજ'ની સ્પાય યુનિવર્સ માટે અત્યંત મહત્ત્વની એવી 'વોર ટુ' ૧૪ ઓગસ્ટે રિલીઝ થશે. આજકાલના ટ્રેન્ડ અનુસાર હવે બહુ જલદીથી એનું પ્રમોશન પણ શરૂ થઈ જવાનું છે. 'વોર ૨' માટેની હાઈપ એટલા માટે પણ ઉંચી ગઈ છે, કારણ કે તેમાં હતિક રોશન સામે નેગેટીવ રોલમાં જુનિયર એનટીઆર છે. 'આર.આર.આર'ની અભૂતપૂર્વ સફળતા બાદ હિન્દી ઓડિયન્સમાં પણ જુનિયર એનટીઆરની લોકપ્રિયતા વધી છે. એમાંય આ તેલુગુ કલાકાર જો હતિક જેવા કલાકાર સામે વિલન તરીકે આવે તો એ 'હાઈપ' છાપરું તોડીને ઉપર જતી રહે એ સ્વાભાવિક છે. એવામાં 'યશરાજે' ફિલ્મમાં દેખાડવામાં આવેલી આ બંને કલાકારની દુશ્મનીને એનકેશ કરવા માટે એક જબરદસ્ત રણનીતિ અપનાવી છે. જ્યારે પણ 'વોર ટુ'નું પ્રમોશન શરૂ થશે ત્યારે કાયમની જેમ ફિલ્મના તમામ કલાકાર એક સાથે પ્રમોશન નહીં કરે. એમાંય, હતિક અને જુનિયર એનટીઆર તો એકબીજાથી દૂર જ રહેશે. યસ! તમે બરાબર જ વાંચ્યું છે. ઓડિયન્સમાં આ બંનેની કટ્ટર દુશ્મનીની લાગણીને વધુ હવા મળે એ માટે 'યશરાજ' આ બંને મુખ્ય કલાકારને અલગ અલગ પ્રમોશનલ ઈવેન્ટ્સમાં મોકલશે. આથી ફિલ્મ રિલીઝ થવા સુધીમાં એક એવું વાતાવરણ ઊભું થશે કે ફિલ્મમાં આ બંને એકબીજા વિરુદ્ધ પોતાની દુશ્મનાવટ કેવી રીતે બહાર લાવશે એ તો જોવા લોકો ઊમટી પડેપ

આમ પણ ૨૦૨૩ પછી રણવીરની કોઈ ફિલ્મ આવી નથી એટલે એ ફરીથી સ્કિન પર ક્યારે દેખાશે તેની ઉત્કંઠા એના ચાહકોમાં હોય જ. હાલમાં રણવીરની બે ફિલ્મ સેટ ઉપર છે : આદિત્ય ધરની 'ધુરંધર' અને ફરહાન અખ્તરની 'ડોન થ્રી'. જોઈએ મેડોક સાથે રણવીર કોઈ મેડનેસ કરશે કે પછી આ મુલાકાત ફક્ત ચા-નાસ્તા સુધી જ સીમિત રહી જશે?!

'વોર ટુ' માટે યશરાજની જબરી રણનીતિ

'યશરાજ'ની સ્પાય યુનિવર્સ માટે અત્યંત મહત્ત્વની એવી 'વોર ટુ' ૧૪ ઓગસ્ટે રિલીઝ થશે. આજકાલના ટ્રેન્ડ અનુસાર હવે બહુ જલદીથી એનું પ્રમોશન પણ શરૂ થઈ જવાનું છે. 'વોર ૨' માટેની હાઈપ એટલા માટે પણ ઉંચી ગઈ છે, કારણ કે તેમાં હતિક રોશન સામે નેગેટીવ રોલમાં જુનિયર એનટીઆર છે. 'આર.આર.આર'ની અભૂતપૂર્વ સફળતા બાદ હિન્દી ઓડિયન્સમાં પણ જુનિયર એનટીઆરની લોકપ્રિયતા વધી છે. એમાંય આ તેલુગુ કલાકાર જો હતિક જેવા કલાકાર સામે વિલન તરીકે આવે તો એ 'હાઈપ' છાપરું તોડીને ઉપર જતી રહે એ સ્વાભાવિક છે. એવામાં 'યશરાજે' ફિલ્મમાં દેખાડવામાં આવેલી આ બંને કલાકારની દુશ્મનીને એનકેશ કરવા માટે એક જબરદસ્ત રણનીતિ અપનાવી છે. જ્યારે પણ 'વોર ટુ'નું પ્રમોશન શરૂ થશે ત્યારે કાયમની જેમ ફિલ્મના તમામ કલાકાર એક સાથે પ્રમોશન નહીં કરે. એમાંય, હતિક અને જુનિયર એનટીઆર તો એકબીજાથી દૂર જ રહેશે. યસ! તમે બરાબર જ વાંચ્યું છે. ઓડિયન્સમાં આ બંનેની કટ્ટર દુશ્મનીની લાગણીને વધુ હવા મળે એ માટે 'યશરાજ' આ બંને મુખ્ય કલાકારને અલગ અલગ પ્રમોશનલ ઈવેન્ટ્સમાં મોકલશે. આથી ફિલ્મ રિલીઝ થવા સુધીમાં એક એવું વાતાવરણ ઊભું થશે કે ફિલ્મમાં આ બંને એકબીજા વિરુદ્ધ પોતાની દુશ્મનાવટ કેવી રીતે બહાર લાવશે એ તો જોવા લોકો ઊમટી પડેપ



# એજબેસ્ટનની જીત હંમેશા મારી યાદોમાં રહેશે : ગિલ




ભારતના કેપ્ટન શુભમન ગિલે બર્મિંગહામમાં ટેસ્ટ સિરીઝ બરાબર કરનારી શાનદાર જીતને યાદગાર ગણાવી છે. તેમણે કહ્યું કે જ્યારે પણ તેઓ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે, ત્યારે એજબેસ્ટનમાં ઈંગ્લેન્ડ સામે ભારતને પહેલી ટેસ્ટ જીત અપાવવી તેમની સૌથી પ્રિય યાદોમાંની એક હશે.૨૫ વર્ષીય ગિલની કેપ્ટનશીપની શરૂઆત ભારતે લીડ્સમાં શ્રેણીની શરૂઆતી મેચ ગુમાવવાથી કરી હતી, પરંતુ ભારતીય ટીમે શાનદાર વાપસી કરી અને બીજી મેચ ૩૩૬ રનના મોટા માર્જિનથી જીતી હતી. ટેસ્ટ ક્રિકેટમાં આ મેદાન પર ભારતની આ પહેલી જીત છે.ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં ગિલે કહ્યું, આ એવી વસ્તુ છે જેને હું મારા બાકીના જીવનભર યાદ રાખીશ. મને લાગે છે કે જ્યારે પણ હું નિવૃત્તિ લઈશ, ત્યારે આ મારી સૌથી પ્રિય યાદોમાંની એક હશે. મારે આ મેચનો છેલ્લો કેચ પકડવો પડ્યો અને હું ખૂબ જ સંતુષ્ટ અને ખુશ છું કે અમે આ મેચ જીતી શક્યા. હજુ ત્રણ મહત્વપૂર્ણ મેચ બાકી છે. આ મેચ પછી ઝડપી પરિવર્તન આવશે અને મને લાગે છે કે તે સારું છે કારણ કે હવે લય અમારી સાથે છે.ગિલે ઉમેર્યું કે, બધા ખેલાડીઓએ પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવી હતી. જે રીતે બધાએ બોલ અને બેટથી યોગદાન આપ્યું તે ખૂબ જ સકારાત્મક બાબત છે. આ જ વસ્તુ ટીમને ચેમ્પિયન બનાવે છે અને આ આપણા માટે એક સારો સંકેત છે. ભારતીય કેપ્ટને ડ્રેસિંગ રૂમમાં પોતાના સંબોધનમાં પોતાના સાથી ખેલાડીઓની પ્રશંસા કરતા કહ્યું કે, અમે આ સ્થાન પ્રાપ્ત કરવા માટે ખૂબ જ મહેનત કરી છે. હું જાણું છું કે ટેસ્ટ મેચ જીતવી કેટલી મુશ્કેલ છે, ખાસ કરીને આ મેદાન પર જ્યાં અમે પહેલાં કોઈ ટેસ્ટ જીતી શક્યા નથી. હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે મને આપણા બધા પર ગર્વ છે, કારણ કે મને લાગે છે કે પહેલા દિવસે આપણે કહ્યું હતું કે ટેસ્ટ મેચ જીતવા માટે આપણે બધાએ યોગદાન આપવું પડશે અને બધાએ તેમાં યોગદાન આપ્યું છે.ભારતીય કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે કુલદીપ યાદવ જેવા વિકેટ લેનારા સ્પિનરને પ્લેઈંગ ઈલેવનમાં રાખવું હંમેશા આકર્ષક હોય છે, પરંતુ લીડ્સમાં નીચલા ક્રમના ખેલાડી બે વાર સસ્તામાં આઉટ થયા પછી, બેટિંગમાં ઊંડાણ ઉમેરવા માટે ઈંગ્લેન્ડ સામે એજબેસ્ટન ટેસ્ટમાં વોશિંગ્ટન સુંદરને પસંદ કરવામાં આવ્યો હતો. વોશિંગ્ટનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાનો વિવાદાસ્પદ નિર્ણય અસરકારક સાબિત થયો, કારણ કે ઓલરાઉન્ડરે બેટ અને બોલ બંનેમાં યોગદાન આપ્યું હતું. ભારત લોર્ડ્સ ટેસ્ટમાં સમાન રણનીતિ સાથે જશે. લોર્ડ્સ ખાતે ત્રીજી ટેસ્ટ ૧૦ જુલાઈથી શરૂ થશે.

# મુલ્ડરનો આશ્ચર્યજનક નિર્ણય ૩૬૭★ પર ઈનિંગ્સ ડિક્લેર કરી



દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર વિઆન મુલ્ડરે બુલાવાયોમાં ઝિમ્બાબ્વે સામે ટેસ્ટ કેપ્ટન તરીકે ઈતિહાસનો સૌથી મોટો રેકોર્ડ બનાવવાથી પોતાનો દૂર રાખીને બધાને આશ્ચર્યમાં મૂકી દીધા છે. એવું નથી કે મુલ્ડર પાસે તક નહોતી, તે ખૂબ જ લય સાથે ઝડપી બેટિંગ કરી રહ્યો હતો પરંતુ તે દરમિયાન લંચની જાહેરાત થઈ અને આફ્રિકન ડ્રેસિંગ રૂમમાંથી સમાચાર આવ્યા કે તેઓએ ઈનિંગ્સ ડિક્લેર કરી દીધી છે. તે સમયે મુલ્ડર પોતે ૩૬૭ રન પર રમી રહ્યા હતા. પરંતુ ત્યારે જ દાવ ડિક્લેર કરાતા બધાના મનમાં એક જ સવાલ થઈ રહ્યો છે કે, આખરે મુલ્ડર પાસે બ્રાયન લારાનો ૪૦૦ રનનો રેકોર્ડ તોડવાનો ચાન્સ હોવા છતાં આવો નિર્ણય કેમ કર્યો? બીજા દિવસે લંચ બ્રેક સુધી મુલ્ડર ૩૬૭ રન પર અણનમ હતો.


દુનિયાભરના ક્રિકેટ પ્રેમીઓ લંચ બ્રેક પછી લારાના રેકોર્ડ તૂટવાની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ એવા સમાચાર આવ્યા કે, રેકોર્ડની રાહ જોઈ રહેલા ક્રિકેટ ચાહકોના દિલ તૂટી ગયા હતા. જો મુલ્ડરે ૪૦૦ રનનો આંકડો પાર કર્યો હોત, તો તે કેપ્ટન તરીકે બ્રાયન લારાનો ટેસ્ટ ઈનિંગમાં ૪૦૦ રનનો વિશ્વ રેકોર્ડ તોડી શક્યો હોત. પરંતુ કેપ્ટન મુલ્ડરે ૩૬૭ રનની અણનમ ઈનિંગ રમી અને લારાનો ૪૦૦ રનનો રેકોર્ડ તોડતા પહેલા ૩૪ રનમાં ઈનિંગ ડિક્લેર કરવાનો નિર્ણય લીધો હતો. દક્ષિણ આફ્રિકાએ કુલ ૬૨૬/૫ પર ઈનિંગ્સ ડિક્લેર કરી હતી.

લારાએ ૨૦૦૪માં એન્ટિગુઆમાં ઈંગ્લેન્ડ સામે આ રેકોર્ડ બનાવ્યો હતો, જે હજુ પણ અતૂટ છે, પરંતુ મુલ્ડરે ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ વ્યક્તિગત ટેસ્ટ સ્કોર બનાવીને પોતાની બોલ્ડ બેટિંગથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. મુલ્ડરે વિદેશી ટેસ્ટ મેચોમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર બનાવ્યો જે કદાચ વર્ષો સુધી યાદ રહેશે. મુલ્ડરે પહેલા જ દિવસે કેપ્ટનશીપ ડેબ્યૂમાં સૌથી વધુ સ્કોર બનાવીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું હતું.

# RCBના ખેલાડી યશ દયાલ વિરુદ્ધ જાતીય સતામણીનો કેસ દાખલ

દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર વિઆન મુલ્ડરે બુલાવાયોમાં ઝિમ્બાબ્વે સામે ટેસ્ટ કેપ્ટન તરીકે ઈતિહાસનો સૌથી મોટો રેકોર્ડ બનાવવાથી પોતાનો દૂર રાખીને બધાને આશ્ચર્યમાં મૂકી દીધા છે. એવું નથી કે મુલ્ડર પાસે તક નહોતી, તે ખૂબ જ લય સાથે ઝડપી બેટિંગ કરી રહ્યો હતો પરંતુ તે દરમિયાન લંચની જાહેરાત થઈ અને આફ્રિકન ડ્રેસિંગ રૂમમાંથી સમાચાર આવ્યા કે તેઓએ ઈનિંગ્સ ડિક્લેર કરી દીધી છે. તે સમયે મુલ્ડર પોતે ૩૬૭ રન પર રમી રહ્યા હતા. પરંતુ ત્યારે જ દાવ ડિક્લેર કરાતા બધાના મનમાં એક જ સવાલ થઈ રહ્યો છે કે, આખરે મુલ્ડર પાસે બ્રાયન લારાનો ૪૦૦ રનનો રેકોર્ડ તોડવાનો ચાન્સ હોવા છતાં આવો નિર્ણય કેમ કર્યો? બીજા દિવસે લંચ બ્રેક સુધી મુલ્ડર ૩૬૭ રન પર અણનમ હતો.

દુનિયાભરના ક્રિકેટ પ્રેમીઓ લંચ બ્રેક પછી લારાના રેકોર્ડ તૂટવાની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ એવા સમાચાર આવ્યા કે, રેકોર્ડની રાહ જોઈ રહેલા ક્રિકેટ ચાહકોના દિલ તૂટી ગયા હતા. જો મુલ્ડરે ૪૦૦ રનનો આંકડો પાર કર્યો હોત, તો તે કેપ્ટન તરીકે બ્રાયન લારાનો ટેસ્ટ ઈનિંગમાં ૪૦૦ રનનો વિશ્વ રેકોર્ડ તોડી શક્યો હોત. પરંતુ કેપ્ટન મુલ્ડરે ૩૬૭ રનની અણનમ ઈનિંગ રમી અને લારાનો ૪૦૦ રનનો રેકોર્ડ તોડતા પહેલા ૩૪ રનમાં ઈનિંગ ડિક્લેર કરવાનો નિર્ણય લીધો હતો. દક્ષિણ આફ્રિકાએ કુલ ૬૨૬/૫ પર ઈનિંગ્સ ડિક્લેર કરી હતી.લારાએ ૨૦૦૪માં એન્ટિગુઆમાં ઈંગ્લેન્ડ સામે આ રેકોર્ડ બનાવ્યો હતો, જે હજુ પણ અતૂટ છે, પરંતુ મુલ્ડરે ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ વ્યક્તિગત ટેસ્ટ સ્કોર બનાવીને પોતાની બોલ્ડ બેટિંગથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. મુલ્ડરે વિદેશી ટેસ્ટ મેચોમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર બનાવ્યો જે કદાચ વર્ષો સુધી યાદ રહેશે. મુલ્ડરે પહેલા જ દિવસે કેપ્ટનશીપ ડેબ્યૂમાં સૌથી વધુ સ્કોર બનાવીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું હતું.




# પૃથ્વી શો મુંબઈ છોડીને મહારાષ્ટ્ર સાથે જોડાયો





ભારતીય બેટ્સમેન પૃથ્વી શો હવે મુંબઈ છોડીને મહારાષ્ટ્રની સ્થાનિક ટીમ માટે રમતા જોવા મળશે. પૃથ્વી ૨૦૨૫-૨૬ સીઝનને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર ટીમમાં જોડાયો છે. રાજ્ય ક્રિકેટ એસોસિએશને આ માહિતી આપી છે. જાણવા મળ્યું છે કે તાજેતરમાં પૃથ્વીએ ટીમ છોડીને બીજી સ્થાનિક ટીમ માટે રમવા માટે મુંબઈ ક્રિકેટ એસોસિએશન પાસેથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ માંગ્યું હતું, જેને મુંબઈ ક્રિકેટ એસોસિએશન દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્ર ટીમના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ છે, જેનો અર્થ છે કે પૃથ્વી હવે ઋતુરાજની કેપ્ટનશીપમાં રમશે.

નબળી ફિટનેસ અને શિસ્તભંગના મુદ્દાઓને કારણે પૃથ્વીને મુંબઈની રેડ બોલ ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. તેણે મુંબઈ માટે તેની છેલ્લી મેચ મધ્યપ્રદેશ સામે સૈયદ મુશ્તાક અલી ટી૨૦ ટ્રોફીની ફાઈનલમાં રમી હતી. પૃથ્વી છેલ્લા કેટલાક સમયથી રેડ બોલ ટીમની બહાર છે, પરંતુ તે મર્યાદિત ઓવર ફોર્મેટ ક્રિકેટ રમી રહ્યો છે. જોકે, મેદાન પર તેના પ્રદર્શન કરતાં મેદાનની બહારના શિસ્તભંગના મુદ્દાઓ વધુ ચર્ચામાં આવ્યા છે. પૃથ્વીએ ભારત માટે પાંચ ટેસ્ટ અને છ વનડે રમી છે.


મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશને જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટર અને ભારતીય ટીમના ટોચના ક્રમના આક્રમક બેટ્સમેન પૃથ્વી શોએ સત્તાવાર રીતે મુંબઈ ક્રિકેટ એસોસિએશનથી અલગ થઈ ગયા છે અને આગામી સ્થાનિક સિઝનમાં મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરશે. આ વ્યૂહાત્મક પરિવર્તનને ભારતીય સ્થાનિક ક્રિકેટમાં એક મહત્વપૂર્ણ વિકાસ તરીકે જોવામાં આવી રહ્યું છે, જે મહારાષ્ટ્ર ટીમને વધુ મજબૂત બનાવશે. શોએ ટેસ્ટ, વનડે અને ટી૨૦ ત્રણેય ફોર્મેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને ઈન્ડિયન પ્રીમિયર લીગ અને સ્થાનિક ક્રિકેટમાં પોતાની આક્રમક બેટિંગ અને મેચ જીતવાની ક્ષમતાઓથી સતત પ્રભાવિત કર્યા છે.

# સંજોગ ગુપ્તાને ICCના નવા CEO તરીકે નિયુક્ત કરાયા



ભારતીય મીડિયા ઉદ્યોગપતિ સંજોગ ગુપ્તાને જય શાહની આગેવાની હેઠળની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ ઓસ્ટ્રેલિયાના જ્યોફ એલાર્ડિસનું સ્થાન લેશે, જેમણે આ વર્ષની શરૂઆતમાં ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા વ્યક્તિગત કારણોસર પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું.અત્યાર સુધી જિયોસ્ટારમાં સીઈઓ (સ્પોર્ટ્સ) તરીકે સેવા આપતા સંજોગ ગુપ્તા તાત્કાલિક અસરથી તેમની નવી ભૂમિકા સંભાળશે. તેઓ આઈસીસીના સાતમા સીઈઓ હશે. સર્વોચ્ચ ક્રિકેટ સંસ્થાએ જણાવ્યું હતું કે તેમને આ પદ માટે ૨૫ દેશોમાંથી ૨,૫૦૦થી વધુ અરજીઓ મળી હતી, જેમાંથી ૧૨ ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા.ICCએ જણાવ્યું હતું કે, ઉમેદવારોમાં રમતના સંચાલક મંડળોના અધિકારીઓ તેમજ કોર્પોરેટ જગતના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે. આ નામો નોમિનેશન સમિતિને મોકલવામાં આવ્યા હતા જેમાં ICC ઉપપ્રમુખ ઈમરાન ખ્વાજા, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ રિચાર્ડ થોમ્પસન, શ્રીલંકા ક્રિકેટ ના પ્રમુખ શમ્મી સિલ્વા અને ભારતીય ક્રિકેટ બોર્ડ ના સચિવ દેવજીત સૈકિયાનો સમાવેશ થાય છે. તેમણે સંજોગ ગુપ્તાને આ પદ માટે ભલામણ કરી હતી, જેને ICC ચેરમેન જય શાહે મંજૂરી આપી હતી. ICCએ કહ્યું, 'ભારત અને વૈશ્વિક સ્તરે રમત પ્રસારણના પરિવર્તન પાછળ સંયોગ ગુપ્તા એક પ્રેરક બળ રહ્યા છે. ગુપ્તાનો રમતગમતની વ્યૂહરચના અને વ્યાપારીકરણનો અનુભવ ICC માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

# જોકોવિચ-અલ્કારાઝ ક્વાર્ટર ફાઇનલમાં




ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝે વિમ્બલ્ડન ૨૦૨૫માં પોતાની જીતનો સિલસિલો ચાલુ રાખતા રશિયાના આન્દ્રે રુબલેવને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. બીજા ક્રમાંકિત અલ્કારાઝે ૬-૭ (૫), ૬-૩, ૬-૪, ૬-૪થી જીત મેળવીને સતત ત્રીજા વિમ્બલ્ડન ટાઈટલની નજીક પહોંચી ગયા છે. પહેલા ત્રણ રાઉન્ડમાં થોડો સંઘર્ષ કર્યા પછી સેન્ટર કોર્ટ પર અલ્કારાઝે શાનદાર પ્રદર્શન કર્યું હતું.આ ઉપરાંત સ્ટાર ટેનિસ ખેલાડી જોકોવિચ પણ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યો છે. ચોથા રાઉન્ડમાં તેણે ૧૧મા ક્રમાંકિત એલેક્સ ડી મિનોર સામે ૧-૬, ૬-૪, ૬-૪, ૬-૪થી વિજય મેળવ્યો હતો. જોકોવિચ વિમ્બલ્ડન ટેનિસ ટુર્નામેન્ટના ઈતિહાસમાં ૧૦૦ જીત નોંધાવનાર વિશ્વનો ત્રીજો ખેલાડી બન્યો છે. શનિવારે તેણે ત્રીજા રાઉન્ડમાં સર્બિયન દેશબંધુ મિઓમીર કેકમાનોવિચ સામે ૬-૩, ૬-૦, ૬-૪થી જીત મેળવીને આ સિદ્ધિ હાંસલ કરી હતી.

# એજબેસ્ટનમાં ટીમ ઈન્ડિયાની જીત પર કિંગ કોહલીનું રિએક્શન

રોહિત-કોહલીની નિવૃત્તિ અને બુમરાહ જેવા સ્ટાર બોલરની ગેરહાજરી છતાં પ્લેયર ઓફ ધ મેચ યુવા કેપ્ટન ગીલના ૨૬૯ અને ૧૬૧ રન તેમજ બીજી ઈનિંગમાં આકાશદીપની છ વિકેટની મદદથી ભારતે બર્મિંઘમમાં રમાયેલી શ્રેણીની બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને ૩૩૬ રનથી કારમો પરાજય આપ્યો હતો. આ સાથે બર્મિંઘમના એજબેસ્ટનમાં ભારતના ટેસ્ટ વિજયના ૫૮ વર્ષના ઈંતજારનો આખરે અંત આવ્યો હતો અને ટીમ ઈન્ડિયાએ અહીં નવમી ટેસ્ટમાં આખરે જીતનું ખાતું ખોલાવ્યું હતુ. આ જીત સાથે જ ભારતે પાંચ ટેસ્ટની શ્રેણીમાં ૧-૧થી બરોબરી મેળવી લીધી છે. હવે શ્રેણીની ત્રીજી ટેસ્ટ મેચ ૧૦ જુલાઈ, ગુરુવારથી લોર્ડ્ઝના મેદાન પર શરૂ થશે, જેમાં બુમરાહની વાપસી થશે.

આ વચ્ચે પૂર્વ ટેસ્ટ કેપ્ટન વિરાટ કોહલીએ ભારતીય ટીમના આ પ્રદર્શન પર ખુશી વ્યક્ત કરી. ખાસ કરીને ત્યારે જ્યારે ટીમનો મુખ્ય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ આ મેચમાં નહોતો. કોહલીએ કેપ્ટન શુભમન ગિલની શાનદાર બેટિંગ (પ્રથમ ઈનિંગમાં ૨૬૯ અને બીજી ઈનિંગમાં ૧૬૧૨ન)ની ખૂબ પ્રશંસા કરી. આ સાથે જ ફાસ્ટ બોલર સિરાજ અને આકાશ દીપની શાનદાર બોલિંગની પણ વિશેષ પ્રશંસા કરી.

વિરાટ કોહલીએ ઠ પર લખ્યું, 'ભારતની એજબેસ્ટનમાં શાનદાર જીત. નિડર ખેલ અને ઈંગ્લેન્ડને સતત દબાણમાં નાખ્યું. શુભમને બેટિંગ અને કેપ્ટનશીપમાં શાનદાર નેતૃત્વ કર્યું. દરેક ખેલાડીએ યોગદાન આપ્યું. ખાસ કરીને સિરાજ અને આકાશની બોલિંગ



પ્રશંસાને પાત્ર રહી.'

કેપ્ટન શુભમન ગિલે પણ બર્મિંઘમ ટેસ્ટમાં ટીમના પ્રદર્શન પર સંતોષ વ્યક્ત કર્યો, ખાસ કરીને પહેલી ટેસ્ટમાં હેડિંગ્લેમાં મળેલી હાર બાદ. ૨૫ વર્ષીય ગિલે કહ્યું કે, 'છેલ્લી હાર બાદ ટીમે બનાવેલી રણનીતિ આ મેચમાં સંપૂર્ણપણે લાગુ કરવામાં આવી. બોલિંગ અને ફિલ્ડિંગમાં જે સુધારો થયો તે શાનદાર હતો.'

# અદાણી હજીરા બંદર ખાતે કોમર્શિયલ પોર્ટ માટેના ભારતનો પ્રથમ સ્ટીલ સ્લેગ રોડ સાકાર

## સ્ટીલ પ્રોસેસ્ડ સ્લેગના ૧૦૦ ટકા ઉપયોગથી બનાવવામાં આવેલો રસ્તો 'વેસ્ટ-ટુ-વેલ્થ'ના વિઝનને સાકાર કરે છે : ડો. વિજયકુમાર સારસ્વત

સુરત, તા.૭

સુરતના અદાણી હજીરા પોર્ટ ખાતે દેશમાં પ્રથમ વખત કોમર્શિયલ પોર્ટ માટેના ભારતના પ્રથમ સ્ટીલ સ્લેગના ઉપયોગથી નિર્મિત ૧.૧ કિલોમીટર લંબાઈના ટુ લેન રોડ સેક્શનને નીતિ આયોગ (વિજ્ઞાન અને ટેક્નોલોજી)ના સભ્ય ડો.વિજયકુમાર સારસ્વતના હસ્તે ખુલ્લો મૂકાયો હતો. ભારતના આ ત્રીજા સ્ટીલ સ્લેગ રોડનું અદાણી પોર્ટમાં નિર્માણ થયું છે. પરંતુ વૈશ્વિક સ્તરે કોઈ વાણિજ્યીક બંદરમાં બાંધવામાં આવ્યો હોય એવો આ પ્રથમ રસ્તો છે.

આ પ્રસંગે ડો. વિજયકુમાર સારસ્વતે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના 'વેસ્ટ-ટુ-વેલ્થ' વિઝન હેઠળ સ્ટીલ સ્લેગ રોડ નિર્માણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેનો ઉદ્દેશ ઔદ્યોગિક કચરાનો પુનઃઉપયોગ કરીને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. સ્ટીલ પ્રોસેસ્ડ સ્લેગના ૧૦૦ % ઉપયોગથી બનાવવામાં આવેલો રસ્તો વેસ્ટને વેલ્થમાં એટલે કે કચરાને સંપત્તિમાં રૂપાંતરિત કરવાનું ઉત્તમ ઉદાહરણ છે. રિસાયકલીગ એ સમયની માંગ છે. સ્ટીલ સ્લેગનો પુનઃઉપયોગ પરંપરાગત ખડકો-પહાડોમાં ખાણકામની જરૂરિયાત ઘટાડે છે એમ જણાવી શ્રી સારસ્વતે ઉમેર્યું કે, ઈકો ફ્રેન્ડલી એવા આ પ્રકારના રસ્તાઓ બિટુમેન રસ્તાઓ કરતા અનેકગણા સસ્તા અને મજબૂત હોવાથી દેશના અર્થતંત્રને આર્થિક ફાયદો કરાવે છે. સિનિયર પ્રિન્સીપલ સાયન્ટિસ્ટ અને સ્ટીલ સ્લેગ રોડ ટેક્નોલોજીના શોધક (CSIR-CRRI, નવી દિલ્હી) શ્રી સતિશ પાંડેએ જણાવ્યું હતું કે, રસ્તાના બાંધકામમાં સ્ટીલના વેસ્ટનો ઉપયોગ બાંધકામના ખર્ચને ૪૦ ટકા સુધી ઘટાડવામાં સફળતા મળી છે. કારણ કે સ્લેગ-આધારિત સામગ્રી ટકાઉ રોડ બનાવવાના ખૂબ ઉત્તમ ગુણધર્મો ધરાવે છે. આ રોડ પરથી મેળવેલા અનુભવને દેશમાં સ્ટીલ સ્લેગના વ્યાપક ઉપયોગ માટેના રોડમેપ બનાવવામાં લાગુ કરવામાં આવી રહ્યો છે. આ રોડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, ઈનોવેશન અને ઔદ્યોગિક ઈકોલોજીની પ્રતીતિ કરાવે છે. વિડિઓ કોન્ફરન્સથી જોડાયેલા CSIR ના ડિરેક્ટર જનરલ અને DSIR (કેન્દ્ર સરકાર)ના સચિવ ડો. એન. કલાઈસેલ્વીએ કહ્યું કે, સ્ટીલ સ્લેગ રોડ ટેક્નોલોજી એ સ્ટીલ ઉત્પાદન પ્રક્રિયાના બાય પ્રોડક્ટ તરીકે મળતા સ્ટીલ સ્લેગનો રસ્તા બાંધકામમાં ઉપયોગ કરવાની એક નવીન અને પર્યાવરણને અનુકૂળ તકનીક છે. સ્લેગ એ ઔદ્યોગિક કચરો હોવાથી તેનો ઉપયોગ બાંધકામ સહિતના ખર્ચ ઘટાડે છે. કોર્પોરેટ અફેર્સ હેડ ભાવેશ ડોંડાએ સ્વાગત પ્રવચન કરી સ્ટીલ સ્લેગ રોડની વિગતો આપી કહ્યું કે, રસ્તો મલ્ટી-પર્પઝ બર્થ (MPB-1) ને કોલસા યાર્ડ સાથે જોડે છે. આ રોડ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ- સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CSIR-CRRI) અને કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના સહયોગથી વિકસાવવામાં આવ્યો છે. મહાનુભાવોએ પોર્ટ પરિસરમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે CSIR-CRRI ડિરેક્ટર અને અધ્યક્ષ, ઈન્ડિયન રોડ્સ કોંગ્રેસના અધ્યક્ષ ડો.મનોરંજન પરિદા, અદાણી હજીરા પોર્ટના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી આનંદ મરાઠે, AM/NSના એક્ઝિ. ડાયરેક્ટરશ્રી સતિષ મૂંદડા અને અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વીડિયો વાયરલ કરી બદનામ કરવાના કેસમાં આરોપીનો છૂટકારો

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૦૮

ફેસબુક-ઈન્સ્ટાગ્રામ પર અપત્તિજનક કન્ટેન્ટ વાયરલ કેસમાં આરોપીને કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો.

કેસની વિગત અનુસાર, ફરિયાદી મહિલાની ઓળખનો દુરુપયોગ કરીને સોશિયલ મીડિયામાં અપત્તિજનક કન્ટેન્ટ અપલોડ કરવામાં આવેલ હતો અને ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામ પર બિભત્સ ફોટો અને વીડિયો વાયરલ કરવા અંગે IPC કલમ ૨૯૨, ૫૦૦ તથા આઈ.ટી. એક્ટની કલમ ૬૬(C), ૬૭ હેઠળ આરોપી સામે ગંભીર આરોપ લગાવવામાં આવ્યા હતા. ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ આગળ ધપાવી હતી. તે કેસ દરમ્યાન કોર્ટમાં રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું વિશ્લેષણ કરતાં કોર્ટે નોંધ્યું હતું કે, ફરિયાદી પક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયા છે અને ફરિયાદી દ્વારા આરોપોની પુષ્ટિ કરવામાં કોઈ નિષ્કર્ષક પુરાવા રજુ કરવામાં આવ્યાં નથી. આ કેસમાં આરોપી તરફે વકીલ અમીન એ. મેમણ અને વકીલ ઉવેશ એમ. પઠાણે દલીલો કરી હતી.

પહેલા પાનાનું ચાલુ

### ભારત-અમેરિકા

છે કે ક્રુડ તેલથી શસ્ત્ર ખરીદીમાં ભારત એ રશિયા કરતા અમેરિકાને પ્રાધાન્ય આપે હવે આગામી ૨૪ કલાકમાં જ બંને દેશો વચ્ચેના ટેરીફ મુદ્દે કોઈ સમજુતી થાય તેવા સંકેત છે. ટ્રમ્પે ગઈકાલે એ પણ ચેતવણી આપી હતી કે જો જાપાન વળતા વધુ ટેરીફ લાદશે તો અમેરિકા તેના પર વધારાના ટેક્સ લાદી દેશે અને તે ૨૫ ટકામાં જોડાઈ જશે.

ટ્રમ્પે આ જ રીતે દક્ષિણ કોરીયાને પણ ચેતવણી આપી છે પરંતુ ભારત સાથેનું હળવુ વલણ સૂચક છે. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ બેઠક પૂરી કરીને આજે સાંજે ભારત પહોંચે તેવી ધારણા છે અને ત્યારબાદ તેના નિર્ણય લેવાઈ શકે છે.

બીજી તરફ તેઓએ ગઈકાલે બ્રિક્સ દેશોના અમેરિકા વિરૂધ્ધ વલણ અપનાવવા સામે ચેતવણી આપી હતી અને વધારાના ૧૦ટકાને ટેરીફની ધમકી આપી છે અને આથી હવે ભારત અને અમેરિકાએ કઈ રીતે સમજુતી પર પહોંચે છે તેના પર સૌની નજર છે.

### મરાઠી વિવાદ

લોકોની અટકાયત કરી હતી. મનસે અને ઉદ્ધવ ઠાકરેના સમર્થકો દ્વારા કાઢવામાં આવેલી વિરોધ રેલીને પણ પોલીસે અટકાવી હતી. જેમાં મનસેના કાર્યકરોની અટકાયત થતાં સમર્થકો રોષે ભરાયા હતા. તેમણે કહ્યું કે, સરકારે કારોબારીઓના દેખાવોમાં દખલગીરી કરી ન હતી. પરંતુ અમારી વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી છે. અંતે મરાઠી લોકોથી સરકારને શું સમસ્યા છે.

મનસેના કાર્યકરોએ પોલીસ કાર્યવાહીનો વિરોધ કરતાં સરકાર પર આક્ષેપ કર્યા હતાં કે, આ સરકાર મહારાષ્ટ્ર અને મરાઠી લોકો માટે છે કે પછી બીજા રાજ્યની છે? અંતે તેમને મરાઠી લોકોની વિરોધ રેલીથી પ્રોબ્લમ શું છે. મરાઠી બનામ હિન્દી વિવાદમાં પોતાનું વર્ચસ્વ ગુમાવવાના ભયે એકનાથ શિંદે જૂથ પણ એક્ટિવ થયુ છે. સરકારમાં હોવા છતાં મનસે વિરૂદ્ધ હાથ ધરાયેલી કાર્યવાહીનો શિંદે જૂથે વિરોધ કર્યો છે.

સરકારમાં મંત્રી પ્રતાપ સરનાઈકે પોલીસ પર ગુસ્સો કરતાં કહ્યું કે, મરાઠી લોકોને વિરોધ રેલીની મંજૂરી કેમ નથી. અંતે પોલીસ ઈચ્છે છે શું? મરાઠી લોકો પર આ પ્રકારનો અત્યાચાર કોઈ રાજકીય પાર્ટી (ભાજપ)ને લાભ આપી રહ્યો છે. હું મરાઠી લોકો પર આ કાર્યવાહીની નિંદા કરૂ છું. પોલીસે મંજૂરી આપવી હતી. ગૃહ મંત્રાલયે પણ એવા કોઈ આદેશ આપ્યા નથી કે, આંદોલન ન કરશો. તો પછી લોકોની ધરપકડ કેમ થઈ રહી છે.

### ફ્યુચર ઓપ્શન

નિયમનકારી પગલાંની અસરનું મૂલ્યાંકન કરવાનો છે, જે આ સેગમેન્ટમાં નિયમોને મજબૂત બનાવવા માટે લાવવામાં આવ્યા હતા.

સેબીએ સ્પષ્ટતા કરી છે કે, તે રોકાણકારોના રક્ષણ અને બજાર સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સ સેગમેન્ટના વેપાર પર સતત નજર રાખશે. આ પગલાંનો હેતુ જોખમોને રોકવા માટે વધુ સારી દેખરેખ સુનિશ્ચિત કરવાનો છે.

### ઈન્કમટેક્સ

દેખાડી છૂટનો દાવો કર્યો છે તો તેને ટેકસ ચોરી માનવામાં આવશે.આવા કેસમાં ટેકસ અસિસ્ટ કરનાતાને આઈટીઆર યુ દાખલ કરી ચુકવવાપાત્ર કર અને વ્યાજ જમા કરવાની સલાહ આપશે જેથી કાનુની કાર્યવાહીથી બચી શકાય.

જો દાન કોઈ માન્ય રાજનીતિક દળને કરવામાં આવ્યુ તો ટેકસ અસિસ્ટ સલાહ આપે છે કે દાનની રસીદો અને બેન્ક લેવડ દેવડનો પુરાવો સંભાળીને રાખો કારણ કે તપાસ દરમ્યાન તેની જરૂરત પડી શકે છે. આ પહેલ આવકવેરા વિભાગની એ કોશિકાનો ભાગ છે કે જે અંતર્ગત કર જમા કરાવવાની પ્રક્રિયાને સરળ અને પારદર્શી બનાવી શકાય.

### કર્ણાટકમાં

પગપાળા જતા હોય કે કસરત કરતા હોય અથવા બેઠા કે વાતચીત કરતા હોય ત્યારે અચાનક ઢળી પડે છે.આ પ્રકારનાં મોત પાછળના કારણની ચકાસણી જરૂરી છે અને એટલે દરેક કિસ્સાની જાણ કરવાનું તથા ઓટોપ્સી કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું છે.

કર્ણાટકમાં યુવા વર્ગમાં હાર્ટ એટેકનાં વધેલા કેસોને પગલે રાજય સરકારે નિષ્ણાંત કમીટીનું ગઠન કર્યુ હતું તેના દ્વારા કાર્ડીયાક સર્વેલન્સ પ્રોગ્રામ શરૂ કરવા તથા નેશનલ રજીસ્ટ્રીની ભલામણ કરી હતી અને તેને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કર્ણાટક સરકારે શાળાના બાળકો તથા સરકોરી કર્મચારીઓનું દર વર્ષે હૃદયરોગ સંબંધી સ્ક્રીનીંગ પણ કરવામાં આવશે આ માટે પુનિથ રાજકુમાર હૃદય યોજના વિસ્તારવામાં આવી છે.

### ઉત્તરાખંડમાં

શિખરને સર કર્યું હતું.

અહીં અત્યાર સુધી કોઈ પર્વતારોહણ દળ નથી પહોંચ્યું. આ શિખર પર લગભગ ૪૩૦૦ મીટરની ઉંચાઈ પર બરફથી બનેલી શિવલીગની આકૃતિ જોવા મળી હતી.

અમરનાથમાં શિવલીંગ લગભગ ૩૮૮૮ મીટરની ઉંચાઈએ આવેલ છે.જયારે નીલાપાનીમાં જે પર્વત પર આ આકૃતિ મળી તેની ઉંચાઈ ૬૦૫૪ મીટર છે.શિવલીગની આકૃતિ લગભગ ૪૩૦૦ મીટરની ઉંચાઈ પર છે.

ગંગોત્રીથી ૧૦ કિલોમીટર પહેલા લંકા પુલ પાસે નેલાંગ વેલી માટે સડક માર્ગ છે. અહી સુધી પહોંચવા માટે સ્થાનિક પ્રશાસનની મંજુરી લેવી જરૂરી છે. નેલાંગથી નીલાપાની સુધી પહોંચ્યા બાદ આ દુર્ગમ ટ્રેક શરૂ થાય છે.

આ માર્ગની શરૂઆત જ બર્ફીલા રસ્તાથી થાય છે. લગભગ સાડા ચાર કિલોમીટરના બરફ વચ્ચે ટ્રેકીગ બાદ શિવલીગ જેવી આકૃતિવાળા સ્થળ પર પહોંચી શકાય છે. ઉલ્લેખનીય છે કે નેલાંગ વેલીમાં જ પાર્વતી કુંડ પણ આવેલ છે.

### ટ્રમ્પે શાંતિ

બેન્જામીન નેતન્યાહુની અમેરીકાની આ ત્રીજી યાત્રા છે. નેતન્યાંહુનો આ યાત્રાનો ઉદેશ ગાઝામાં સીઝફાયર પર ચર્ચા કરવાનો છે.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે વારંવાર એ સંકેત આપ્યો છે કે તે નોબેલ પુરસ્કાર મેળવવાની ઈચ્છા રાખે છે. દુનિયાની અનેક લડાઈઓમાં દખલ બાદ પણ તેમણે પોતાની આ ઈચ્છા દુનિયા સામે રાખી છે.

------------

### કૃભકો ટાઉનશીપ

પેજ-૨ પાનાનું ચાલુ

આવ્યા હતા. વિજેતાઓને કૃભકોના વરિષ્ઠ અધિકારીઓ, સુરત ડિસ્ટ્રિક્ટ બેડમિન્ટન એસોસિએશન, ગુજરાત બેડમિન્ટન એસોસિએશનના અધિકારીઓ અને કૃભકોટાઉન શીપના રહેવાસીઓના સમક્ષ પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

### ઓલપાડ

પેજ-૨ પાનાનું ચાલુ

ત્રણ થી ચાર શિક્ષકોનાં હુકમ હુકમ થયેલ હોઈ તે ધ્યાને લઈ એક શાળામાંથી એક જ શિક્ષકને સદર કામગીરી સોંપવામાં આવે તથા વર્ષોથી આ કામગીરી કરતાં શિક્ષકોને પણ મુક્ત કરી અન્ય કેડરનાં કર્મચારીઓની નિમણૂંક કરવા બાબતે આપની કક્ષાએથી ત્વરિત સૂચના થવા વિનંતી છે.

ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલની આગેવાનીમાં મામલતદાર કચેરી, ઓલપાડ ખાતે સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલ, તાલુકા સંઘનાં મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર, પ્રદીપસિંહ સોલંકી તથા રાકેશ પટેલ સહિતનાં હોદ્દેદારો સદર આવેદનપત્ર પાઠવવા ઉપસ્થિત રહ્યા હતાં. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### મહુવાના

પેજ-૨ પાનાનું ચાલુ

હતા. આ અવસરે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર કટિબધ્ધ છે. જે માટે વડાપ્રધાનશ્રીએ ધરતી આબા જનજાતિય ઉત્કર્ષ અભિયાન ઉપાડયું છે. છેવાડાના માનવીઓને અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો ઘર આંગણે મળી રહે તે માટે કેમ્પનું આયોજન કર્યુંછે. ગામનો એક પણ લાભાર્થી લાભથી વંચિત રહી ન જાય તે માટે સૌને સાથે મળીને કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. અગાઉ જમીનોમાં ૭/૧૨માં વારસદારોના વધુ નામોના કારણે ખેતીવાડી માટે વીજ કનેકશનો મળતા ન હતા પણ સરકારમાં રજુઆત કરીને સુધારો કરીને હવે ખેતી કરનારને વીજ કનેકશનો લાભો મળતા થયા છે. બાળકો ભણીગણીને વાંચન કરીને આગળ વધી શકે તે માટે તાલુકામાં લાયબ્રેરીઓ બનાવવામાં આવી રહી છે. આ અવસરે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી શીલાબેન પટેલ, મામલતદાર મહુવા તથા અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નર્મદા એસપી

પેજ-૨ પાનાનું ચાલુ

ઉલ્લંઘન છે. વકીલ પુનિત જૂનેજાએ જણાવ્યા મુજબ, આ સમગ્ર ઘટના DK Basu વિરૂદ્ધ રાજ્ય અને Prabir Purkayastha વિરુદ્ધ રાજ્ય સહિતના નિર્ણયોમાં સુપ્રીમ કોર્ટે આપેલા માર્ગદર્શક સિદ્ધાંતોની ઉલ્લંઘન તરીકે ગણાય છે. તેથી પુનિત જૂનેજાએ એડવોકેટ જનરલ સમક્ષ આ ગંભીર મામલે તાત્કાલિક કાર્યવાહી કરવા અને કોર્ટની પ્રતિષ્ઠા અને ન્યાય પ્રણાલી બચાવવા માટે ગુનાહિત તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવાની માંગ કરે છે.

----

છેલ્લા પાનાનું ચાલુ

### લાંચ કેસમાં

પાલનપુરીયા સામે લાંચનો ગુનો નોંધ્યો હતો. ઈન્સાફી કાર્યવાહી દરમિયાન આરોપી તરફે વિદ્વવાન વકીલ ઉજજવલ જી.દેસાઈએ રજુઆત કરી હતી કે, "ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ લાંચના નાણાંની માંગણી, સ્વીકાર, પ્રાપ્તી પુરવાર કરી શક્યો નથી. જે રકમ સ્વીકારેલ તે ફરીયાદીના અન્ય એક મકાનની પ્લાન પાસ કરાવવાની ફી પેટે આ રકમ સ્વીકારી હતી અને તે અંગેના પુરાવા પણ કોર્ટ સમક્ષ રજુ કર્યા હતા. કોર્ટે બંને આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા.

### લિંબાયતમાં થયેલી

શાહેદો અને નજરે જોનાર શાહેદો વિમુખ જાહેર થયા હતા. પોલીસે પણ આરોપીની હાજરી દર્શાવા કોઈ સીસીટીવી ફુટેજનો કે સીડીઆરનો પુરાવો રજૂ કર્યો ન હતો. ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનુ તહોમતનામું મૌખિક, દસ્તાવેજી, દાર્શનીક, વૈજ્ઞાનિક કે અન્ય કોઈ પણ પુરાવાથી વાજબી શંકાથી પર, નિઃશંકપણે પુરવાર કરી શક્યો નથી.

### મુંબઈમાં મરાઠી

જેથી આ બાબતે આજે બપોરે સાડા ત્રણ વાગ્યે સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલ ઉધનાવાલા અને અન્ય ભાષાભાષી વિભાગના પ્રમુક ઓમપ્રકાશ ગોયલ કલેક્ટરને આવેદન પત્ર પાઠવશે. રાષ્ટ્રપતિને સંબોધીને કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવશે જેમાં ભાષાવાદને નામે કાયદો હાથમાં લેનારા લોકો સામે પગલા ભરવાની માંગ કરાશે.

# ખેરગામના આછવણી ગામે આધેડ ખેડૂતનો સાપે ડંખ માર્યો

ખેરગામ, તા.૮

ખેરગામ પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ડોક્ટર ડી .સી. પટેલ સાઈનાથ હોસ્પિટલ ધરમપૂરે ખેરગામ પોલીસ મથકમાં આપેલ ફરિયાદ માં જણાવ્યા અનુસાર ખેરગામ તાલુકાના આછવણી ગામના હટી ફળિયા ખાતે રહેતા ૫૦ વર્ષીય અમૃતભાઈ ચીમનભાઈ પટેલ પોતાના ખેતરમાં પશુઓ માટે ચારો કાપતા હતા. તે દરમિયાન તેમને જમણા હાથમાં કામળિયો (રસલ) ઝેરી સાપ કરડી જતા ખાનગી વાહનમાં તેને તાત્કાલિક સારવાર માટે ધરમપુર ની સાઈનાથ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તે હાલ સારવાર હેઠળ અને ભાનમાં છે. ઉપરોક્ત બનાવ અંગે સાઈનાથ હોસ્પિટલ ના ડોક્ટર ડી.સી. પટેલની ફરિયાદને આધારે પોલીસે જાણવાજોગ ફરિયાદ નોંધી ઘટનાની વધુ તપાસ હે .કો બીપીનભાઈ કરી રહ્યા છે.

# ટેરિફ એટલે શું? ટ્રમ્પ તે શા માટે લાગુ કરી રહ્ય છે?!

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિતના દેશો પર રેસિપ્રોકલ ટેરિફની ઘોષણા કરી છે. ટ્રમ્પનાં આ ટેરિફ્સને 'ડિસ્કાઉન્ટેડ રેસિપ્રોકલ ટેરિફ' એવું નામ આપવામાં આવ્યું છે!

વ્હાઈટ હાઉસે લગભગ ૧૦૦ જેટલા દેશોની યાદી બહાર પાડી છે જેના પર આ પ્રકારનાં ટેરિફ્સ લગાવવામાં આવ્યાં છે. આ યાદી પ્રમાણે જે દેશો પર ટેરિફ્સ લગાવવામાં આવ્યાં છે તે અમેરિકા પર આ દેશો દ્વારા લગાવવામાં આવતાં ટેરિફ્સના અડધા બરાબર છે! જોકે, આ યાદીમાં એ પ્રકારના દેશો પણ છે જેમના પર બેઝલાઈન ટેરિફ પણ લગાવવામાં આવ્યાં છે જે ૧૦ ટકા છે.

અમેરિકા દ્વારા ટેરિફ્સનું એલાન થયા બાદ એશિયાઈ દેશો પર ખાસ્સી અસર થઈ છે. ટ્રમ્પે ચીન પર ૩૪ ટકા, વિયતનામ પર ૪૬ ટકા, કંબોડિયા પર ૪૯ ટકા અને ભારત પર ૨૬ ટકા ટેરિફ્સ લગાવ્યા છે! ખેર, ટેરિફ શું છે!?જેને કારણે આખા વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે! અલબત, ટેરિફ એ અન્ય દેશોમાંથી આયાત થતી ચીજવસ્તુઓ પર વસૂલવામાં આવતો કર છે!જે કંપનીઓ દેશની અંદર વિદેશી સામાન લાવે, તે સરકારને કરવેરો ચૂકવે છે!

સામાન્યપણે ટેરિફ એ કોઈ ઉત્પાદનના મૂલ્યની ટકાવારી હોય છે. ચાઈનિઝ ચીજવસ્તુઓ પર ૨૦ ટકા ટેરિફ લાદવાનો અર્થ થાય છે કે, ૧૦ ડૉલરની કિંમતની વસ્તુ પર બીજો બે ડૉલરનો ચાર્જ વસૂલવામાં આવશે!કંપનીઓ ટેરિફની અમુક કે સમગ્ર લાગત ગ્રાહકોના ખભે નાખવાનો વિકલ્પ અપનાવી શકે છે!સામાન્યપણે અમેરિકા ચીજવસ્તુઓ પર અન્ય દેશો કરતાં નીચો ટેરિફ વસૂલે છે જેનો અર્થ એ કે, તેના પારસ્પરિક (રૅસિપ્રોકલ) પ્લાનને કારણે કરના દરોમાં તેમજ ચેક-આઉટ વખતે લોકોએ ચૂકવવાની રહેતી કિંમતમાં તીવ્ર ઉછાળો આવી શકે છે!

સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)
ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત
મો૯૪૨૭૮ ૩૧૨૧૩

## ઉપરવાસમાં ભારે વરસાદ

# મધુબન ડેમના છ દરવાજા ૧ મીટર સુધી ખુલ્લા કરાયા

વલસાડ,તા.૦૮

વલસાડ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. જિલ્લામાં સૌથી વધુ વાપીમાં ૫ એમએમ અને વલસાડમાં ૪ એમએમ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સરેરાશ ૨.૬૭ એમએમ વરસાદ પડ્યો છે.

મધુબન ડેમના ઉપરવાસમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૫.૪૦ એમએમ વરસાદ નોંધાયો છે. ડેમના ઉપરવાસના ૬ ગામોમાં સરેરાશ ૧૦.૯૦ એમએમ વરસાદ પડ્યો છે. ડેમમાં પાણીની આવક ૨૩,૩૭૦ ક્યુસેટ થતાં ડેમનું લેવલ ૭૦.૨૦ મીટરે પહોંચ્યું છે. આ કારણે ડેમના ૬ દરવાજા ૧ મીટર ખોલવામાં આવ્યા છે. દમણગંગા નદીમાં ૧૯,૪૦૦ ક્યુસેટ પાણી છોડવામાં આવી રહ્યું છે.

નીચાણવાળા વિસ્તારોમાં ૬ લોલાઈનના રસ્તા પર પાણી ફરી વળતાં વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. ૧લી જૂનથી અત્યાર સુધીમાં જિલ્લામાં સરેરાશ ૧૦૯૩.૬૭ એમએમ વરસાદ નોંધાયો છે. કપરાડા તાલુકામાં સૌથી વધુ ૧૪૪૭ એમએમ, ધરમપુરમાં ૧૧૨૩ એમએમ, વાપીમાં ૧૧૩૨ એમએમ, ઉમરગામમાં ૧૦૧૬ એમએમ, પારડીમાં ૯૯૮ એમએમ અને વલસાડમાં ૮૪૬ એમએમ વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે વલસાડ જિલ્લા, દાદરા નગર હવેલી અને દમણ સહિત દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે. દમણગંગા નદીના તટ વિસ્તારમાં રહેતા લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.



# ખેરગામમાં સરસીયા દત્ત મંદિર સુધીની સ્ટ્રીટ લાઈટનું લોકાર્પણ

ખેરગામ, તા.૮

ખેરગામ મામલતદાર કચેરીથી સરસીયા ફળીયાના દત્ત મંદિર સુધીમાં સ્ટ્રિટ લાઈટના અભાવે લોકોએ ધંધા રોજગાર કરીને રાત્રીના સમયે પોતાના ઘરે જવા માટે મુશ્કેલીનો સામનો તેમજ દિપડાનો પણ ભય લોકોને સતાવી રહ્યો હતો.તેમજ ગ્રામ પંચાયત દ્વારા લાઈટ વેરો પણ આ વિસ્તારના લોકો પાસે વસૂલવામાં આવતો હોય આવી ગંભીર બાબતની સ્થાનિકોએ તાલુકા પંચાયતના સભ્યો મોહિનીબેન પટેલને રજૂઆત કરતા તેમણે ગંભીરતા પૂર્વક લઈ તાલુકા પંચાયતમાં સ્ટ્રિટ લાઈટ માટે બે લાખની ગ્રાન્ટની ફાળવણી કરાવી હતી.સ્ટ્રિટ લાઈટનું તાલુકા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ પટેલ,તાલુકા પંચાયત સભ્ય ના પતિ મુકેશભાઈ પટેલ,ડેપ્યુટી સરપંચ જગદીશભાઈ પટેલ,ભાજપ મહામંત્રી વિજયભાઈ રાઠોડ,જગદીશભાઈ મુકેશભાઈ અરવિંદભાઈ સહિત સ્થાનિકો ની ઉપસ્થિતમાં લોકાર્પણ કરવામાં આવતા સ્થાનિકોમાં ભારે ખુશી નો માહોલ જોવા મળ્યો હતો.

# અદાણી દ્વારા ૬૦૦ મેગા વોટનું વિદર્ભનું પાવર હાઉસ સંપાદન

અમદાવાદ, ૮ જુલાઈ, ૨૦૨૫: ભારતની સૌથી મોટી ખાનગી થર્મલ પાવર ઉત્પાદક કંપની અદાણી પાવર લિ. (APL) એ રૂ. ૪,૦૦૦ કરોડના ખર્ચે વિદર્ભ ઈન્ડસ્ટ્રીઝ પાવર લિ. (VIPL) ના સંપાદન અને રિઝોલ્યુશન પ્લાનનું અમલીકરણ સફળતાપૂર્વક આખરી કર્યું છે. વીઆઈપીએલ એ મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના બુટીબોરી સ્થિત વિદર્ભ ઈન્ડસ્ટ્રીઝ પાવરના ૨×૩૦૦ મેગાવોટની ક્ષમતાના સ્થાનિક કોલસા આધારિત પાવર પ્લાન્ટ છે.

વિદર્ભ ઈન્ડસ્ટ્રીઝ પાવર લિ.( VIPL) નાદારી અને નાદારી કોડ (IBC) હેઠળ કોર્પોરેટ નાદારી ઠરાવ પ્રક્રિયા (CIRP)માંથી પસાર થઈ રહી હતી. ૧૮ જૂન, ૨૦૨૫ ના રોજ, નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)ની મુંબઈ બેન્ચે અદાણી પાવરના ઠરાવની યોજનાને મંજૂરી આપ્યા બાદ,તા. ૭ જુલાઈ, ૨૦૨૫ ના રોજ આ યોજના સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી હતી.

આ સંપાદન સાથે અદાણી પાવર લિ.(APL) ની ઓપરેટિંગ ક્ષમતા ૧૮,૧૫૦ MWની થશે. APL બ્રાઉનફિલ્ડ અને ગ્રીનફિલ્ડ પ્રકલ્પોના મિશ્રણ દ્વારા તેના બેઝ લોડ પાવર જનરેશન પોર્ટફોલિયોનું વધુ વિસ્તરણ કરી રહી છે. કંપની હાલમાં તેના મધ્યપ્રદેશના સિંગરૌલી-મહાન, છત્તીસગઢના રાયપુર, રાયગઢ અને કોરબા અને રાજસ્થાનના કવાઈ ખાતેના વર્તમાન સ્થળોએ ૧,૬૦૦ MW ના A બ્રાઉનફિલ્ડ અલ્ટ્રા-સુપરક્રિટિકલ પાવર પ્લાન્ટ (USCTPP) બનાવી રહી છે, ઉપરાંત ઉત્તરપ્રદેશના મિર્ઝાપુર ખાતે ૧,૬૦૦ MW ગ્રીનફિલ્ડ અલ્ટ્રા-સુપરક્રિટિકલ પાવર પ્લાન્ટ (USCTPP) પણ બનાવી રહી છે. વધુમાં તેણે અગાઉ હસ્તગત કરેલા કોરબા ખાતેના ૧,૩૨૦ MW સુપરક્રિટિકલ પાવર પ્લાન્ટનું પણ પુર્નનિર્માણ કરી રહી છે. આ સાથે ૨૦૩૦ સુધીમાં અદાણી પાવર લિ. ૩૦,૬૭૦ MW ની ઓપરેટિંગ ક્ષમતા સાથે ભારતની સૌથી મોટી ખાનગી બેઝ લોડ પાવર જનરેશન કંપની તરીકે તેનું સ્થાન સંગીન કરશે.

# રાજકોટ-જેતપુર હાઈ-વેના કામમાં વિલંબના મુદ્દે કોંગ્રેસનું આંદોલન

## રાજકોટ કલેક્ટર કચેરી સામે વિરોધ પ્રદર્શન યોજાયું

અમદાવાદ,તા.૦૮

રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈ-વેના રૂ.૧૨૦૪ કરોડના ખર્ચે ૬૭ કિલોમીટરનું કામ છેલ્લા બે ૨૦ મહિનાથી ચાલી રહ્યું છે, જેના લીધે રાજકોટ સહિત સૌરાષ્ટ્રથી જેતપુર અવર-જવર કરતા અઢી લાખથી વધુ લોકો પરેશાન થઈ રહ્યાં છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં આ માર્ગનું કામ શરૂ કરવામાં આવ્યું હતું અને બે વર્ષ એટલે કે, સપ્ટેમ્બર ૨૦૨૫માં ૬૭ કિમીના માર્ગનું સંપૂર્ણ કામ પૂર્ણ કરવાનું હતું, જેની જગ્યાએ માત્ર ૨૦ કિમીનું જ કામ થયું છે. કામગીરી સમયસર પૂર્ણ કરાવવાની જગ્યાએ તંત્ર દ્વારા સમય અવધી વધારી જૂન, ૨૦૨૬ કરી દેવામાં આવી છે. હાલમાં વરસાદને કારણે રાજકોટ-જેતપુર હાઈવે પર ખાડા પડી જતાં ભારે ટ્રાફિકજામ સર્જાય રહ્યો છે. આ સાથે બિસ્માર રસ્તાથી અકસ્માતો પણ વધી રહ્યાં છે.



અહીંથી દરરોજ પસાર થતા અંદાજે અઢી લાખ લોકોની સમસ્યાને લઈને આજે (૮ જુલાઈ) કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં જનહિત હાઈવે હક્ક આંદોલન સમિતિ દ્વારા કલેક્ટર કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો. હાથ અને માથામાં પાટા બાંધી 'ભાજપ સરકાર ચોર છે', 'રોડ નહિ તો ટોલ નહિ'ના નારા સાથે કોંગ્રેસ કાર્યકર્તાઓ કલેકટર કચેરીએ પહોંચ્યાં હતા. કેન્દ્રીય વાહન-વ્યવહાર મંત્રી નીતિન ગડકરીના પોસ્ટર બતાવવામાં આવ્યું હતુ, જેમાં ગડકરીના સ્થાને ગડ્ડા-કરી લખવામાં આવ્યું હતુ. તમામ લોકોની એક જ માંગ છે કે, પહેલા આપો રોડ અને પછી માંગો ટોલ.

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
પ્રેસનોટ તથા જાહેરખબરો
માટે સંપર્ક કરો
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૮ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## શ્રીનાથજી જ્વેલર્સના માલિકની હત્યાથી સચીન વિસ્તારમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા

### સચીન બજારની ૩૦૦થી વધુ દુકાનદારોએ સ્વયંભૂ બંધ પાળી વિરોધ નોંધાવ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

સચિન રેલવે સ્ટેશન નજીક ભરચક લોકોથી ઉભરાતા બજારમાં ગઈ કાલે બંદૂકની લૂંટના ઈરાદે જ્વેલર્સના માલિક ઉપર ફાયરિંગ કરી તેમને મોતને ઘાટ ઉતારી દેવાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો જોવા મળ્યા છે. અગાઉ પણ સચિન વિસ્તારમાં બંદૂકની અણીએ અન્ય એક બેંકમાં પણ લૂંટનો બનાવ બની ચૂક્યો છે. આ ઘટના બાદ સચિન રેલવે સ્ટેશન બજારના દુકાનદારોમાં ભારે રોષ વ્યાપી જવા પામ્યો છે. લૂંટારૂઓએ જે બજારમાં ગુનાને અંજામ આપ્યો છે, ત્યાં ૩૦૦ જેટલી અલગ અલગ દુકાનો આવી છે. આ દુકાનદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે દુકાનદારોએ મૃતકના માનમાં અને આ ઘટનાના વિરોધમાં દુકાનો બંધ રાખવાનો નિર્ણય લઈ દુકાનો બંધ રાખી હતી. પોલીસે પણ આ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.





સચીનના જ્વેલર આષિશ રાજપરાને ગોળી મારી હત્યા કરી લૂંટની કોશિષની બનેલી ઘટાનાને પગલે સમગ્ર સચીન બજાર વિસ્તારમાં આક્રોષ વ્યાપી ગયો હતો અને આજરોજ બજારના તમામ દુકાનદારોએ સ્વંભુ બંધ પાળી વિરોધ નોંધાવ્યો હતો. પ્રસ્તુત તસવીરમાં દુકાનદારોએ બંધ પાળી એકત્રિત થયા હતા જ્યારે બીજી તસવીરમાં બંધ દુકાનો પાસે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાય ગયો હતો.

## સચીનમાં જ્વેલર્સની હત્યા બાદ પોલીસની ચોતરફ તપાસ, છ પોલીસ ટીમો બનાવી

### સમગ્ર વિસ્તારના સીસી ટીવી ફુટેજ ફંફોસતી પોલીસ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

સચિન રેલવે સ્ટેશનની નજીક આવેલ શ્રીનાથજી જ્વેલર્સના માલિક ઉપર ગોળીબાર કરી માલિકની હત્યા કર્યા બાદ જ્વેલરીની લૂંટ કરી ફરાર થયેલા લૂંટારૂઓને ઝડપી પાડ્વા પોલીસે ૬ અલગ-અલગ ટીમો બનાવી તેઓનુ પગેરૂ શોધવા ચક્રોગતિમાન કર્યા છે. લૂંટારૂઓ જ્વેલર્સમાંથી ગુનાને અંજામ આપી જે સ્થળેથી ફરાર થયા છે તે તમામ સીસીટીવી ફુટેજ પોલીસ ખોજી લૂંટારૂઓ સુધી પહોંચવાની કડી મેળવી રહી છે. હાલ ઘટના સ્થળે એફએસએલની ટીમે પણ તપાસ આદરી છે. નોંધનીય છે કે,જે એક લૂંટારૂને લોકોએ પકડી પાડી બેફામ મારમારતા હાલ તેની તબીયત ગંભીર છે અને ખાનગી હોસ્પિ.માં સારવાર હેઠળ છે.

ગઈ કાલે રાત્રે સચિન રેલવે સ્ટેશન પાસે ભરાતા બજારમાં લૂંટના ઈરાદે જ્વેલર્સના માલિકને ગોળીઓ મારી હત્યા કરવાની ઘટના અંગે આખા રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. સચિન રેલવે સ્ટેશન ખાતે ભરાતા બજારમાં આવેલ શ્રીનાથજી જ્વેલર્સમાં ગઈ કાલે રાત્રિએ નવ વાગ્યાના અરસામાં ચારથી પાંચ લૂંટારૂઓ ધસી આવ્યા હતા. તેમની પાસે તમંચા જેવા ઘાતક હથિયારો પણ હતા. તમંચાની અણીએ લૂંટારૂઓએ ઘરેણા લૂંટી ભાગવા જતા જ્વેલર્સના માલિક આશિષ રાજપરા અને અન્ય કર્મચારીઓએ લૂંટારૂઓનો પ્રતિકાર કર્યો હતો. જેમાં એક લૂંટારૂએ આશિષભાઈ ઉપર ફાયરીંગ કરી દીધું હતું. ફાયરિંગના અવાજથી આજુબાજુના લોકો પણ દોડી આવતા લૂંટારૂઓ ઘરેણાં લૂંટી ભાગ્યા હતા. જેમાંથી એક લૂંટારૂને લોકોએ પકડી પાડી તેને બેફામ માર માર્યો હતો. જ્યારે અન્ય લૂંટારૂઓ ભાગવામાં સફળ રહ્યા હતા. બીજી તરફ માલિક આશિષ રાજપરાનુ મોત નિપજ્યું હતું.

તદુપરાંત એક મહિલા કર્મચારીને પણ પગમાં ઈજા પહોંચી હતી. આ પ્રકરણમાં ડીસીબી, પીસીબી અને સચિન પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી જઈ તપાસ આદરી હતી. પોલીસે હત્યા અને લૂંટની કોશિષનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. પોલીસે ૬ અલગ અળગ ટીમો બનાવી તેઓને ઝડપી પાડ્વા ચક્રોગતિમાન કર્યા છે.

## સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં છુટા છવાયા વરસાદથી નિરાંત

### ફરીથી સુરત શહેરમાં સવારથી ઝરમર ઝરમર વરસાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

સુરત શહેર જિલ્લા સહિત દ.ગુજરાતમાં મેઘરાજા ધીમા પડ્યા હોય તેમ વિતેલા ૨૪ કલાકમાં માત્ર છુટો છવાયા વરસાદી ઝાંપટા પડ્યા હતા. સુરત શહેરમાં પણ ગઈકાલે બપોરથી આજે સવાર સુધી વરસાદ પડ્યો ન હતો. આજે સવારે વાદળ છવાયા વાતાવરણ વચ્ચે તડકા છાયાની રમત જોવા મળી હતી. ઓલપાડ, માંગરો, માંડવી, મહુવા, ચોર્યાસી સહિતના તાલુકાઓમાં છુટો છવાયો વરસાદ પડ્યો હતો.

સુરત સહિત દ.ગુજરાતને મેઘરાજાએ ધમરોળ્યા બાદ વિરામ લીધો છે ત્યારે ગઈકાલે સવારે ૬ વાગ્યાથી આજે સવારે ૬ વાગ્યા સુધીના પુરા થતાં ૨૪ કલાકમાં છુટો છવાયા વરસાદી ઝાપટા પડવા સાથે જિલ્લામાં ઉઘાડ નિકળ્યો હતો. સુરત સિટીમાં પણ ગઈકાલ સાંજથી વરસાદે વિરામ લીધો છે. સવારે વાદળ છવાયા વાતાવરણ વચ્ચે વરસાદે હાજરી પુરાવી ન હતી.આ લખાય છે ત્યારે સુરત શહેરમાં ફરીથી મેઘરાજાની મહેર શુરૂ થઈ ગઈ છે અને ઝરમર ઝરમર વરસાદથી આહલાદત્ક વાતાવરણ ઉભુ થયું છે.

## નવસારીમાં યુદ્ધ સ્તર પર સફાઈ ઝુંબેશ શરૂ

### પુણા નદીના જળસ્તરમાં ઘટાડો

(પ્રતાપ પ્રતિનિધિ) નવસારી, તા.૮

નવસારી પુણા નદીના જળસ્તરમાં ઘટાડો થતા લગભગ તમામ વિસ્તારોમાંથી પૂરના પાણી ઓસરી જતા યુદ્ધ સ્તરે સફાઈ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. નવસારીમાં પુરની સ્થિતિ બાદ પાણી ઓસરવા લાગતા તંત્ર દ્વારા સાફ સફાઈની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે નવસારીમાં રોગચાળાની દહેશત વચ્ચે જ્યાં જ્યાં પાણી ભરાયા હતા ત્યાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા જરૂરી સૂચનો કરી આરોગ્ય લક્ષી પગલા ભરવામાં આવી રહ્યા છે. ગઈકાલે રાત્રે પુર્ણા નદીની સપાટી જે ૨૨ ફુટે પહોંચી હતી તે ઘટીને ૨૪ કલાકમાં ૧૨ ફુટ ઉપર પહોંચી જતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઉપરવાસમાં પણ વરસાદ ધીમો પડતા નદીમાં પાણીનો પ્રવાહ ઓછો થયો છે.

## સરથાણા રઘુકુળ રેસીડેન્સીના એસીના આઉટ ડોર ચોરાયા

### ફરી વખત એસી આઉટ ડોર ચોરતી ટોળકી સક્રિય

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

સરથાણામાં રઘુકુળ રેસીડેન્સીના ગ્રાઉન્ડ ફલોરની દુકાનોમાંથી એસીના આઉટડોરની ચોર ચોરી કરી ગયા હોવાની ફરીયાદ સરથાણા પોલીસ મથકે નોંધાઈ હતી. ઉલ્લેખનીય છે કે, પુણા રેશમા રેસીડેન્સી અને પુણાગામની એક ડીજીટલ પ્રિન્ટીંગ દુકાનમાં લાગેલા આઉટડોર એસી પણ ચોરી કરી લેવાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ મંજુર ઈનામઅલી અંસારી ઉ.વ.૪૫ મોટા વરાછા મહેફીલ ઈસ્લામ રેસીડેન્સી ખાતે રહેતે મુળ બગદાદ ઉત્તરપ્રદેશના વતની મંજુર અંસારીની સરથાણા સેતુબંધુ હાઈટ્સ નજીક રઘુકુળ રેસીડેન્સીના ગ્રાઉન્ડ ફલોર ઉપર દુકાન આવેલી છે. આ ઉપરાંત હેપી હોમ શોપીંગ સાવલીયા સર્કલની ચાર દુકાન મળી ગઈકાલે મોડી રાત્રે તસ્કરો કુલ ૫ એસીના આઉટડોરની ચોરી કરી ગયા હતા. કુલ રૂ.૫૦ હજારની મત્તા ચોરી થવા અંગે મંજુર અંસારીએ સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## કતારગામ હીરાના કારખાનાનો મેનેજર રૂા.૩.૫૧ લાખ હીરાની ચોરી કરી ગાયબ

### આખરે કારખાના માલિકે કતારગામ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

કતારગામ નંદુડોશીના વાડીમાં કાંતિ એસ્સેટમાં મોગલ જેમ્સના નામે હીરાનું કારખાનું ચલાવતા હીરા કારખાનેદારને ત્યાં કામ કરતા બનાસકાંઠાના મેનેજરે હીરાના તળીયાનું કામ સોંપ્યું હતું. દરમિયાન રૂ.૩.૫૧ લાખની કિંમતના હીરા મેનેજર તફડાવી ગયો હતો. ગત જુન મહિનામાં ચોરી કરી ગયેલા મેનેજરની તપાસ કરતા તેની કોઈ પત્તો નહીં લાગતા આખરે ગઈકાલે કારખાના માલિકે મેનેજર વિરૂધ્ધ ચોરીની ફરીયાદ નોંધાવી હતી.કતારગામ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ બનાસકાંઠા જિલ્લાનો વતની અને હાલ કતારગામ હરીઓમ સોસાયટીમાં રહેતો હિતેશ શંકરભાઈ રાવણા (રાજપુત) અમરોલી છાપરાભાઠા રોડ વાઈટ પેલેસ સોસાયટી ખાતે રહેતા અને કતારગામ નંદુ ડોશીની વાડી ખાતે હીરાનું કારખાનું ચલાવતા દિનેશ ભિખુજી રાઠોડ ઉ.વ.૩૯ને ત્યાં મેનેજર તરીકે નોકરી કરતો હતો. દરમિયાન ગત જુન ૧૮ ૨૦૨૫ના રોજ હીરાના તળીયાનું કામ મેનેજરને કારખાના માલિકે આપ્યું હતું. દરમિયાન મેનેજર કુલ રૂ.૩.૫૧ લાખની કિંમતના હીરા ચોરી કરી ગયો હતો.



સુરતમા આજે સવારથી ઝરમર-ઝરમર વરસાદ વરસી રહ્યો છે. સતત મેઘમહેરથી સુરત શહેરમાં ગિરિમથક જેવું વાતાવરણ પ્રસરી ગયું છે. (તસવીર : હનીફ મલેક)

## પોલીસના સ્વાંગમાં મિત્રને હોટલમાં મળવા આવેલી મહિલાને દમ મારી રૂપિયાની માંગણી

### આરોપી રાજેશ પંચાલ અને બિલાલ ઐયુબ સામે ગુનો દર્જ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

વેસુ વિસ્તારમાં એક મહિલા તેના મિત્ર સાથે હોટલમાં હાજર હતી ત્યારે રિસેપ્શન કાઉન્ટર પાસેનો સીસીટીવીનો વિડીયો મેળવી લઈ પોતે પોલીસ તરીકેની ઓળખ આપનાર રાજેશ પંચાલ અને મહિલાના પુર્વ પતિ બિલાલ ઐયુબ મલેકે મહિલાને મળવા માટે બોલાવી રૂપીયાની માંગણી કરી તેનો વિડીયો વોટ્સએપ ગ્રુપમાં ફરતો કરી દેવાની ધમકી આપી હોવાની ફરીયાદ વેસુ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

વેસુ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર લિંબાયત મદીના મસ્જીદ પાસે રહેતા બિલાલ ઐયુબ મલેક અને તેના મિત્ર રાજેશ શ્યામ પંચાલ (રહે. ઉધના રોડ નં.૧૩) વિરૂધ્ધ વેસુ પોલીસ સ્ટેશનમાં એક મહિલાએ છેડતીનો ગુનો નોંધાવ્યો હતો.

ફરીયાદમાં મહિલાએ જણાવ્યું હતુ કે તેના પુર્વ પતિ બિલાલ ઐયુબ મલેક અને રાજેશ શ્યામ પંચાલે મહિલા તથા સફાનનો પીછો કરીને નોવા સ્ટે હોટલમાં આવી પોતે પોલીસ સ્ટાફમાં હોવાનું જણાવી રાજેશ પંચાલે પોતાની ખોટી ઓળખ આપી તેના મોબાઈલમાં પોલીસની વર્દીવાળો ફોટ ોબતાવી હોટલના વિડીયો ફુટેજ મેળવી લીધા હતા. ત્યારબાદ મહિલાને તુ મને મળવા આવ અને તારે પૈસા આપવા પડશે નહીં તો સફફાન હોટલમાં રીશેપ્શન કાઉન્ટર પાસે તુ ઉભી હતી તે વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ કરી દઈશ.

## અમરોલીમાં કારખાનામાં સાથે કામ કરતી કિશોરી પર બળાત્કાર ગુજાર્યો

### આરોપી રાજકુમાર કિશોરીને ફોસલાવી કારખાનાની બાજુની અવવારુ જગ્યામાં લઈ ગયો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

અમરોલી ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે રહેતા યુવાને ૧૭ વર્ષિય સગીરા જે યુવાન સાથે કારખાનામાં કામ કરતી હોય તેને ગત જાન્યુઆરી મહિનાના સમયગાળામાં કારખાનાની બાજુમાં અવાવરૂ જગ્યામાં લઈ જઈ બે વખત શરીર સંબંધ બાંધ્યા હતા. સગીરાને ગર્ભ રહી જતા આ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે આરોપી રાજકુમાર વિરૂધ્ધ બળાત્કારનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમરોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ બિહારનો વતની અને હાલ અમરોલી ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે રહેતો રાજકુમાર અનિલસિંહ અમરોલી વિસ્તારમાં એક કારખાનામાં કામ કરતો દરમિયાન આ કારખાનામાં કામ કરતી ૧૭ વર્ષિય સગીરાને પટાવી ફોસલાવી રાજકુમાર ગત જાન્યુઆરી ૨૦૨૫ના સમયગાળામાં કારખાની બાજુમાં ખાલી જગ્યામાં લઈ ગયો હતો અને દુષ્કર્મ ગુજાર્યું હતું. સગીરાને ગર્ભ રહી ગયો હોય આ વાતની જાણ પરિવારજનોને થઈ હતી. જેને પગલે પરિવાર પણ હેબતાઈ ગયું હતું અને આ બાબતે ગઈકાલે અમરોલી પોલીસ સ્ટેશનમાં પરિવારે પહોંચી જઈ આરોપી વિરુદ્ધ ફરિયાદ આપવામાં આવી હતી.

અમરોલી પોલીસે કિશોરીની ફરિયાદ નોંધી મેડીકલ પરીક્ષણ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

## મોર્ગેજ મિલકતમાં ઘુસી જનાર સામે બેંક ફરિયાદ

### બાબેનના દંપતિએ બેંકનું સીલ તોડી નાંખ્યું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

બારડોલીના બાબેન ખાતે બેંકે સીલ કરેલ મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરીને રહેતા નિશાદ દંપતિ સામે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. બેંકે નોંધાવેલી ફરિયાદના આધારે બારડોલી પોલીસે તપાસ શરૂ કરી છે.

અડાજણ ગૌરવપથ રોડ શાંતવન ન્યુ ઓન નીયર ખાતે રહેતા અને એચ.ડી.એફ.સી બેંકના કર્મચારી જયપ્રકાશ કેશવદત્ત દુર્ગાપાલે ગંગેશ્વર મનતા નિશાદ અને તેની પત્ની રીનુ ગંગેશ્વર મનતા નિશાદ(બંને. રહે. સિધ્ધી વિનાયક રેસી., રો-હાઉસ નં.૩૦, સબરીધામ સોસા.ની પાછળ,બાબેન,બારડોલી,સુરત) સામે ફરિયાદ નોંધાવી હતી, ફિરયાદ એ મુજબની હતી કે નિશાદ દંપતિ જે મકાનમાં રહેતા હતા, તે મોર્ગેજ હોવાથી જેનો કબજો બેંકે પાસે હતો. બેંકે આ મકાનમાં સીલ માર્યું હતું. છતાં નિશાદ દંપતિએ સીલ તોડી નાખી નુકશાન કરીને ગેરકાયદેસર મકાનમાં પ્રવેશ કરી રહેવાનુ શરૂ કરી દીધું હતું. આ અંગે બારડોલી ટાઉન પોલીસે નિશાદ દંપતિ વિરૂદ્ધ જુદી-જુદી કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

## લાંચ કેસમાં રાંદેર ઝોનના જુનિયર ઈજનેર સહિત બે જણા નિર્દોષ છુટ્યા

### આરોપી તરફે વકીલ ઉજ્જવલ દેસાઈએ દલીલો કરી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

રૂ.૧૦ હજારની લાંચ કેસમાં પાલિકાના રાંદેર ઝોનમાં ફરજ બજાવતા જુનિયર સહિત બે આરોપી સામે ફરિયાદ પક્ષ કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતા નિર્દોષ છોડી મુક્યા હતા. આ કેસની વિગત એવી છે કે, પોલીસ કર્મચારી ?ચીમન ચૌધરીનુ રાંદેર ખાતે સોસાયટીમાં એક મકાન આવેલું હતું. આ મકાનનો પહેલો માળ બનાવવાનો કોન્ટ્રાક્ટ નરેન્દ્ર પીલાજી વાનખેડેને આપ્યો હતો. આ બાંધકામ ચાલતુ હતુ, ત્યારે રાંદેર ઝોનના જુનીયર ઈજનેર પૃથ્વીરાજ ચૌહાણ અહી આવ્યા હતા અને કહ્યુ હતુ કે, પ્લાન પાસ થાય પછી જ કામ કરવુ પડશે''. ત્યારબાદ તેઓ જતા રહ્યા હતા. પછી ફરીથી આવ્યા હતા. "પ્લાન પાસ કર્યા વિના કામ ચાલુ રાખવુ હોય તો રૂા.૧૫,૦૦૦ વ્યવહારના અપવા પડશે, રકઝકના અંતે રૂ.૧૦,૦૦૦ નક્કી થયા હતા. આ રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય તેઓએ એ.સી.બી.માં ફરીયાદ કરી હતી. એસીબીના છટકામા પુથ્વીરાજ ચૌહાણ વતી પાલિકાના આર્કિટેક્ટ નિલેશ પાલનપુરીયા લાંચ સ્વીકારતા પકડાઈ ગયો હતો. એસીબીએ પૃથ્વીરાજ ચોહાણ અને નિલેશ

અનુસંધાન પાના ૭ પર

## લિંબાયતમાં થયેલી હત્યા કેસમાં એક આરોપીને શંકાનો લાભ મળ્યો

### હાલ અન્ય બાળ કિશોરો સામે જુવેનાઈલ કોર્ટમાં ન્યાયિક પ્રક્રિયા ચાલુ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

લિંબાયત ખાતે સામાન્ય બાબતમાં બે સગીર છોકરાઓ સાથે મળી બે યુવકો ઉપર હુમલો કરી એકને મોતને ઘાટ ઉતારવાના કેસમાં પૂરતા અને સંતોષકારક પુરવાના અભાવે એક આરોપીને કોર્ટે શંકાનો લાભ આપી છોડી મુક્યો હતો. જ્યારે સગીરો સામે જુવેનાઈલ કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી ચાલુ છે. બચાવ પક્ષના વકીલ પી.ટી.રાણાએ દલીલો કરી હતી.

લિંબાયત પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ લિંબાયત રંગીલાનગ શાકભાજી માર્કેટ પાસેથી પસાર થતા રવિસીંગ રાજપુત તેની માસી સાથે જઈ રહ્યો હતો. તે વખતે અજય ઉર્ફે અજ્યા પરમેશ્વર મહાજન બે કિશોરો સાથે ઉભો હતો. ત્યારે રવિસીગનો હાથ એક કિશોરને અડી ગયો હતો. ત્યારે કિશોરે રવિસીંગ સાથે બબાલ કરી હતી. ત્યારબાદ અજય મહાજને બંને કિશોરો સાથે મળી રવિસીગને ઢીકમુક્કીનો મારમાર્યો હતો. તદુપરાંત એક કિશોરે ચપ્પુથી રવિસીગ ઉપર હુમલો કર્યો હતો. જો કે સદનસીબે તે બચી ગયો હતો. રવિસીંગ ઉપર જ્યારે હુમલો કર્યો તે જ દિવસે અજય અને બંને કિશોરોએ એકબીજાની મદદગારીથી કપીલ સંતોષ કોળી નામના યુવક ઉપર પણ ચપ્પુથી જીવલેણ હુમલો કરી તેની હત્યા કરી નાંખી હતી. આ ત્રણેયે એક જ ?દિવસે અલગ-અલગ જગ્યાએ બે જણા ઉપર હુમલો કર્યો હતો. જેમાં રવિસીગ બચી ગયો હતો. અને કપીલ કોળી મોતને ઘાટ ઉતર્યો હતો. લિંબાયત પોલીસે હત્યા સહિતનો ગુનો નોંધ્યો હતો. આરોપી અજય સામેની ઈન્સાફી કાર્યવાહી સુરત સેશન્સ કોર્ટમાં ચાલી હતી. આરોપી તરફ વકીલ પી.ટી.રાણાએ દલીલો કરી હતી. આ કેસમાં ફરિયાદ પક્ષના તમામ મુખ્ય

અનુસંધાન પાના ૭ પર

## મુંબઈમાં મરાઠી વિવાદ મુદ્દે આજે કોંગ્રેસ સુરત કલેક્ટરને મળશે

### મરાઠી ભાષા બોલવા માટે અન્ય રાજ્યોના વતનીને ફરજ પાડનારા સામે વિરોધ નોંધાવશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૮

મહારાષ્ટ્રમાં વસવાટ કરતા ગુજરાતી સહિત અન્ય પરપ્રાંતીય લોકોને મરાઠી ભાષા બોલવા માટે મજબુર કરવામાં આવી રહ્યા હોવાના અનેક વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહ્યા છે ત્યારે આ મામલો ધીરે ધીરે રાજકીય રંગ પકડી રહ્યો હોય તેમ નેતાઓના નિવેદનો પણ સામે આવી રહ્યા છે. દરમિયાન ભાષાવાદને લઈ ચાલતા આ વિવાદ મુદ્દે સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તેમજ અન્ય ભાષાભાષી વિભાગ સુરત શહેર કોંગ્રેસ દ્વારા આજે બપોરે કલેક્ટરને આવેદન પત્ર પાઠવવામાં આવશે. મહામહિમ રાષ્ટ્રપતિને સંબોધીને નિર્દોષ નાગરીકોને હેરાનગતિ થતી અટકે તે માટે કલેક્ટર મારફતે આવેદન પત્ર આપવામાં આવશે.

મુંબઈ સહિત મહારાષ્ટ્રના અન્ય શહેરોમાં મરાઠી ભાષા બોલવા માટે અન્ય પ્રાંતના લોકો ઉપર દબાણ કરવામાં આવી રહ્યું હોવાના વિડીયો સોશિયલ મિડીયામાં ફરી રહ્યા છે. જેને લઈને લોકોમાં ભયપણ જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રના મુંબઈ સહિત અલગ-અલગ શહેરમાં વસવાટ કરતા ગુજરાત સહિત અન્ય રાજ્યોનાં લોકો કે જેને મરાઠી ભાષા ન આવડતી હોય તેને કેટલાક રાજકીય કટ્ટરવાદી પક્ષો દ્વારા હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

**મૂળ સેવાપોથી ખોવાયેલ છે**

જીવનભારતી મંડળ સંચાલિત, શ્રી આર. ડી. ઘાએલ જીવનભારતી હાઈસ્કુલ શાળાના શિક્ષકશ્રી કિશોરભાઈ ટી. પટેલની મૂળ સેવાપોથી ખોવાયેલ છે. જે કોઈને મળી આવે તો શ્રી આર. ડી. ઘાએલ જીવનભારતી હાઈસ્કુલ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરતના સરનામે પહોંચાડવા વિનંતી છે.

સંપર્ક :6351847447